




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. આદર્શોન્મુખી વ્યક્તિત્વ | ૧ | ૮ જિજ્ઞાસાનું સમાધાન આ રીતે થયું | ૧૯ |
| ૨. ઉત્તમ પુસ્તકો જીવંત દેવતા છે તેમની નિયમિત ઉપાસના કરીએ | ૨ | ૯. આસક્તિથી નિવૃત્તિ કેવી રીતે થાય | ૨૨ |
| ૩. જ્ઞાનયોગની સાધના | ૪ | ૧૦ એક સદ્‌ગૃહસ્થ-સદ્‌ગુરુ | ૨૬ |
| ૪. જ્ઞાનનો પ્રકાશ ઘેર ઘેર પહોંચાડવામાં આવે | ૮ | ૧૧ યુગઋષિની પ્રેરણા અને આપણાં ક્રિયાકલાપ | ૩૦ |
| ૫. જ્ઞાનયજ્ઞ અને તેની મહાન સંભાવનાઓ | ૧૦ | ૧૨ ગાયત્રી સાધનાથી અનેક પ્રયોજનોની સિદ્ધિ | ૩૪ |
| ૬. સ્થાયી પરિવર્તન જ્ઞાનયજ્ઞથી જ સંભવ | ૧૨ | ૧૩ અવતારની આંધી વાતાવરણને પલટાવી નાંખે છે. | ૩૬ |
| ૭ સમૂહસાધનાથી પોતાનું તેમજ બીજાઓનું પણ કલ્યાણ | ૧૬ | ૧૪ આત્મીય અનુરોધ | ૪૪ |


**મહાપૂર્ણાહુતિનું ત્રીજું ચરણ રાષ્ટ્ર જાગરણ તીર્થયાત્રા રૂપે શરૂ થઈ ગયું,જે સઘન તીર્થયાત્રા ગાયત્રી જયંતી સુધી ચાલશે. યાત્રા સાથે જ્ઞાનયજ્ઞ, નારી જાગરણ, દુર્વ્યસન છોડાવવા અને સદ્‌વાક્ય લેખન પણ થાય એવી શુભેચ્છાઓ.**

### આરાધનાનું તત્કાળ ફળ

દીનાનાથ ગોર-મહારાજ દયાળુ સ્વભાવના હતા. સાચી ભક્તિભાવને લીધે ભોળાશંકરની તેમના પર અમિદૃષ્ટિ હતી. ગામમાં સારા-નરસા પ્રસંગે કર્મકાંડ-સંસ્કાર, કિર્તન-ભજન કરીને જે કાંઈ મળતું, તેમાં સંતોષ માનીને ત્રેવડ અને કરકસરથી ગુજરાન ચલાવતા હતા. પણ સંસારના ભૌતિકવાદને માણવાની આકાંક્ષા મનોમન રહેતી. જે તેમને કદીયે શકય નહોતી લાગતી.

નિત્ય પૂજા-પાઠ કરીને, શંકર ભોળાનાથને નમ્ર વિનંતિ કરતા કે, મુંબઈની મોહમયી અલબેલી નગરીમાં આવેલી, અંબરનાથની ગુફા, ધારાપુરીની ગુફાઓ, અને બાબુલનાથની ટેકરી ઉપર બિરાજેલા શંકરજીનાં દર્શન કરીને પાવન થવાય. ભોળાનાથે એક દિવસ તેમની પ્રાર્થના સાંભળી અને ગામના નગર શેઠના પુત્રના લગ્ન પ્રસંગે ગોર મહારાજને નોતરૂં મળ્યું અને તેઓ ધન્ય થયા, કે મોડે મોડે ભોળાનાથે મુંબઈ બતાવ્યું ખરૂં.

મુંબઈમાં લગ્નની ધામધૂમ મહાલીને ચોપાટીના દરિયાકિનારાને બાબુલનાથની ટેકરી ઉપરથી, વાલકેશ્વરના બાણગંગા તળાવને, હેંગિંગ-ગાર્ડન પરથી વિભોર ભાવે સ્મરણ કરતા નિહાળી રહ્યા હતા ત્યારે ભોળાનાથનો પાઠ માનીને એક છેલ્લી વિનંતી ભરી પ્રાર્થના કરીને મનોમન કારમાં બેસવાની, ઈચ્છા કરી. ત્યાં તો, સડસડાટ કરતી "રોલ્સરોય" કાર તીવ્ર ગતિથી તેમના પગોને છૂંદતી આગળ વધી ગઈ કે, તરત જ બ્રેક મારીને, એક પારસી બાનુએ તેમની જ કારમાં બેસાડીને હોસ્પીટલમાં લઈ ગયા. ત્યારે વિચાર્યું કે, ભોળાનાથ ખરેખર દયાળુ છે,"મારી અરજી તત્કાળ સાંભળીને, પગના ભોગે પણ કારમાં મોજ માણવાની ઈચ્છા પણ હોસ્પીટલ જતાં જતાં પૂર્ણ કરાવી દીધી. એટલે કે ભાવના મુજબ, ભાગ્ય સાચી આરાધનાથી ફળે છે, તે વાત સાવ સાચી છે. ભગવાન ઉપર ભરોસો રાખવાથી મનભાવતું સુખ અવશ્ય મળે છે."



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક/સંરક્ષક :

વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદૃષ્ટા

પં. શ્રીરામ શર્મા આચાર્ય

અને

માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :

પં. લીલાપત શર્મા

સહ સંપાદક :

ઘનશ્યામ પટેલ

: કાર્યાલય :

ગાયત્રી તપોભૂમિ,

મથુરા - ૨૮૧ ૦૦૩

: ટેલિફોન :

(૦૫૬૫) ૪૦૪૦૦૦, ૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા

આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા

વિદેશનું લવાજમ

વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડૉલર/

૪૦૦ રૂપિયા

આજીવન : ૧૦૦ પાઉન્ડ /

૧૫૦ ડૉલર / ૪૫૦૦ રૂપિયા

વર્ષ - ૩૧ અંક - ૩

પ્રકાશન તારીખ ૨૫-૨-૨૦૦૦

માર્ચ - ૨૦૦૦

## આદર્શોન્મુખી વ્યક્તિત્વ

સૃષ્ટિની વહેતી જીવનધારામાં અનંત લોકો જન્મે છે, જીવે છે અને વહી જાય છે. પરંતુ આ અંતહીન ઇતિહાસનાં પૃષ્ઠો પર કેટલાંક એવાં વ્યક્તિત્વો પણ છે જેમના જીવનની શાહી ક્યારેય ધૂંધળી પડતી નથી. તેઓ સદા ચમકતાં રહે છે અને વર્તમાન કરતાં વધુ આવતીકાલ માટે પોતાનો ઉજ્જવળ પ્રકાશ સદૈવ વિખેરતાં રહેશે. કાળનો પ્રચંડ પ્રવાહ જેમને પ્રવાહમાં ઘસડી ન શક્યો, જેમનાં વીસ-ત્રીસ વર્ષોને હજારો વર્ષો પણ અદૃશ્ય કે ધૂંધળાં બનાવી ન શક્યાં એ વ્યક્તિઓની આદર્શોને વરેલી આસ્થાનું જ આ સુફળ છે.

વ્યષ્ટિમાં સમષ્ટિ છે. સમષ્ટિની એકાગ્રતાની અનુભૂતિ વ્યક્તિની અંતઃચેતનામાં થાય છે. આ અનુભૂતિમાં જીવનારને એ સમજ સહજ હોય છે કે ભેગું કરવા કરતાં ત્યાગ કરવાનું મૂલ્ય છે. બાળવા કરતાં બળવાનું મૂલ્ય છે. શાસક કરતાં અકિંચનનું મૂલ્ય છે. આ મૂલ્યો આજે પણ છે, ભૂતકાળમાં પણ હતાં અને ભવિષ્યમાં પણ રહેશે. જેમણે મૂલ્યોનું આસ્થાપૂર્વક આચરણ કર્યું તેઓ ઇતિહાસપુરુષ બની ગયા. જેમણે ફક્ત મૂલ્યો પર પ્રવચનો કર્યાં પણ આચરણ કર્યું નથી તેઓ ઇતિહાસના ઊંડાણમાં સમાઈ ગયા.

જોકે ભેગું કરવાનું સરળ નથી, બાળવામાં સાહસની જરૂર છે, શાસક બનવા માટે ખૂબ જ ચતુરાઈની જરૂર છે, પરંતુ જેમનામાં સાહસ છે, ચાતુર્ય છે, ક્ષમતા છે છતાં જેઓ ભેગું કરતા નથી, બાળતા નથી, રાજ્ય કરતા નથી તેમનામાં મૂલ્યોનો વિશ્વાસ પ્રકાશિત થાય છે. જેમનામાં ક્ષમતા અને સાહસ જ નથી, તેમનામાં મૂલ્યોનો પ્રકાશ ક્યાંથી અને કેવી રીતે પ્રદીપ્ત થશે ! એમનામાં નપુંસકતાનો અંધકાર છવાયેલો રહે છે.

મારનાર વીર હોઈ શકે છે, પરંતુ ન મારનાર મહાવીર હોય છે. હૃદયમાં દૃઢ અહિંસા સાથે બધાં પ્રાણીઓ પ્રત્યે સજલ કરુણા હોય, મરનાર તથા મારનાર બન્નેમાં સમાન પ્રાણ-અદ્વૈતનો ભાવ હોય તો જ એની સાર્થકતા છે. પરંતુ મનમાં ભય હોય, પોતાના પ્રાણોનો મોહ તથા કાયરતા છવાઈ હોય ત્યારે તેને અહિંસાનું નામ આપવું તે આદર્શને પતનોન્મુખી બનાવવા જેવું છે.

ઉચ્ચ આદર્શોને ગ્રહણ કરી મનના કમજોર ભાવોને છુપાવવા તથા સંતુષ્ટ કરવા માટે તેમને નીચા કરવામાં ન આવે તે અત્યંત આવશ્યક છે. દરેક ક્ષેત્રનાં કેટલાંક શાશ્વત મૂલ્યો છે. પોતાની મહત્ત્વાકાંક્ષા તથા સ્વાર્થની ક્ષુદ્રતામાં એ મૂલ્યોનું અવમૂલ્યન કરવું ન જોઈએ. મૂલ્યોના અવમૂલ્યનને ઇતિહાસ ક્યારેય ક્ષમા કરતો નથી. ઇતિહાસપુરુષ બનવાનું ગૌરવ તો સાચા, સાર્થક તથા શાશ્વત મૂલ્યોના હિમાલયના સર્વોચ્ચ શિખર પર ચઢવાથી જ પ્રાપ્ત થાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ઉત્તમ પુસ્તકો જીવંત દેવતા છે, તેમની નિયમિત ઉપાસના કરીએ

જ્ઞાનની વૃદ્ધિ માટે, જ્ઞાનની ઉપાસના માટે પુસ્તકોનું અધ્યયન એક મહત્ત્વપૂર્ણ આધાર છે. માનવજાત દ્વારા સંચિત સમગ્ર જ્ઞાન પુસ્તકોમાં સંચિત છે. ખાસ કરીને જ્યારથી લખવાનો અને છાપવાનો પ્રચાર થયો ત્યારથી મનુષ્ય દ્વારા ઉપલબ્ધ જ્ઞાન લિપિબદ્ધ કરીને સંગ્રહ થવા લાગ્યું. તેથી ઉત્તમ પુસ્તકોનું અધ્યયન કરવું તે વ્યક્તિ માટે ખૂબ જ આવશ્યક હોય છે. સારાં પુસ્તકો એક વિકસિત મગજનો 'ગ્રાફ' હોય છે. મિલ્ટને કહ્યું છે **"સારું પુસ્તક એક મહાન આત્માનું જીવનરક્ત છે"** કેમ કે એમાં જીવનનો સાર સમાયેલો હોય છે. વ્યક્તિ મરી જાય છે, પરંતુ ગ્રંથોમાં તેમના આત્માનો નિવાસ હોય છે. ગ્રંથ સજીવ હોય છે. તેથી કહેવામાં આવ્યું છે કે "ગ્રંથોમાં આત્મા હોય છે. સદ્‌ગ્રંથોનો ક્યારેય નાશ થતો નથી."

વિકાસશીલ જીવન માટે પુસ્તકો પાસે હોવાં જરૂરી છે, અનિવાર્ય છે કેમ કે પુસ્તકોમાં જ જીવનનું માર્ગદર્શન અને દિશાસૂચન મળે છે. જેમ સમુદ્રમાં ચાલતાં જહાજોને માર્ગ બતાવનાર દીવાદાંડી હોય છે તેમ હકીકતમાં સંસારના ભીષણ સાગરમાં ડૂબતા-ઊતરતા મનુષ્યો માટે પુસ્તકો પ્રકાશસ્તંભ જેવા સહાયક બને છે.

સિસરોએ કહ્યું છે, "ગ્રંથરહિત ઓરડો આત્મારહિત દેહસમાન છે." તાત્પર્ય એ છે કે ઉત્તમ પુસ્તકો ન હોવાથી મનુષ્ય જ્ઞાનથી વંચિત રહી જાય છે અને જ્ઞાનરહિત જીવન મડદાની જેમ વ્યર્થ હોય છે. જે વ્યક્તિ દિવસરાત સારાં પુસ્તકોનો સંપર્ક પ્રાપ્ત કરે છે એમનામાં માનવીય ચેતના જ્ઞાનપ્રકાશથી દીપ્ત થઈને ઝગમગી ઊઠે છે. જ્ઞાનનો અભાવ પણ એક જાતનું મૃત્યુ છે.

ઉત્તમ પુસ્તકોમાં ઉત્તમ વિચાર હોય છે. જ્યાં ઉત્તમ વિચાર, ઉદાત્ત ભાવનાઓ, ભવ્ય કલ્પનાઓ છે ત્યાં જ સ્વર્ગ છે. લોકમાન્ય ટિળકે કહ્યું છે, "હું નરકમાં પણ ઉત્તમ પુસ્તકોનું સ્વાગત કરીશ, કેમ કે એમનામાં એવી શક્તિ છે કે એ જ્યાં રહેશે ત્યાં આપોઆપ સ્વર્ગ બની જશે." સ્વર્ગનું દૃશ્ય અસ્તિત્વ ક્યાંય નથી. મનુષ્યની ઉત્કૃષ્ટ મનઃસ્થિતિ કે જે ઉત્તમ વિચારોનું ફળ છે, ત્યાં જ સ્વર્ગ છે. ઉત્તમ પુસ્તકોનું સાંનિધ્ય મનુષ્યની બુદ્ધિને જ્યાં પણ મળે છે, ત્યાં જ એને સ્વર્ગીય અનુભૂતિ થવા લાગે છે.

સાચા અને નિસ્વાર્થી આત્મીય મિત્રો મળવા મુશ્કેલ છે. આપણામાંથી ઘણાંને આ બાબતે નિરાશ જ થવું પડે છે, પરંતુ સારાં પુસ્તકો સહજતાથી આપણાં સાચાં મિત્ર બની જાય છે. તેઓ આપણને યોગ્ય રસ્તો બતાવે છે. જીવનપથ પર આગળ વધવામાં આપણને સાથ આપે છે. મહાત્મા ગાંધીએ કહ્યું છે, **"સારાં પુસ્તકો પાસે હોવાથી આપણને સારા મિત્રોની ખોટ સાલતી નથી, પરંતુ હું પુસ્તકોનું જેટલું અધ્યયન કરું છું તેટલાં જ એ મને ઉપયોગી મિત્ર જણાય છે."** વિચારસંગ્રામમાં પુસ્તકો જ મનુષ્ય માટે પ્રભાવશાળી શસ્ત્ર સિદ્ધ થાય છે. એક વ્યક્તિનું જ્ઞાન સીમિત અને એકાકી હોઈ શકે છે, પરંતુ ઉત્તમ પુસ્તકોના સ્વાધ્યાયથી મનુષ્ય પોતાનું સાચું સમાધાન શોધી શકે છે.

મનને એકાગ્ર અને સંયમિત કરવાનું સૌથી સરળ સાધન પુસ્તકો છે. અધ્યયન કરતા રહી મનુષ્ય જીવનમાં સમાધિ-અવસ્થાને પ્રાપ્ત કરી શકે છે. એક વખત લોકમાન્ય ટિળકનું ઑપરેશન થવાનું હતું તે માટે એમને ક્લોરોફોર્મ સુંઘાડીને બેહોશ કરવાના હતા, પરંતુ તેમ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરવા માટે એમણે ડૉક્ટરોને મનાઈ કરી દીધી અને કહ્યું, 'મને એક ગીતાનું પુસ્તક આપી દો, હું પુસ્તક વાંચતો રહીશ અને તમે ઑપરેશન કરી લો.' પુસ્તક લાવવામાં આવ્યું. લોકમાન્ય તેને વાંચવામાં એવા તલ્લીન થયા કે ડૉક્ટરોએ ઑપરેશન કર્યું ત્યાં સુધી તેઓ હલ્યા પણ નહીં અને કોઈ દુઃખનો અનુભવ પણ ન કર્યો. પુસ્તકોના અધ્યયનમાં એવી તલ્લીનતા પ્રાપ્ત થઈ જાય છે જે લાંબી યોગસાધનાઓથી પણ પ્રાપ્ત થતી નથી.

મનોવિકારોથી પરેશાન, દુઃખી અને ચિંતિત મનુષ્ય માટે તેના દુઃખદર્દના સમયે ઉત્તમ પુસ્તકો અમૃત છે. જેમનું સાંનિધ્ય પ્રાપ્ત કરી તે પોતાનાં દુઃખદર્દો, કલેશ બધું જ ભૂલી જાય છે. સારાં પુસ્તકો મનુષ્યને ધૈર્ય, શાંતિ અને સાંત્વના પ્રદાન કરે છે. કોઈએ કહ્યું છે – 'સરસ પુસ્તકોથી રોગથી પીડાતી વ્યક્તિને ખૂબ શાંતિ મળે છે. જેમ પ્રેમાળ માતા પ્રેમથી થાબડીને બાળકોને સુવાડી દે છે, તેવી જ રીતે મન કે શરીરની પીડાને શાંત કરવા માટે ઉત્તમ પુસ્તકોનું અવલંબન લેવું સુખદાયક હોય છે.'

ઉત્તમ પુસ્તકો અને આદર્શ ગ્રંથો બહુ મોટી સંપત્તિ છે. પોતાનાં સંતાનો માટે વારસામાં છોડવા માટે સંસારમાં સૌથી મૂલ્યવાન વસ્તુ છે. ઉત્તમ પ્રકારના ગ્રંથોનું અધ્યયન કરીને મનુષ્ય ઋષિ, દેવતા, મહાત્મા કે મહાપુરુષ બની શકે છે. જે પરિવારોમાં પેઢીઓથી જ્ઞાનાર્જનનો ક્રમ ચાલે છે. એમનામાંથી અવશ્ય પંડિત, જ્ઞાની અને વિદ્વાન નીકળી આવે છે. જ્યાં ઉત્તમ પુસ્તકો હોય છે ત્યાં જાણે દેવતા નિવાસ કરે છે. **એ સ્થાન મંદિર છે જ્યાં પુસ્તકોના રૂપમાં મૂક પરંતુ જ્ઞાનના ચેતનાયુક્ત દેવતા નિવાસ કરે છે.**

જીવનનાં વિભિન્ન અંગો પર પ્રકાશ પાડતા વિવિધ વિષયોના ઉત્તમ ગ્રંથ ખરીદવા માટે ખર્ચના બજેટમાં સગવડ મુજબ જરૂરી રકમ ફાળવવી જોઈએ. કપડાં, ભોજન અને મકાનની જેમ જ આપણે પુસ્તકો માટે પણ જરૂરી ખર્ચની જેમ ધ્યાન રાખવું જોઈએ. એ યાદ રાખો કે જેમ અંધકારયુક્ત ભયજનક જંગલમાં ઉજાસ માટે ખર્ચવામાં આવતું ધન વ્યર્થ જતું નથી તેમ ઉત્તમ પુસ્તકો માટે ખર્ચવામાં આવતા પૈસા પણ વ્યર્થ જતા નથી.

પુસ્તકો ખંડને સજાવવા માટે કે પ્રદર્શન કરવા માટે ખરીદવામાં ન આવે પરંતુ તેમનું નિયમિત અધ્યયન પણ જીવનના અન્ય કાર્યક્રમોની જેમ જ જરૂરી બનાવી લેવું જોઈએ. એમના દ્વારા વધુ ને વધુ લોકોને જ્ઞાન મળે અને અધ્યયનની પ્રેરણા મળે તેવી સુવિધા કરતા રહેવું જોઈએ. પુસ્તકોની ઉપયોગિતા તેના અધ્યયનથી જ છે, નહિ તો તેઓ કીડાઓનું ભોજન બનવા સિવાય કોઈ કામનાં રહેતાં નથી.

પુસ્તકો જીવંત દેવતા છે. અધ્યયન, મનન અને ચિંતન દ્વારા તેમની પૂજા કરવાથી તત્કાળ વરદાન મેળવી શકાય છે. આપણે નિયમિતપણે સદ્ગ્રંથોનું અવલોકન કરવું જોઈએ. ઉત્તમ પુસ્તકોના સ્વાધ્યાયને જીવનનું આવશ્યક કર્તવ્ય બનાવી લેવું જોઈએ.

**કેટલીક વ્યક્તિઓ અમને એવો પ્રશ્ન કરે છે કે અમે શું કરીએ? હું એવા લોકોમાંથી પ્રત્યેકને કહું છું કે એવું ક્યારેય ન પૂછશો, પરંતુ એવું પૂછો કે અમે શું બનીએ? જો આપ કંઈ બની શકતા હો તો તે કંઈક કરી શકવા કરતાં વધારે કીમતી છે. પછી આપ જે કંઈ કરી રહ્યા હશો તો બધું ઉચિત જ થઈ રહ્યું હશે. આપ બીબું બનવાનો પ્રયત્ન કરો. જો આપ બીબું બની શકશો તો ભીની માટી જે તમારા સંપર્કમાં આવશે તે આપ જેવા આકારની બની જશે. જેવી રીતભાતનો ઉપયોગ કરશો એવા જ પ્રકારનાં રમકડાં ચીજવસ્તુઓ બનવા લાગશે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જ્ઞાનયોગની સાધના

જીવનની સમસ્ત વિકૃતિઓ, અનુભવ થનારાં સુખદુઃખ, મુશ્કેલીઓ, અશાંતિ વગેરેનું મૂળ કારણ મોટેભાગે મનુષ્યનું પોતાનું અજ્ઞાન જ હોય છે. એ જ મનુષ્યનો પરમ શત્રુ છે. ચાણક્યએ કહ્યું – "મનુષ્યનો અજ્ઞાન જેવો બીજો કોઈ શત્રુ નથી." હિતોપદેશમાં આવે છે –

**આરભન્તેઽલ્પમેવાજ્ઞા કામં વ્યગ્રા ભવન્તિ ચ ।**

"અજ્ઞાની લોકો કામ થોડુંક શરૂ કરે છે, પરંતુ વ્યાકુળ ઘણા થાય છે." શેક્સપિયરે લખ્યું છે – "અજ્ઞાન જ અંધકાર છે." પ્રસિદ્ધ દાર્શનિક પ્લેટોએ કહ્યું – "અજ્ઞાની રહેવા કરતાં જન્મ ન લેવો તે સારું છે, કેમ કે અજ્ઞાન સમસ્ત વિપત્તિઓનું મૂળ છે."

આ રીતે અજ્ઞાન જીવનનો સૌથી મોટો અભિશાપ છે. એ જ જીવનની બધી વિકૃતિઓ અને કુરૂપતાનું કારણ છે. કુરૂપતાનો સંબંધ જેટલો અજ્ઞાન અને અવિદ્યાથી ઉત્પન્ન થતી બૂરાઈઓ સાથે છે તેટલો મનુષ્યની શારીરિક બનાવટ સાથે નથી. બધી વિકૃતિઓ, બૂરાઈઓ અને શારીરિક તથા માનસિક અસ્વસ્થતાનું કારણ અજ્ઞાન અને અવિદ્યા જ છે. સુખસગવડતાભર્યું જીવન ગુજારવાનાં પર્યાપ્ત સાધન ઉપલબ્ધ હોય ત્યારે કેટલાય લોકો અજ્ઞાન અને અવિદ્યાને કારણે સંતપ્ત, ઉદ્વિગ્ન અને અશાંત જોવા મળે છે. આથી વિપરીત જ્ઞાન અને વિદ્યાના ધની સંત, મહાત્મા અને ઋષિપ્રકૃત્તિના લોકો સામાન્ય સગવડોમાં તથા અભાવો વચ્ચે પણ સુખ, શાંતિ અને સંતોષનું જીવન વિતાવી લે છે. જીવનના સહજ આનંદને પ્રાપ્ત કરે છે.

વિદ્યાપ્રાપ્તિ અને અજ્ઞાનનું નિવારણ જીવનની એક મહત્ત્વપૂર્ણ જરૂરિયાત છે. જ્ઞાન સંસારનું સૌથી ઉત્કૃષ્ટ અને પવિત્ર તત્ત્વ છે.

**ન હિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે ।**

"આ સંસારમાં જ્ઞાન સમાન બીજું કશું જ પવિત્ર નથી." **(ગીતા)**

"જ્ઞાન બહુમૂલ્ય રત્નોથી પણ વધુ મૂલ્યવાન છે."

જ્ઞાન જ જીવનનો સાર છે, જ્ઞાન આત્માનો પ્રકાશ છે જે સદા એકરસ અને બંધનોથી મુક્ત રહેનારું છે. સર ડબલ્યૂ ટેમ્પિલે લખ્યું છે – "જ્ઞાન જ મનુષ્યનો પરમ મિત્ર છે અને અજ્ઞાન જ તેનો પરમ શત્રુ છે." બેંકરે કહ્યું છે – "જ્ઞાન જ શક્તિ છે."

આ રીતે જ્ઞાન જીવનનું સર્વોપરી તત્ત્વ છે. જ્ઞાનધન જીવનનું બહુમૂલ્ય ધન છે. બધા પ્રકારની ભૌતિક સંપદાઓ સમય જતાં નષ્ટ થઈ જાય છે, પરંતુ જ્ઞાનધન દરેક સ્થિતિમાં મનુષ્ય પાસે રહે છે અને દિવસે દિવસે વિકાસને પ્રાપ્ત કરે છે. જ્ઞાન એ અમોઘ શક્તિ છે. જેની સમક્ષ બધી શક્તિઓ પ્રભાવહીન થઈ જાય છે. જ્ઞાન જીવનનું પ્રકાશબિંદુ છે, જે મનુષ્યને બધાં દ્વંદ્વો, મુશ્કેલીઓ અને અંધકારોમાંથી બહાર કાઢીને શાશ્વત પથ પર અગ્રેસર કરે છે.

શુભાશુભ કર્મોથી ઉત્પન્ન થતાં હર્ષ, શોક, વિક્ષોભ, પ્રસન્નતા અને માનસિક અસંતુલન મનુષ્યના મન અને શરીરમાં તીવ્ર પ્રતિક્રિયા પેદા કરે છે. હર્ષ પ્રત્યેની આસક્તિ અને શોકથી ઉત્પન્ન થતી દુઃખની અનુભૂતિ બન્ને માનવમનને મોહિત કરી તેને વિવેકશૂન્ય બનાવી દે છે તથા એના પરિણામે થાય છે ખોટાં કાર્યો, ખોટી વિદ્યા અને તેનું પરિણામ દુઃખ, દ્વંદ્વ, ક્લેશ, શોક વગેરેમાં જ થાય છે, પરંતુ જ્ઞાનનો પ્રકાશ મનુષ્યને આ બન્ને પ્રપંચોમાંથી મુક્ત કરી આત્મસ્થિર, નિસ્પૃહ અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મુક્ત બનાવી દે છે. આ જ તથ્યની પુષ્ટિ કરતાં ગીતાકારે લખ્યું છે –

**યથૈધાંસિ સમિદ્ધોઽગ્નિર્ભસ્મસાત્કુરુતેર્જુન ।**
**જ્ઞાનાગ્નિ સર્વ કર્માણિ ભસ્મસાત્કુરુતે તથાઃ ॥**

"હે અર્જુન ! જેવી રીતે પ્રજ્વલિત અગ્નિ ઇંધનને ભસ્મ કરી દે છે તેવી જ રીતે જ્ઞાનરૂપી અગ્નિ સંપૂર્ણ શુભાશુભ કર્મો બાળીને નષ્ટ કરી દે છે. જ્ઞાની કર્મમાં લિપ્ત અને આસક્ત થતો નથી, પરંતુ તટસ્થ, નિસ્પૃહ અને નિષ્કામ ભાવથી પોતાનાં કાર્યો કરતો રહે છે, તેથી એ કર્મબંધનોથી મુક્ત થઈ જાય છે."

જ્ઞાન મનુષ્યના ચરિત્ર અને વ્યવહારિક જીવનને ઉત્કૃષ્ટ બનાવે છે. જ્ઞાની શુભ કર્મ તથા શુભ આચરણ કરીને પોતાના આંતરિક અને બાહ્ય જીવનને પવિત્ર તથા ઉત્કૃષ્ટ બનાવી દે છે. મહર્ષિ વ્યાસે લખ્યું છે – "જ્ઞાન જીવનના સત્યનું દર્શન જ કરાવતું નથી પણ તે મનુષ્યને બોલવાનું તથા વ્યવહાર કરવાનું શીખવે છે." સંત વિનોબા ભાવેએ કહ્યું છે – "મનુષ્ય જ્ઞાનમાં જેટલો ઊતરતો જાય છે તેટલો જ એ કર્મના રંગમાં રંગાય છે. જ્ઞાની પોતાનાં કર્મો વધુ ઉત્કૃષ્ટતા સાથે કરી શકે છે, ફક્ત અજ્ઞાની જ તે કરી શકતો નથી." કર્મને પોષણ આપનાર જ્ઞાન જ હકીકતમાં સાચું જ્ઞાન છે. જે જ્ઞાન કર્મત્યાગ કે અકર્મણ્યતા તરફ પ્રેરિત કરે તે જ્ઞાન નહીં અજ્ઞાન અને અવિદ્યા જ છે.

જ્ઞાનનું ધ્યેય સત્ય છે અને સત્ય જ આત્માનું લક્ષ્ય છે. જ્ઞાન મનુષ્યને સત્યનાં દર્શન કરાવે છે. "બહુનાં જન્મનાંમન્તે જ્ઞાનવાન્ મામ્ પ્રપદ્યતે." એટલે કે ઘણા જન્મોના અંતે જ્ઞાની જ મને પ્રાપ્ત કરે છે.

(ગીતા)

સ્વર્ગ અને નરક મનુષ્યના જ્ઞાન અને અજ્ઞાનનું પરિણામ છે. જ્ઞાની મનુષ્ય માટે આ સંસાર સ્વર્ગ છે. તે જ્યાં પણ રહે છે ત્યાં સ્વર્ગીય વાતાવરણનું સર્જન કરી લે છે તો અજ્ઞાનીને ડગલે ને પગલે પોતાનાં દુષ્કર્મો અને કુવિચારોને કારણે નારકીય યંત્રણાઓનો સામનો કરવો પડે છે. તેથી અજ્ઞાનમાંથી નીકળીને જ્ઞાનના પ્રકાશને પ્રાપ્ત કરવાની પ્રેરણા આપતાં ભગવાને કહ્યું છે –

**આરોહ તમસો જ્યોતિઃ ।**

અજ્ઞાનના અંધકારમાંથી નીકળીને જ્ઞાનના પ્રકાશ તરફ વધો.

**કે તું કૃણ્વન્ન કેતવે પેશોમર્યા આપેશસે ।**
**સમુષદ્ભિરભજાયથાઃ ॥**

**"હે મનુષ્યો ! અજ્ઞાનીઓને જ્ઞાન આપતા રહી, કુરૂપને રૂપ આપતા રહી વિદ્યા વગેરેથી પ્રકાશિત લોકો સાથે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરો."** આ શબ્દોમાં માનવજીવનના એક મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ પર પ્રકાશ પાડતાં બતાવ્યું છે કે જીવનમાં અજ્ઞાનને હટાવીને જ્ઞાનની સ્થાપના કરવામાં આવે અને પોતે મેળવેલા જ્ઞાનથી જેમનું જીવન અજ્ઞાનની વિનાશિકાઓથી કુરૂપ થઈ ગયું છે અને જેઓ સદૈવ પોતાને દુઃખી, પીડિત અને અસહાય અનુભવતા હોય છે, તેમને સહાય કરવામાં આવે.

જ્ઞાનની સાધના કરવી અને તે અનુસાર આચરણ કરવું, પોતે મેળવેલા જ્ઞાનથી બીજાઓનું માર્ગદર્શન કરવું તેને જ્ઞાનયજ્ઞ કહેવામાં આવ્યો છે.

જેને સર્વોત્કૃષ્ટ બતાવતાં ગીતાકારે લખ્યું છે –

**શ્રેયાન્દ્રવ્યમયાદ્યજ્ઞાદ્ જ્ઞાન યજ્ઞઃ પરંતપઃ ।**
**સર્વ કર્માખિલં પાર્થ જ્ઞાને પરિસમાપ્યતે ॥**

**"હે પરંતપ ! દ્રવ્યયજ્ઞથી જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે, કેમ કે જેટલાં પણ કર્મો છે તે બધાં જ્ઞાનમાં જ સમાપ્ત થાય છે. જ્ઞાનદાન સૌથી ઉત્કૃષ્ટ પુણ્ય છે, શુભ કાર્ય છે."** પદાર્થ, ધન કે સામગ્રીથી અમુક હદ સુધી જ કોઈને સહાયતા કરી શકાય છે અને લેનાર તેનો દુરુપયોગ કરીને પોતાનું નુકસાન પણ કરી શકે છે, પરંતુ જ્ઞાનદાન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મનુષ્યનું સ્થાયીરૂપે ભલું કરે છે, તેને જીવન જીવવામાં મદદરૂપ બનાવે છે. તેથી જ્ઞાનીને સૌથી વૃદ્ધ માનવામાં આવ્યો છે, પછી એ ગમે તે ઉંમરનો કેમ ન હોય ?

શાસ્ત્રકારો અને બુદ્ધિશાળીઓએ જે જ્ઞાન અને શિક્ષણના સંચય તથા પ્રચારની જરૂરિયાત પર ભાર આપ્યો છે તે આ સ્કૂલનું શિક્ષણ નથી. એને તો લૌકિક જીવનને સમૃદ્ધ બનાવવાની દૃષ્ટિએ તો પ્રાપ્ત કરવું જ જોઈએ અને લોકો એનીમેળે કરતા જ રહે છે. એનાથી લૌકિક જરૂરિયાતોના જ એક અંશ જેટલી પૂર્તિ થઈ શકે છે, પરંતુ પોતાના આત્માનું કલ્યાણ, આત્મસંતોષ પ્રાપ્ત કરવા બીજાઓને અજ્ઞાનના અંધકારમાંથી છોડાવીને સદાચાર અને શાંતિના માર્ગ પર ચાલવાની શક્તિ જે જ્ઞાનમાં છે તે લૌકિક નથી, આધ્યાત્મિક જ્ઞાન છે.

આત્માની અમરતાનું, પરમાત્માની ન્યાયશીલતાનું અને માનવજીવનનાં કર્તવ્યોની જેના દ્વારા જાણકારી થતી હોય અને જેથી કુવિચારો અને દુષ્કર્મો પ્રત્યે ઘૃણા તથા સન્માર્ગ પર ચાલવાની પ્રેરણા મળતી હોય, એ જ જ્ઞાન છે. આ શિક્ષણ ઋષિઓએ ધર્મગ્રંથોના અક્ષય ભંડારોમાં પર્યાપ્ત માત્રામાં ભરીને તેમણે વારસારૂપે આપણાં માટે મૂક્યું છે. આ ધર્મજ્ઞાનનો વધુમાં વધુ પ્રસાર કરવો તે પ્રત્યેક જ્ઞાનીનું કર્તવ્ય છે. જે આવું નથી કરી શકતા તેઓ જ્ઞાનપ્રસાર સાહિત્યને લોકો સુધી પહોંચાડીને તથા બીજી રીતે સહયોગ આપીને સહાયતા કરી શકે છે.

મનુષ્યમાં મૂળભૂત રીતે અનેક મહત્ત્વપૂર્ણ શક્તિઓ મોજૂદ છે. તેનો સદુપયોગ કરી ખરાબ પરિસ્થિતિની વ્યક્તિ પણ નિરંતર પ્રગતિ કરવાની સુવિધાઓ ભેગી કરી શકે છે અને મોટામાં મોટી બાધાઓને પાર કરી ઉન્નતિના ઉચ્ચ શિખર પર પહોંચી શકે છે, પરંતુ જ્યારે એ જ્ઞાનનું મહત્ત્વ સમજે અને તેની પ્રાપ્તિ માટે સતત પ્રયત્નશીલ રહે ત્યારે જ એ શક્ય છે. શીખવામાં જેમને રુચિ ન થાય કે જેમને પ્રશિક્ષણનાં સાધનો ન મળે તેમને માટે પોતાની આંતરિક ક્ષમતાઓને ઓળખવી મુશ્કેલ છે, તો એમનું જાગરણ, વિકાસ અને પરિષ્કાર કેવી રીતે થઈ શકશે ? તેથી બુદ્ધિશાળીઓએ એ વાત પર વધુ ભાર મૂક્યો છે કે માનવતાને સાર્થક બનાવનાર જ્ઞાનની સાધનામાં સતત સંલગ્ન રહેવામાં આવે. એક દિવસ પણ એવો ન વીતે કે જેમાં જ્ઞાનની આરાધના ન કરવામાં આવી હોય.

લોઢું એક સાધારણ પદાર્થ છે, પરંતુ જ્યારે તેનો સ્પર્શ પારસમણિ સાથે થઈ જાય છે તો તેને સોનાના રૂપમાં બદલાતાં વાર નથી લાગતી. મનુષ્ય પણ એક સામાન્ય તથા દુર્બળ કાયા ધરાવતું નગણ્ય પશુ માત્ર છે, પરંતુ તેને જ્યારે જ્ઞાનનો લાભ થાય છે ત્યારે તે પોતાની માનસિક ક્ષમતાનો પૂરો લાભ ઉઠાવી શકે છે અને જે માટે તેને આ સુરદુર્લભ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તે માર્ગ પર ચાલી શકે છે.

સ્વાધ્યાય અને સત્સંગ માનવજીવનના આકાશમાં સૂર્ય અને ચંદ્રની જેમ ચમકતાં બે ઉજ્જ્વળ પ્રકાશકેન્દ્ર છે. જ્યાં એમનું અસ્તિત્વ ન હોય ત્યાં ચિરસ્થાયી અંધકાર છવાયેલો રહેશે. અતરાત્મામાં વિકાસની અનેક સંભાવનાઓ મોજૂદ છે, પરંતુ તે ત્યારે જ અંકુરિત અને પલ્લવિત થાય છે જ્યારે તેમને ઉપયુક્ત સાધક મળે. બીજમાં વૃક્ષ બનવાની સંભાવના ચોક્કસપણે મોજૂદ છે, પરંતુ તેને જ્યારે ખાતર-પાણીની જરૂરિયાતની યોગ્ય માત્રામાં પૂર્તિ થતી રહે ત્યારે જ તેને મૂર્ત્ત રૂપ મળી શકશે. તેના અભાવમાં સશક્ત બીજ પણ અંકુરિત થઈ શકશે નહિ. વ્યક્તિમાં બીજની જેમ જ ઈશ્વરે આપેલી સુસંભાવનાઓ વિદ્યમાન છે, પરંતુ તેમનો વિકાસ સત્સંગ અને સ્વાધ્યાયના આધારે જ થાય છે.

દર્પણ સામે જે કોઈ વસ્તુ આવે છે તેની તેવી જ છાયા દેખાવા લાગે છે. કપડાંને જેવા રંગમાં રંગવામાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવે તેવું જ એ બની જાય છે. બધાં બાળકો જન્મતાંની સાથે સમાન મનોભૂમિ લઈને આવે છે, પરંતુ તેમને પોતાના પરિવાર તથા વાતાવરણમાં જે કંઈ શીખવા મળે છે, એમાં જ તેઓ ઢળવા લાગે છે. માનવબાળ ભાષા, સ્વભાવ, સંસ્કાર, આહાર, અભ્યાસ, દષ્ટિકોણ વગેરેનું નિર્માણ આદિ પોતાના નિકટના વાતાવરણમાંથી જ ગ્રહણ કરે છે. સજ્જન માતાથી જન્મેલા બાળકનું પાલનપોષણ જો કુસંસ્કારી વાતાવરણમાં થાય તો કુસંસ્કારી જ બનશે. એ જ રીતે નિમ્ન સ્તરના ઘરમાં જન્મેલું બાળક જો સુસંસ્કારી લોકો દ્વારા પાળવામાં આવે તો તે સુસંસ્કૃત હોય તે નિશ્ચિત છે.

હનુમાનમાં ઘણું બળ હતું, પરંતુ જ્ઞાનના અભાવે તેઓ સમુદ્ર લાંઘવા તૈયાર થતા નહોતા. જાંબુવંતે એમને આત્મબોધ કરાવ્યો તો તેઓ ખુશીથી તૈયાર થઈ ગયા અને સહજ રીતે એ કાર્ય પૂર્ણ કરવામાં પણ સફળ થઈ ગયા. હનુમાનની એ સફળતામાં જાંબુવંતનું ઉદ્‌બોધન અત્યંત મહત્ત્વપૂર્ણ સિદ્ધ થાય છે. જો જાંબુવંત જેવો સલાહકાર ન રહ્યો હોત તો તે અનેક શંકાઓ વ્યક્ત કરીને હનુમાનના મનોબળને વધુ નબળું બનાવી શક્યો હોત, એવી સ્થિતિમાં તેમને માટે સમુદ્ર ઓળંગવાની વાત તો વિચારવાનું પણ કઠિન બની જાત. સંગતિનું મહત્ત્વ અન્ય જીવો માટે ભલે ન હોય, માનવજાતિ માટે તો એ જ સૌથી મોટો પ્રશ્ન છે. સુસંગિત અને કુસંગિતને તેના જીવનમરણ તથા ઉત્થાન અને પતનની સમસ્યા કહી શકાય છે.

જીવનના ઉત્કર્ષ માટે જે સદ્‌જ્ઞાનની આવશ્યકતા છે તે સત્સંગમાં પ્રાપ્ત થાય છે અને ઉપર્યુક્ત સત્સંગ માટે આજે સૌથી સરળ અને સૌથી પ્રભાવશાળી ઉપાય એ છે કે સ્વાધ્યાયના માધ્યમથી સતત સત્પુરુષોનું સાંનિધ્ય પ્રાપ્ત કરતા રહેવામાં આવે. આ કાર્ય શ્રેષ્ઠ સાહિત્ય દ્વારા જ સંભવી શકે છે. સદ્‌ગ્રંથોમાં મહાપુરુષોનાં જીવનચરિત્ર ખુલ્લાં પૃષ્ઠોની જેમ સર્વસામાન્ય માટે ઉપલબ્ધ છે, પરંતુ પૂછપરછ કરવાથી જે વાતો જાણી શકાય છે તે એ જીવનચરિત્રોમાં સહજ રીતે લખેલી મળી જાય છે. ઉપરાંત જે મહાપુરુષોનાં પ્રવચન જે વિષય પર સાંભળવાં હોય, જે શંકાનું સમાધાન તેમની પાસેથી પ્રાપ્ત કરવું હોય, તે માટે તેમનું સાહિત્ય વાંચી લેવું જોઈએ. આ રીતે દરેક વખતે દરેક વિષય પર આપણને મહાપુરુષના સત્સંગનો લાભ ઘેરબેઠાં મળી શકે છે.

આવું સત્સાહિત્ય માનવજીવનના વિકાસનું સર્વશ્રેષ્ઠ માધ્યમ બની શકે છે, જે તેને જિંદગી જીવવાની કળા શીખવી શકે. ગુણ, કર્મ અને સ્વભાવનો પરિષ્કાર કરતા રહી સુવિકસિત અને સુસંસ્કૃત બનાવવાની પ્રેરણાને સંજીવની ઔષધિ કહી શકાય છે. આ જ અમરતા પ્રદાન કરનાર અમૃત છે. એને જ કાયાકલ્પ કરનાર પારસ કહી શકાય છે અને એનાથી જ સાચી તૃપ્તિ અને શાશ્વત શાંતિ પ્રાપ્ત થવાથી તેને કલ્પવૃક્ષ પણ કહી શકાય છે. જેની સત્સાહિત્યમાં અભિરુચિ પેદા થઈ ગઈ અને જે જીવનનિર્માણના સદ્‌જ્ઞાનને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવા લાગી ગયો તેનું કલ્યાણ અતિ નિકટ છે, એમ સમજવું જોઈએ.

*આજે મનુષ્યને જીવતાં ક્યાં આવડે છે ? જીવવું તે પણ એક કળા છે. દરેક માણસ ખાય છે, પીવે છે, ઊંઘે છે અને છેલ્લે મોતના કૂવામાં દફનાઈ જાય છે, પરંતુ જીવવાનું નથી જાણતો. જીવવું એ તો ખૂબ જ શાનદાર ચીજ છે. તેને સંજીવની વિદ્યા અર્થાત્ જીવન જીવવાની કળા કહે છે.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જ્ઞાનનો પ્રકાશ ઘેર ઘેર પહોંચાડવામાં આવે

મનુષ્યની મહાનતા અને નિકૃષ્ટતા તેની મનઃસ્થિતિ પર આધારિત છે. જેના વિચાર હલકા, સ્વાર્થી અને સંકુચિત છે તેની ગતિવિધિઓ નિમ્ન સ્તરની હશે. પરિણામે તેનો સ્તર નરપશુઓ તથા નરપિશાચો જેવો બની જશે. એથી વિપરીત જેના વિચાર ઉચ્ચ, ઉત્કૃષ્ટ અને ઉદાત્ત છે, સદ્‌ભાવના અને સજ્જનતાના આદર્શો જે મગજમાં ઠસી ગયા છે તેના બધા ક્રિયાકલાપોમાં નમ્રતાની મહાનતા જ જોવા મળશે. તેનું દરેક કાર્ય એવું હશે કે જેથી બીજાઓને સુખ મળે. તે પોતે એ કર્તવ્યથી સંતુષ્ટ રહી શકે. આવા લોકો આજીવન પોતાને માટે આનંદ પેદા કરે છે અને બીજાઓ માટે ઉલ્લાસ વહેંચતા જ જોવા મળે છે.

વિચારોની શક્તિ અમાપ છે. એમ પણ કહી શકાય છે કે મનુષ્યની કાયામાં જે વિભૂતિઓ તથા વિશેષતાઓ દેખાય છે તે તેના વિચારોનું જ પરિણામ કે પરિપાક છે. જેની પાસે આદર્શવાદી વિચારોનો અભાવ હશે એ સુખસગવડોથી લદાયેલો હોવા છતાં પશુ જેવું જ જીવશે, કીડામકોડા જેવી ગતિવિધિઓ અપનાવશે અને સાપ-વીંછીઓ જેવો વિક્ષોભ પેદા કરશે. પ્રગતિ કે અધોગતિનો આધાર પણ વ્યક્તિના વિચાર જ છે. વિચાર જ પ્રૌઢ અને પરિપક્વ થઈને ગુણ, કર્મ, સ્વભાવ તથા સંસ્કારના રૂપમાં પરિણત થાય છે. એ જ સંસ્કાર કહેવાય છે અને ચરિત્રના રૂપમાં પરિણમે છે. મનુષ્ય જેવો પણ હોય, હકીકતમાં પોતાના વિચારોની પ્રતિક્રિયા કે પ્રતિધ્વનિ માત્ર છે. જીવનનો પ્રેરણાસ્રોત શોધવામાં આવે તો એ વ્યક્તિના વિચારપ્રવાહમાં જ સમાયેલો જોવા મળશે.

વ્યક્તિનો ઉત્કર્ષ કરવાનો હોય કે સમાજનું ઉત્થાન, બન્ને પ્રયોજનો માટે સૌ પ્રથમ આદર્શવાદી, ઉત્કૃષ્ટ તથા વિવેકસંમત પરિષ્કૃત વિચારણાને લોકોના મનમાં સ્થાપિત કરવાની જરૂર છે. તે વિના એક ડગલું પણ ગાડી આગળ વધવાની નથી. કાર્યક્રમ ભલે એકથી એક ચઢિયાતા પ્રસ્તુત કરવામાં આવે, યોજનાઓ ભલે ગમે તેવી ઉત્તમ કેમ ન બનાવવામાં આવે, ઓછા મગજના અને ઓછી વ્યક્તિઓના હાથોમાં પહોંચતાં પહોંચતાં તેનું સત્યાનાશ થઈ જશે. આજકાલ પ્રગતિની વિવિધ ચેષ્ટાઓ કરવામાં આવી રહી છે, છતાં એમાંથી એક પણ લાભદાયક થઈ ન શકી. કારણ સ્પષ્ટ છે – ઓછા વિચારો ધરાવતી વ્યક્તિ બધું પોતાની રીતે જ વિચારશે અને તેવું જ કરશે. પરિણામે રેતીમાંથી તેલ કાઢવાની જેમ પરિણામ શૂન્ય જ હાથમાં આવશે. અવિવેકી અને તુચ્છ આધાર પર વિચારતા મનુષ્યો સંસારમાં ક્યારેય કોઈ મહત્ત્વપૂર્ણ કાર્ય કરી શકવામાં સમર્થ થયા નથી.

તેથી, જરૂરિયાત એ વાતની છે કે પોતાના દુર્બળ રાષ્ટ્રને સમર્થ અને સુસંપન્ન બનાવવા માટે સામાન્ય લોકોની મનોભૂમિમાં વિવેકશીલતા અને આદર્શવાદિતાની ખેતી કરવામાં આવે તો આશાભરેલી ઉમંગ ઉત્પન્ન કરનારી લીલોતરી પેદા થશે. હજાર વર્ષની ગુલામીથી જકડાયેલા રહેવાથી આપણા વિચારો દરેક દિશામાં ખૂબ જ પછાત છે. સભ્ય દેશોમાં સર્વત્ર જોવા મળતી **નાગરિક કર્તવ્યનિષ્ઠાની** પણ આપણે ત્યાં હજી શરૂઆત થઈ નથી. રૂઢિઓ અને અંધવિશ્વાસોને કારણે જે પારાવાર નુકસાન ભોગવવું પડી રહ્યું છે તે તરફ કોઈનું પણ ધ્યાન ગયું નથી. વ્યક્તિગત સદ્‌ગુણ કઈ રીતે કોઈ મનુષ્યને સુખી, સમૃદ્ધ અને સમર્થ બનાવે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે તેની ચર્ચા પણ સાંભળવા મળતી નથી. **સામાજિકતા તથા સામૂહિકતા પ્રત્યે નિષ્ઠા ઉત્પન્ન કર્યા વિના કોઈ રાષ્ટ્ર બળવાન બની શકતું નથી,** એ તથ્યને આપણામાંથી કેટલા લોકો અનુભવે છે. વિચારોનું આ પછાતપણું જ આપણી અધોગતિ માટે જવાબદાર છે. એણે જ આપણને હજાર વર્ષ સુધી ગુલામ રાખ્યા અને એ અવરોધે જ સ્વતંત્રતાપ્રાપ્તિ પછી આટલો લાંબો સમય વીતવા છતાં આપણી પ્રગતિમાં ડગલે ને પગલે અવરોધ પેદા કર્યો છે.

આપણે વાસ્તવિકતા સમજવી જોઈએ અને લોકોના માનસમાં વિવેકશીલતા તથા ઉત્કૃષ્ટ આદર્શવાદનું બીજારોપણ કરવા માટે પ્રબળ પ્રયત્ન કરવાની જરૂરિયાતનો અનુભવ કરવો જોઈએ. રાજનૈતિક ક્રાંતિ બાદ આજે સૌથી મોટી અને સૌથી પહેલી જરૂરિયાત વિચારક્રાંતિની છે. તે વિના પ્રગતિના બધા પ્રયત્નો દિવાસ્વપ્ન માત્ર બનીને રહી જશે.

એ પ્રયોજનની પૂર્તિ માટે'યુગ નિર્માણ યોજનાએ એક અતિ સુવ્યવસ્થિત કાર્યપદ્ધતિ અપનાવીને 'જ્ઞાનયજ્ઞ' નામનું વિચારક્રાંતિનું અભિનવ આંદોલન શરૂ કર્યું છે. એ આજના સમયની સૌથી મહત્ત્વપૂર્ણ જરૂરિયાત હતી, જેને પૂરી કરવા માટે પહેલેથી સુસંગઠિત અભિયાન ચાલે છે અને થોડા સમયમાં જ ધાર્યા કરતાં વધુ સફળતા પ્રાપ્ત કરી છે. વ્યક્તિગત સમસ્યાઓમાંથી લગભગ દરેક પર પ્રકાશ પાડતું અને સામાજિક તથા રાજનૈતિક સમસ્યાઓનું દૂરદર્શિતાપૂર્ણ સમાધાન આપતું પ્રભાવશાળી અને સાર્થક સાહિત્ય આ પ્રયાસ અંતર્ગત લખવામાં આવ્યું છે. તેનાથી લાખો નહિ કરોડો વ્યક્તિઓનો ઉત્કર્ષ થયો છે અને પાઠકોના વિચારો તેમજ કાર્યપદ્ધતિમાં ક્રાંતિકારી પરિવર્તન પ્રસ્તુત કરવામાં આવ્યું છે. સંગઠનનાં બે માસિકો 'અખંડ જ્યોતિ' અને 'યુગ શક્તિ ગાયત્રી' જાદુ જેવું કાર્ય કરી રહ્યાં છે અને લાગે છે કે આપણો આ પ્રયાસ લોકમાનસના નવનિર્માણની જરૂરિયાતને આશ્ચર્યજનક રીતે પૂર્ણ કરવામાં સમર્થ થશે.

જ્ઞાનયજ્ઞની આ પુણ્યપ્રક્રિયાને વ્યાપક બનાવવામાં દરેક બુદ્ધિશાળી દેશભક્તનો પૂરેપૂરો સહયોગ મળે એની આવશ્યકતા છે. આ પ્રેરણાપ્રવાહને લોકો સુધી પહોંચાડવા માટે જરૂરી છે કે પચાસ પૈસા અને એક કલાક સમય દરરોજ આપવાની ઉદારતા વર્તવામાં આવે. માસિકો તથા સાહિત્યને પોતાના ઘર, પાડોશ, સંબંધ તથા સંપર્કક્ષેત્રમાં વંચાવવા અને સંભળાવવાનું અભિયાન ચલાવવા માટે દરરોજ એક કલાકનો સમય ખર્ચ કરી શકાય. આ સાહિત્ય અશિક્ષિતોને સંભળાવવા અને ભણેલાઓને વંચાવવામાં જો નિયમિતપણે એક કલાક આપવામાં આવે તો એટલા માત્રથી એક વર્ષમાં એક વ્યક્તિ સો કરતાં વધુ લોકોને આ વિચારધારાથી પરિચિત તથા પ્રભાવિત કરી શકે છે. આપણા દેશમાં મોટાં મોટાં પુસ્તકાલયો છે, પરંતુ કાર્ય કરવામાં સક્ષમ નથી, કેમ કે પહેલું કાર્ય લોકરુચિ જગાડવાનું છે. ભણેલાગણેલા લોકોને પણ મનોરંજક અને ઓછું સાહિત્ય પસંદ છે, તેથી વ્યક્તિ અને સમાજના નવનિર્માણની પ્રેરણા આપતા સાહિત્યની વિચારધારામાં અભિરુચિ પેદા કરવાનું કાર્ય પહેલું છે. લોકોનો સંપર્ક સાધીને તેમને વ્યક્તિગતરૂપે પ્રેરિત તથા પ્રભાવિત કરવાથી અને યુગ નિર્માણ યોજના અંતર્ગત પ્રસ્તુત સુવ્યવસ્થિત વિચારધારા તેમના સુધી પહોંચાડવાથી જ એ પ્રયોજન પૂરું થઈ શકે છે. ઝોલા પુસ્તકાલય આ પ્રયોજનની પૂર્તિ માટે જ છે. દરેક બુદ્ધિશાળી દેશભક્તનો સહયોગ આ પ્રયોજનમાં મળવા લાગે તો વ્યક્તિ અને સમાજના સંપર્કની મોટાભાગની જરૂરિયાત આપણે સહજતાથી પૂરી કરી શકીએ છીએ અને ધરતી પર સ્વર્ગના અવતરણના સ્વપ્નને સાકાર થતું જોઈ શકીએ છીએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જ્ઞાનયજ્ઞ અને તેની મહાન સંભાવનાઓ

યુગ નિર્માણની પ્રખર વિચારધારા જેમને નિયમિતપણે વાંચવા-સાંભળવા મળશે તેઓ એનાથી પ્રભાવિત થયા વિના રહેશે નહિ, એમાં શંકાને કોઈ સ્થાન નથી. એમાં ઘણું જીવન, ઘણો પ્રાણ, ઘણું તથ્ય, ઘણો પ્રકાશ અને ઘણી પ્રેરણા ભરેલી છે. જે મનઃસ્થિતિમાં આ બધું લખવામાં આવે છે તે એટલી નીચલી કક્ષાનું નથી કે વાંચનાર કે સાંભળનાર એને ઉપેક્ષાપૂર્વક ટાળી દે અને કોઈ પ્રભાવ ગ્રહણ ન કરે. આજ સુધીનો નિષ્કર્ષ એ જ છે કે યુગનિર્માણમાં જેને રસ આવ્યો તે એ જ રંગમાં રંગાઈ ગયો. ભાવનાપૂર્વક લોકસંપર્ક કરવો અને વારંવાર આ સાહિત્ય આપવા તથા પાછું લેવાનો પ્રભાવ સરળ લાગે છે. આ વ્યક્તિગત સૌજન્યને પણ લોકો ભુલાવી શકતા નથી. **સાહિત્યની પ્રખરતા અને પ્રચારકની સજ્જનતા બન્ને મળીને એટલો પ્રભાવ પાડે છે કે વાંચનાર આકર્ષિત થયા વિના રહી શકતો નથી.** પરાણે જવું અને પસ્તીની જેમ કોઈ પાસે પુસ્તક ફેંકીને ચાલ્યા આવવાની વાત જુદી છે, તેની ઉપેક્ષા પણ થઈ શકે છે, પરંતુ સાચી લગન અને ઊંડી આસ્થા નિષ્ફળ જવાનો કોઈ પ્રશ્ન જ ઊઠતો નથી. એક કલાકનો સમય જ્ઞાનયજ્ઞ માટે નિયમિતરૂપે આપતા રહેવાનું પરિણામ એટલું તો થાય જ છે કે એક વર્ષમાં દસ વ્યક્તિઓ એવી તૈયાર થઈ જાય જે એ સાહિત્ય અને કાર્યપદ્ધતિમાં પોતાના જેવો જ રસ લેવા લાગે. એક બીજ જ્યારે હજારો બીજ ઉત્પન્ન કરી શકે છે તો એક ઉદ્યમશીલ વ્યક્તિ પોતાના જેવી દસ નવી વ્યક્તિઓ તૈયાર ન કરી શકે એવું કાંઈ નથી.

એક વેશ્યા તેના જીવનમાં હજારો દુરાચારીઓ તૈયાર કરી દે છે. એક દારૂની દુકાનવાળો ઘણા નવા દારૂડિયાઓ ઉત્પન્ન કરી લે છે. જુગારીઓના સંપર્કમાં કેટલાય નવા લોકો જુગારી બની જાય છે. ખરાબ વાતો જ્યારે આટલી ફેલાઈ શકે છે તો સારી વાતો ફેલાવવામાં અસફળતા કેમ મળશે ? સવાલ ફક્ત ઉત્સાહનો છે. માણસ પોતે જે રંગમાં રંગાયેલો હોય છે એમાં બીજાઓને પણ રંગી લે છે. હા, પોતે જ રંગાયેલો ન હોય તો જુદી વાત છે. અચ્છાઈમાં બૂરાઈ કરતાં હજારગણી વધુ શક્તિ હોય છે, તેથી અચ્છાઈને બૂરાઈ કરતાં સફળતા પણ હજારગણી વધુ મળવી જોઈએ અને મળે પણ છે. ન મળતી હોત તો બુદ્ધ, ગાંધી, મહાવીર, નાનક, વિવેકાનંદ, ટિળક, માલવીય, દયાનંદ વગેરેને તેમના જેવા જ અસંખ્ય સાથીઓ-અનુયાયીઓ ક્યાંથી મળી ગયા ? આજથી સિત્તેર વર્ષ પહેલાં જ્યારે ચાનું નામ પણ લોકો જાણતા નહોતા, પ્રચાર કરનારાઓએ ઘેર ઘેર જઈને મફત ચા પીવડાવી અને એક-એક પૈસામાં પૅકેટો વેચ્યાં. એ પુરુષાર્થભર્યા પ્રચારનું જ ફળ છે કે આજે નાનકડા ગામડામાં શેરીએ શેરીએ અને દરેક જગ્યાએ ચાની દુકાન મળશે તથા દરેક વ્યક્તિને ચાની જરૂર લાગતી હશે. આ જ સ્તરે જો વિચારક્રાંતિની ચિનગારીઓ ફેલાવવામાં આવે તો કોઈ કારણ નથી કે તેની જ્વાળાઓ દશે દિશાઓમાં પ્રગટતી જોવા ન મળે.

પ્રજાતંત્રનું પ્રતિપાદન કરનાર રુસો, સામ્યવાદનો આવિષ્કાર કરનાર કાર્લમાર્ક્સ અને સર્વોદયની ઘોષણા કરનાર ગાંધી પછી યુગનિર્માણની વિચારધારા અને કાર્યપદ્ધતિ જ છે. તેને દરેક કસોટી પર અને દરેક સ્તરે કસી શકાય છે અને આજની પરિસ્થિતિઓમાં તેને સર્વોત્તમ કહી શકાય છે. એવી પ્રખર વિચારધારા તથા યોજનાને સાંભળવા-સમજવા અને અપનાવવામાં જો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આજનો બુદ્ધિજીવી સમાજ રસ લેવા લાગે તો એમાં કોઈ આશ્ચર્યની વાત નથી. આશ્ચર્ય માત્ર એટલું જ છે કે પોતાના સમયની વ્યક્તિઓ અને પ્રયાસોને લોકો ઉપહાસ તથા ઉપેક્ષાની દૃષ્ટિથી જુએ છે, પરંતુ પાછળથી જ્યારે એમની સર્વત્ર પ્રશંસા કરવામાં આવે છે અને અપનાવવામાં આવે છે ત્યારે ચેતી જાય છે. લોકોમાં જો આ દુર્બળતા ન હોત તો દરેક વાતને લોકો એની મેળે સહજતાથી સ્વીકારી લેત અને ચાહી હોત, પરંતુ જ્યારે કોઈ વાત પોતાની વિશેષતાઓને કારણે સફળતાની નજીક પહોંચે ત્યારે જ તેનું મહત્ત્વ સ્વીકારવા દે એ દુર્ભાગ્યને શું કહેવું ?

પ્રાચીનકાળથી માંડીને અર્વાચીનકાળ સુધીના તમામ બુદ્ધિશાળીઓ અને શાસ્ત્રોનાં પ્રતિપાદનોનો નિષ્કર્ષ પ્રસ્તુત કરવામાં યુગ નિર્માણ યોજનાના સસ્તા સાહિત્યની તુલનામાં બીજું કોઈ સફળ થયું નથી. આટલી સસ્તી, આટલી સરળ અને આટલી પ્રખર વિચારધારા જે આજની પરિસ્થિતિઓમાં બંધબેસતી હોય અને બુદ્ધિવાદની કસોટી પર સો ટકા સાચી ઠરતી હોય, તેવું બીજે મળવું મુશ્કેલ છે. નાનકડું અને સસ્તું હોવાથી જ તેનું મહત્ત્વ ઓછું થઈ જતું નથી. આ પ્રતિપાદન એટલું અનૂઠું છે કે આજે લોકો ભલે તેનું મહત્ત્વ ન સમજે, પરંતુ ભવિષ્યમાં તેની સર્વત્ર પ્રશંસા કરવામાં આવશે અને એમ કહેવાશે કે નવયુગના સર્જનમાં આ સાહિત્યની ભૂમિકા એવી રહી, જેને અનુપમ સિવાય બીજું કશું કહી શકાશે નહિ.

જમીન, પૈસો, સોનું, ચાંદી, સંપત્તિ, ધંધો વગેરેને જ લોકો સંપદા માની બેઠા છે. અસલ સંપદા તો જ્ઞાનની મૂડી છે જે સારાં પુસ્તકાલયોના રૂપમાં સંગ્રહિત કરી શકાય છે. એના પ્રકાશ અને પ્રભાવમાં પોતાને, પોતાના પરિવારને અને સગાંસંબંધીઓને ચિરકાળ સુધી એવો પ્રકાશ મળી શકે છે જે નરક જેવી પરિસ્થિતિઓને બદલીને સ્વર્ગ જેવી સુખશાંતિ સુધી પહોંચાડી શકવામાં પૂર્ણપણે સમર્થ છે. ઘરેલૂ પુસ્તકાલય એવી જ સ્થાપના છે, જે દરેક વિચારશીલ વ્યક્તિના ઘરમાં એક અનિવાર્ય જરૂરિયાતની જેમ રહેવું જોઈએ. એમાં કોઈએ કંજૂસાઈ કરવી ન જોઈએ. ભોજન અને કપડાંમાં કાપ મૂકવો પડે તો પણ આ જ્ઞાનસંપદાનો, આત્મિક આહારનો સંગ્રહ અવશ્ય કરવો જોઈએ.

પુસ્તકાલયોનો ક્રમ ઘણા દિવસોથી ચાલી રહ્યો છે. પરિવાર તથા સંબંધ સંપર્કના લોકોને આ સાહિત્ય વાંચવા આપવા અને પાછાં લેવાનો તથા અશિક્ષિતોને સંભળાવવાનો જે ક્રમ ચાલે છે તેને ઝોલા પુસ્તકાલયની સંજ્ઞા આપવામાં આવે છે. હકીકતમાં મોટાં પુસ્તકાલયો ખોલવા કરતાં આ નાની વ્યવસ્થા વધુ મહત્ત્વપૂર્ણ છે. મોટાં પુસ્તકાલયોમાં લોકો પોતાની કુરુચિ તૃપ્ત કરનારાં ઉપન્યાસ જ માગે છે અને વાંચે છે. રજિસ્ટર જોવાથી આવા પાઠકોની સંખ્યા પુસ્તકાલયોમાં મળશે. સુરુચિપૂર્ણ સાહિત્ય ત્યાં સડતું રહે છે. સુરુચિ જગાડવાની અને સર્જનાત્મક સાહિત્યમાં રુચિ જગાડવાની જરૂર છે. આપણા દેશમાં હાલ આ પ્રવૃત્તિ એક રીતે મૃતઃપ્રાય બની ગઈ છે. તેને પુનર્જિવન આપવાનું છે. એ માટે એકમાત્ર રસ્તો વ્યક્તિગત સંપર્ક જ છે. ઘણો પ્રયત્ન કરવાથી જ લોકો આમાં રુચિ લેવાનો પ્રારંભ કરશે. પહેલું કામ તો આપણે રુચિ જગાડવાનું જ કરવાનું છે. વાંચવાની તો વાત પછી આવશે. આ પ્રયોજનમાં ઝોલા પુસ્તકાલય ખૂબ જ સફળ થઈ રહ્યાં છે. આ નાનું દેખાતું કાર્ય વિવેકની કસોટી પર એટલું મોટું સિદ્ધ થાય છે કે અન્ય મોટા-મોટા પ્રદર્શનાત્મક તથા આડંબરયુક્ત કર્મકાંડોને એના પર ન્યોછાવર કરી શકાય છે. જ્ઞાનયજ્ઞની સફળતામાં ઝોલા પુસ્તકાલયથી વધુ સારી ભૂમિકા બીજાં કોઈ માધ્યમથી સંપાદિત કરી શકાતી નથી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સ્થાયી પરિવર્તન જ્ઞાનયજ્ઞથી જ સંભવ

એ સૌને ખબર છે કે આ સંસારની સર્વોત્કૃષ્ટ વસ્તુ 'જ્ઞાન' છે. જ્ઞાનની આરાધનાથી જ મનુષ્ય તુચ્છમાંથી મહાન બને છે, બંધનમુક્ત થાય છે. આ જ્ઞાનના અભાવની જે અજ્ઞાનની સ્થિતિ છે એમાં ડૂબેલા રહેવાથી જ મનુષ્ય પતનની, પાપની અને અંધકારની ખાઈમાં પડીને દુર્ગતિને પ્રાપ્ત થાય છે. તેથી શાસ્ત્રોએ અને આપ્તપુરુષોએ સદા એકસ્વરે જ્ઞાનપ્રાપ્તિ માટે સતત પ્રયત્નશીલ રહેવા માટે દરેક વ્યક્તિને આદેશ આપ્યો છે. જેની જ્ઞાનમાં રુચિ નથી, જે વિવેકનું મહત્ત્વ સમજતો નથી, જેને મનન અને ચિંતનમાં અભિરુચિ નથી, જે પ્રસ્તુત સમસ્યાઓ પર વિચાર કરવા ઇચ્છતો નથી તેને એક રીતે પશુ જ કહી શકાય છે, એવા નરપશુઓના વધારાથી ધરતીનો ભાર વધે છે અને ઘણા પ્રકારનાં લોકસંકટ પેદા થાય છે.

**વિચારોની પ્રેરક શક્તિ :** મનુષ્યને કોઈપણ દિશામાં અગ્રેસર કરવાની પ્રેરણા કેવળ વિચારશક્તિ દ્વારા જ મળી શકે છે. પાપયુક્ત વિચાર મનુષ્યને જ્યાં પાપી બનાવે છે ત્યાં પુણ્યના વિચારોથી એ ધર્માત્મા, મહાત્મા તથા પરમાત્મા બની જાય છે. આ હાડમાંસની ભીની માટી જેવા શરીરને કોઈ બીબાંમાં ઢાળવું અને પકાવવું એકમાત્ર વિચારશક્તિ દ્વારા જ સંભવ બને છે. કેટલાક લોકો આપોઆપ પોતાના વિચારોનું નિર્માણ કરે છે. કેટલાક લોકો નજીકના વાતાવરણમાંથી પ્રભાવ ગ્રહણ કરીને પોતાની વિચારધારાની દિશા બનાવે છે. જે પણ હોય, મહત્ત્વ વિચારશક્તિનું છે. શારીરિક દૃષ્ટિએ મનુષ્ય લગભગ સરખા છે, પરંતુ એમની વચ્ચે ધરતી-આકાશ જેવો ફરક દેખાય છે. તેનું કારણ બીજું કોઈ નથી પણ ફક્ત જ્ઞાનનો સ્તર તથા વિચારોનો પ્રવાહ જ છે.

જ્ઞાનની મહાનતા બતાવતાં ઋષિઓએ ઘણી જગ્યાએ એને ઈશ્વરના રૂપમાં જ પ્રતિપાદિત કર્યું છે. ગીતાકારનું કથન છે કે **"આ સંસારમાં જ્ઞાનથી વધુ શ્રેષ્ઠ બીજી કોઈ વસ્તુ નથી."** જ્ઞાનદાનને બ્રહ્મદાન કહે છે. પ્રાચીનકાળમાં બ્રાહ્મણ અને સાધુ સતત જ્ઞાનદાનનું પરમ પુનિત સત્કર્મ કરતા રહેતા હતા, તેથી એમને પૂજ્ય, શ્રદ્ધાપાત્ર અને શ્રેષ્ઠ માનવામાં આવતું હતું. જીવનની સૌથી શ્રેષ્ઠ વસ્તુનું સતત દાન કરનારાઓને સન્માનીય અને શ્રેષ્ઠ કેમ ન મનાય ? લોકસમાજની મનોદશાનું નિર્માણ એમના સત્પ્રયત્નો પર જ તો નિર્ભર હતું. જ્યાં સુધી આ દેશના સાધુ અને બ્રાહ્મણ પોતાનું કર્તવ્યપાલન સારી રીતે કરતા રહ્યા, ત્યાં સુધી આપણે આપણાં ગુણ, કર્મ અને સ્વભાવની શ્રેષ્ઠતાને કારણે વિશ્વનેતા પણ રહ્યા અને વિશાળ ભૌતિક સંપદાઓના અધિપતિ પણ. અને કેમ ન હોય, વિવેક જ આ વિશ્વની સર્વોપરી શક્તિ છે. બુદ્ધિમાનને જ બળવાન કહેવામાં આવે છે. બુદ્ધિહીનનું બળ તો એક ક્ષણિક દેખાવ માત્ર છે.

**ભૌતિક સહાયતાની અલ્પ મર્યાદા :** કોઈ દુઃખી વ્યક્તિની અન્ન, જળ, વસ્ત્ર, ઔષધિ, પૈસા જેવાં સાધનોથી સહાય કરીને થોડા સમય માટે તેનાં દુઃખોને ઓછાં કરી શકાય છે. જ્યારે એ દાનનો પ્રભાવ ખતમ થઈ જશે ત્યારે ફરીથી એ દુઃખ હતાં તેવાં જ બની જશે અને આ પ્રકારની સહાય ફક્ત ધનવાન લોકો જ કરી શકે છે, તેઓ જ કૂવા, વાવ, પરબ, ધર્મશાળા, સદાવ્રત, દવાખાનાં વગેરે ખોલાવી શકે છે. જેમની પાસે ધન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નથી તેઓ ઇચ્છા હોવા છતાં પણ એવાં કાર્યો કરી શકતા નથી. ધનદાનનો હમેશાં સદુપયોગ જ થતો નથી. કેટલીકવાર દુષ્ટ અને અધર્મી લોકો વિપત્તિમાં ફસાયેલા અને ધર્માત્મા હોવાનો ઢોંગ કરીને દાન લઈ જાય છે તથા તેને ખોટા રસ્તે ખર્ચ કરીને આપનારને પણ પાપના ભાગીદાર બનાવે છે. તેથી દાન એક પ્રશંસનીય સત્કર્મ હોવા છતાં પણ એમાં સંપન્નતા અને સદુપયોગની શરત જોડાયેલી છે. આ બે શરતો પૂરી ન થઈ શકે તો ધનદાનની સત્પ્રવૃત્તિ પણ નિષ્ફળ થઈ જાય છે. જો એ સફળ થઈ પણ જાય તો એનાથી એક મર્યાદિત સમય માટે જ કોઈના કષ્ટનું નિવારણ થઈ શકે છે, સદાને માટે નાશ થતો નથી. એનો અર્થ એ નથી કે ધનના દાનની ઉપેક્ષા કરવી જોઈએ. આ લખાણનો એ ઉદ્દેશ નથી. પોતાની પુણ્યકમાણીમાંથી એક ચોક્કસ અંશ દરેક મનુષ્યે નિયમિતરૂપે કાઢતા રહેવું જોઈએ અને તેનો વિવેકપૂર્ણ સત્કાર્યોમાં ઉપયોગ કરવાના ગૃહસ્થધર્મનું તો સદા પાલન કરવું જ જોઈએ.

આ લખાણનું પ્રયોજન એ છે કે જ્ઞાનદાનની પુનિત પ્રક્રિયાને આપણે આ સંસારનો સર્વશ્રેષ્ઠ પરમાર્થ સમજીને તેને સૌથી વધુ મહત્ત્વ આપીએ અને વિચાર તથા વિવેકશીલતાની પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે તેનો પ્રયત્ન કરીએ. દરેક મનુષ્ય જ્ઞાનની મહાનતા અને ઉપયોગિતાને સમજે. આજે જે રીતે શારીરિક આળસ વધી રહી છે, લોકો મહેનત કરવાથી ભાગી રહ્યા છે તે જ રીતે તેઓ જીવનની મહત્ત્વપૂર્ણ સમસ્યાઓ પર ઊંડાણથી વિચાર કરવાનું છોડી દઈ ફક્ત પ્રચલિત પરંપરાઓને આધારે બીજાઓની નકલ કરીને ઘેટાંની ચાલે ચાલતા રહે છે. આ સ્થિતિ જ આજના અનુપયુક્ત વાતાવરણ માટે જવાબદાર છે.

**મનોભૂમિ ઢાળવાનો અગ્નિ :** જેમ લોખંડને કોઈ અન્ય આકૃતિમાં ઢાળવાનું હોય તો તેને ગરમ કરીને નરમ બનાવવું પડે છે ત્યારે એ પહેલાંની આકૃતિ છોડીને કોઈ નવી આકૃતિમાં ઢળે છે. **તેમ મનુષ્યનું અંતઃકરણ જ્ઞાન અને વિવેકની આગમાં જ નરમ બને છે અને ત્યારે જ એ પોતાના પૂર્વપક્ષને છોડી કોઈ સારા માર્ગ પર ચાલવા માટે તૈયાર થાય છે.** પાપ અને બૂરાઈને તો લોકો બીજાઓની દેખાદેખી તથા તેનાથી પ્રાપ્ત થતા તાત્કાલિક લાભોથી પ્રભાવિત થઈને જ અપનાવી લે છે, પરંતુ કુકર્મનો લોભ ત્યાગીને સત્કર્મ તરફ અગ્રેસર થવું, હીન સ્થિતિ છોડીને ઉચ્ચ સ્થિતિ માટે પ્રયત્નશીલ થવું, તે તીવ્ર ભાવના તથા ઉત્કૃષ્ટ પ્રેરણા વિના શક્ય નથી, અને આ કાર્ય જ્ઞાનના અગ્નિ દ્વારા જ સંભવી શકે છે. મશીન, કોલસા, વરાળ, રેલ, ગેસ, વીજળી, અણુ વગેરે અગ્નિશક્તિ દ્વારા ગતિશીલ થાય છે. મનુષ્યરૂપી મશીનને જો ઉત્કર્ષના શ્રેષ્ઠ માર્ગ પર ચલાવવું હોય તો તેને જ્ઞાનની, વિવેકની, શક્તિની અનિવાર્ય જરૂર છે. તે વિના હૃદયની આંખો ખૂલતી નથી અને દૂરદર્શી ભલાઈ કે બૂરાઈ પણ સૂઝતી નથી. ફક્ત જ્ઞાનમાં જ એ શક્તિ રહેલી છે જે વ્યક્તિના અંતઃકરણને પલટાવે અને તેને ખોટા માર્ગથી હટાવીને યોગ્ય માર્ગ પર પ્રવૃત્ત કરે. વિચારોની શક્તિ, ઉપયોગિતા અને આવશ્યકતાને સમજવા તથા સ્વીકારવા માટે સામાન્ય જનતાને જો તત્પર ન કરી શકાય તો યુગ પરિવર્તનનું સ્વપ્ન, પ્રજાતંત્ર યુગમાં નાના દોષો માટે આંખો ફોડવા કે હાથ કાપવા જેવા અમાનવીય દંડ આપવા પણ શક્ય નથી. જો આપવામાં આવે તો પણ તેમનાથી બચી રહેવાનું જેમને માટે શક્ય હશે તેવા દંડશક્તિ રાખનારા લોકો એ કુકર્મો તો કરી જ શકશે. વધુ છુપાઈને પકડમાં ન આવવાની વધુ ચતુરતા તો ત્યારે પણ ચાલશે. એવી સ્થિતિમાં અનીતિનો નાશ તો અમાનવીય દંડવ્યવસ્થામાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પણ થઈ શકશે નહિ. જે દેશોમાં આજે પણ અધિનાયકવાદ છે અને વિરોધ પક્ષને અમાનવીય દંડ આપવાના ક્રમ ચાલી રહ્યા છે ત્યાં પણ દંડનો ઉદ્દેશ ક્યાં સફળ થઈ રહ્યો છે ? એક હદ સુધી દંડની ઉપયોગિતા હોઈ શકે છે, પરંતુ તેનાથી મનુષ્યની પ્રકૃતિ બદલી શકાતી નથી, એ પરિવર્તન તો હૃદય-પરિવર્તનના માર્ગના અવલંબનથી જ થઈ શકે છે. નારદે વાલ્મીકિ અને બુદ્ધે અંગુલિમાલ જેવા ભયંકર ડાકુને જ્ઞાન આપીને જ સંત બનાવ્યા હતા.

**ધર્મસેવાનું સર્વશ્રેષ્ઠ માધ્યમ :** આપણે જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાનું વ્રત લેવું જોઈએ. અનાદિકાળથી આજ સુધી ધર્મસેવાનું આ એક સર્વોપરી માધ્યમ રહ્યું છે. સત્કર્મની પ્રેરણા આપવાથી વધારે બીજું કોઈ પુણ્ય હોઈ પણ ના શકે. આને ગરીબ, અમીર, વિદ્વાન, અવિદ્વાન બધાં પોતાની શક્તિ મુજબ કરી શકે છે. સબળ ભાવનાશાળી વ્યક્તિ પોતાના નજીકના ક્ષેત્રમાં પોતાની ભાવનાઓ, માન્યતાઓ અવશ્ય ફેલાવી શકે છે. એ માની શકાય કે દરેકની પાસે પોતાના ઉત્કૃષ્ટ વિચારો હોઈ ન શકે અને તેનું પોતાનું વ્યક્તિત્વ પણ એટલું પ્રભાવશાળી હોતું નથી કે તેણે આપેલી શીખ લોકો શિરોધાર્ય કરી લે, પરંતુ એટલું તો થઈ જ શકે કે સંદેશવાહકના રૂપમાં ઉત્કૃષ્ટ વિચારોને પોતાના સંપર્કમાં આવતા લોકો સુધી પહોંચાડવામાં આવે. ભોજન બનાવવામાં મુશ્કેલી હોઈ શકે છે, પરંતુ પીરસવામાં શું મુશ્કેલી ? ઘડિયાળ કે મશીન બનાવવાનું મુશ્કેલ હોઈ શકે છે, પરંતુ તેનો ઉપયોગ કરવામાં, બીજાઓને સમય બતાવવામાં કઈ અસુવિધા થશે ? થોડી અભિરુચિ અને પ્રવૃત્તિ આ તરફ વળવી જોઈએ.

**જ્ઞાનયજ્ઞ માટે સમયદાન :** આ કાર્ય માટે થોડો સમય નિયમિત આપતા રહીએ કે જેથી યુગ નિર્માણની વિચારધારા સાંભળવા-સમજવાની સામાન્ય લોકોમાં અભિરુચિ પેદા કરી શકાય તો એટલા માત્રથી પણ ઘણું કામ થઈ શકે છે. આપણામાંથી દરેકનો કોઈ ને કોઈ પરિચય તથા પ્રભાવક્ષેત્ર હોય છે. એમાં જે ભણેલા હોય એમને યુગ નિર્માણ સાહિત્ય વાંચવા આપવા અને ફરી પાછું લેવા માટે એમની પાસે આવવા-જવાનું શરૂ કરવું જોઈએ. પુસ્તકો વહેંચી દેવાથી કે પુસ્તકાલય ખોલી નાખવાથી કોઈ વિશેષ પ્રયોજન સિદ્ધ થઈ શકતું નથી. જ્યાં સુધી લોકોમાં અભિરુચિ ન જાગે ત્યાં સુધી મફતમાં મળેલાં પુસ્તકો પણ લોકો વાંચશે નહિ અને પુસ્તકાલય ખૂલી ગયાં તો પણ એમાં વાંચવા નહિ જાય. કાર્ય તો જનસંપર્કથી જ થશે.

**વિચાર-પરિવારનું નિર્માણ :** આપણે પોતાના પરિચય તથા પ્રભાવક્ષેત્રમાંથી ભણેલા અને સૌમ્ય પ્રકૃતિના લોકોનું એક લિસ્ટ બનાવીને તેને પોતાની ડાયરીમાં નોંધી રાખવું જોઈએ અને પછી જ્ઞાનદાન માટે ફાળવેલા કલાકમાં તેમના ઘેર જઈને મળવું જોઈએ. જે પુસ્તક બીજા દિવસે વંચાવવાનું હોય તે વિશે બીજી વાતો કરવાની સાથે ચર્ચા કરવી જોઈએ અને તેની ઉપયોગિતા, શ્રેષ્ઠતા અને મહત્તાની ખૂબ પ્રશંસા એ રીતે કરવી જોઈએ કે એ વ્યક્તિને તેને વાંચવાની ઇચ્છા જાગૃત થાય. જો પહેલી મુલાકાતમાં એ અભિરુચિ જાગૃત ન થઈ હોય તો પછી કોઈ અન્ય દિવસે એ સંબંધે ફરીથી પ્રશંસા કરવી જોઈએ. જેમ ભૂખ લાગે ત્યારે જ ભોજન કરવું ગુણકારક હોય છે તેમ **અભિરુચિ જગાડીને આપવામાં આવેલ સાહિત્ય જ મનોયોગપૂર્વક વાંચવામાં આવે છે અને તેનો કોઈ પ્રભાવ પણ પડે છે.** અભિરુચિ જાગે નહિ અને જ્યાં સુધી પુસ્તક વાંચવા માટેની માગ કરવા ન લાગે ત્યાં સુધી તેને વાંચવા માટે આપવું નહિ જોઈએ. પરંતુ સતત પ્રયત્ન કરવો જોઈએ કે એ તમે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરેલી પુસ્તકની પ્રશંસા સાંભળીને તે વાંચવા પોતે તમારી પાસેથી માગે. માગે ત્યારે તેની પાસે પોતે જ પહોંચાડી દેવું જોઈએ અને પાછું લેવા ક્યારે આવવાનું છે તે પણ પૂછી લેવું જોઈએ કે જેથી તે પુસ્તકની ઉપેક્ષા ન કરે. આ રીતે વારંવાર આવવા-જવાનો અને હળવા-મળવાનો ક્રમ પરમાર્થબુદ્ધિથી ચલાવવાથી આપણા મિશનના સંબંધમાં વિચારવિનિમય તથા વાર્તાલાપનો અવસર પણ મળી શકશે. આ રીતે અમે આપેલી વિચારધારા અને તમારા તરફથી ઉત્પન્ન કરવામાં આવેલ સતત અભિરુચિ તથા પ્રેરણાથી વાંચનારના મન પર પ્રભાવ અવશ્ય પડશે. આજે નહિ તો કાલે એનામાં પરિવર્તન થશે જ. પૂર્ણરૂપે નહિ તો થોડા અંશે એ તમારાથી સહમત થશે જ અને વધુ નહિ તો થોડા અંશમાં વિચાર બદલાવાથી તેનાં કદમ પણ શ્રેષ્ઠતાની દિશામાં તીવ્ર કે મંદગતિએ અવશ્ય વધશે.

**ભણેલાં જ નહિ અભણ પણ :** ભણેલાઓને આ સાહિત્ય વંચાવવું જોઈએ પણ અભણ લોકોને, સ્ત્રીઓ અને બાળકોને સંભળાવવા માટે જ આ પુસ્તકોમાં ઘણું છે. બહારના લોકો સાંભળવા ન આવે તો ભલે, આપણે આપણા ઘરની સ્ત્રીઓ અને બાળકોને એકત્રિત કરીને તેમને નાની નાની વાર્તાઓ તથા એમને સમજવાલાયક જરૂરી વાતો પોતાની ભાષામાં સંભળાવવા-સમજાવવા માટે ઘરેલૂ સત્સંગ તો ચલાવી જ શકાય છે. લોકોને ઘેર ઘેર મળવા જવા અને વ્યક્તિગત ચર્ચાઓ કરવાથી પણ સત્સંગનો ઉદ્દેશ પૂરો થઈ શકે છે. અભણ લોકોને એકત્રિત કરીને કે એમને અલગ અલગ મળીને આપણી વિચારધારાથી પરિચિત કરાવી શકાય છે. સ્વાધ્યાય અને સત્સંગ જ્ઞાનયજ્ઞના બે પક્ષ છે, તેની શરૂઆત સૌથી પહેલાં ઉપર બતાવવામાં આવ્યું તે મુજબ જ આપણે કરી દેવી જોઈએ કે જેથી લોકોની સૂઈ ગયેલી જિજ્ઞાસા અને અભિરુચિનું જાગરણ થઈ શકે. જો એ કુંભકર્ણી નિદ્રામાંથી માનવ-ચેતનાને જગાડી શકાય તો એ જાગરણ અભૂતપૂર્વ ઊથલપાથલ ઉત્પન્ન કરનાર બનશે એ નિશ્ચિત છે.

● ● ●

*જો આપને સુખ, શાંતિ અને આનંદ જોઈએ તો દૃષ્ટિકોણ બદલી નાખો અને ખુશીને ચારેબાજુ વહેંચવાનું શરૂ કરી દો. માને ખુશી આપો, પત્નીને ખુશી આપો, મિત્રોને ખુશી આપો. રાજા કર્ણ દરરોજ સવામણ સોનાનું દાન કરતા હતા. આપની પરિસ્થિતિ તેમ કરવાની ન હોય તો વાંધો નથી, પરંતુ માનવી માત્ર ખુશી માટે તડપી રહ્યો છે, મડદા જેવી જિંદગીની લાશ એટલી બધી વજનદાર બની ગઈ છે કે તેનો ભાર ખેંચતા ખેંચતા માનવીની કમર તૂટી ગઈ છે. ખુશીને શોધવા માટે માણસ આજે સિનેમાગૃહ, ક્લબ, રેસ્ટોરન્ટ અને કેબરે ડાન્સ જેવી જગ્યાઓએ ભટકાય છે, પરંતુ ખુશી તેને ક્યાંય મળતી નથી. ખુશી માત્ર દૃષ્ટિકોણમાં જ છે અને જેને હું જ્ઞાનની સંપત્તિ કહું છું. જીવનની સમસ્યાઓને સમજીને અન્ય વ્યક્તિઓની સાથે જે વ્યવહાર કરવામાં આવે છે તે જ્ઞાનનો જ પ્રતાપ છે. એવો વ્યક્તિ જ જ્ઞાનવાન કહેવાય છે જેને ખુશી શોધતાં અને વહેંચતાં આવડે છે. માત્ર લખવા અને વાંચવાને જ જ્ઞાન નથી કહેવાતું. જ્ઞાન તો કૌશલ્ય છે. જ્ઞાન અર્થાત્ નજર, દૃષ્ટિકોણ, વ્યવહારિક બુદ્ધિ.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સમૂહસાધનાથી પોતાનું તેમજ બીજાઓનું પણ કલ્યાણ

વ્યક્તિગત સ્તરે ઉચ્ચ આત્મિક લક્ષ્ય પ્રાપ્ત કરવું હોય તો તે માટે એકાંતમાં કરવામાં આવતાં જપ-તપ-અનુષ્ઠાન જ યોગ્ય છે. આત્મસાક્ષાત્કાર અને રિદ્ધિ-સિદ્ધિઓ જેવાં પ્રયોજન અંગત પુરુષાર્થથી જ પૂરાં થાય છે. પરંતુ સામૂહિક લક્ષ્ય પ્રાપ્ત કરવાનું હોય, સમષ્ટિનું કલ્યાણ, સમાજનો ઉત્કર્ષ અને વ્યાપક વિપદાઓનું નિવારણ કરવાનું હોય તો આધ્યાત્મિક પ્રયત્નોમાં પણ સામૂહિક પ્રયાસ કરવામાં આવે છે. સામૂહિક પ્રાર્થના, અનુષ્ઠાન, મહાયજ્ઞ અને યુગસંધિ મહાપુરશ્ચરણ જેવા પ્રયાસ સમાજ અને વિશ્વને ધ્યાનમાં રાખીને જ કરવામાં આવે છે.

નાની-મોટી વ્યક્તિગત વિપત્તિઓ પુરુષાર્થથી દૂર થઈ જાય છે. તે માટે વધુ બળ ખર્ચ કરવાની જરૂર પડતી નથી. પરંતુ વિપત્તિ મોટી હોય, દુષ્કાળ, મહામારી, યુદ્ધ, વિગ્રહ જેવા ઉપદ્રવો ઊભા થઈ રહ્યાં હોય તો સમાજની સૂઈ ગયેલી શક્તિનું આહ્‌વાન કરવાનું હોય છે. વિરાટ શક્તિને જગાડવી પડે છે. આ ચર્ચા મંત્રસાધનાના અંગત અને સામૂહિક સ્વરૂપનું અંતર સ્પષ્ટ કરવા માટે કરવામાં આવી રહી છે. એકાંત સાધનાનું, જપ-તપનું આગવું મહત્ત્વ છે. તેનાથી વ્યક્તિનું પોતાનું આત્મબળ સશક્ત બને છે. સામૂહિક જપ-તપ સમાજના 'આત્મતત્ત્વ'ને પુષ્ટ બનાવે છે. તેને આધાર આપે છે, જેના પર દીનહીન દેખાતા લોકો પણ ઊભા રહી તથા નિર્વાહ કરી શકે છે.

**મંત્રોમાં શક્તિ છે. આ એક નિર્વિવાદ સત્ય છે. એમને યોગ્ય રીતે સાધવામાં આવે તો સૂકું આકાશ વરસી ઊઠે છે અને નિર્જીવ કાયા ગતિ કરવા, લાગે છે. અંગત પ્રયોજનો માટે કેટલાય લોકોએ મંત્રશક્તિનો પ્રયોગ કર્યો હશે. સામૂહિક પ્રયોગોનું સ્વરૂપ જુદું છે. એવું બને કે તેનાથી અંગત જીવનમાં ઓછો લાભ થાય, પરંતુ સામૂહિક સ્તરે થતા લાભ એટલા બધા છે કે એક વાર અંગત લાભોનો પણ ત્યાગ કરી શકાય છે.**

મંત્રોમાં શક્તિ છે તે નિર્વિવાદ છે. એમને યોગ્ય રીતે સાધવામાં આવે તો સૂકું આકાશ પણ વરસી ઊઠે છે અને નિર્જીવ કાયા ગતિ કરવા, શ્વાસ લેવા લાગે છે. પોતાના આત્મવિકાસ માટે કે અંગત પ્રયોજનો માટે તેમની સાધનાનું સ્વરૂપ જુદું છે. જ્યારે તેમને સામૂહિક સ્તરે સાધવામાં આવે છે ત્યારે પરિણામ અંગત પ્રયત્નોની તુલનામાં થોડાં ભિન્ન અને વિરાટ સ્તરનાં જ હોય છે. એમાં સંકુચિત દૃષ્ટિકોણ રાખવાથી વ્યક્તિનું થોડું અંગત નુકસાન પણ થઈ શકે છે અને કેટલાક લાભોથી વંચિત પણ રહેવું પડે. આથી વિપરીત કેટલાક એવા લાભ પણ મળે છે જે વ્યક્તિગત સ્તરે વર્ષો સુધી પ્રયત્નો કરવા છતાં પણ મળી શકતા નથી.

સામૂહિક જપ વાતાવરણને તેનાં કંપનો વડે આચ્છાદિત કરી દે છે. એકલા કરવામાં આવેલ મંત્રસાધના સાધકની આસપાસ સૂક્ષ્મ કવચ બનાવે છે. એવા સ્તરનાં જ કંપનોને આકર્ષિત કરે છે. સામૂહિક જપ અથવા એક જ સમયે વિભિન્ન સ્થળો પર રહીને પણ એક જ મંત્રનો કરવામાં આવેલ જપ સંપૂર્ણ વાતાવરણને ઘેરવા લાગે છે. એ ઘેરાવો સંપૂર્ણ વાતાવરણનું રક્ષણ કરે છે. જેટલા ક્ષેત્રમાં જપ કરવામાં આવી રહ્યા હોય તેટલા ક્ષેત્રમાં એ સઘન-અલ્પ કંપન જગાડે છે. તેટલા પરિસરને અનુકૂળ વળાંક આપે છે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તથા આવશ્યક પરિવર્તન લાવે છે. તેને એક વ્યક્તિના પોકારનું બળ અને હજારો લોકો એકસાથે પોકારવાના પ્રભાવથી પણ જાણી શકાય છે.

સામૂહિક જપના પ્રભાવને વરસાદના ઉદાહરણથી પણ સમજી શકાય છે. તરસ લાગે છે ત્યારે વ્યક્તિગત પ્રયત્નો વડે લિટર કે અડધો લિટર પાણીની વ્યવસ્થા કરી શકાય છે. એ ઘણું આસાન છે અને કોઈપણ જગ્યાએ આ વ્યવસ્થા કરી શકાય છે. પરંતુ પાણીનો વ્યાપક અભાવ હોય, ધરતી તપી રહી હોય ત્યારે વરસાદ જ તૃપ્ત કરે છે. એ માટે વાદળોનું આવવું, ઊડતાં સૂકાં ક્ષેત્ર સુધી એમનું આવવું અને વરસવું જરૂરી છે. સામૂહિક જપનો પ્રભાવ વાદળો ઉપસ્થિત થવા અને યોગ્ય સ્થળે વરસવાની જેમ સમજાવવામાં આવ્યો છે.

સંધ્યા ઉપાસનામાં ગાયત્રી મંત્રનો જપ કરવામાં આવે છે. ગાયત્રી મંત્ર ભારતીય પરંપરાનો પરમ ઉપાસ્ય મંત્ર છે. હજારો વર્ષોથી ઋષિમુનિ અને સાધક શ્રેણીના લોકો એને જપતા રહ્યા છે. સામાન્ય ગૃહસ્થ કે જેઓ નિયમિત ઉપાસના કરી શકતા નથી, તેમની આસ્થા પણ નહીં હોય છતાં કર્મકાંડની ઔપચારિકતા કરે તો ગાયત્રીનો આશ્રય લે છે. અત્યાર સુધી કેટલાય લોકોએ કુલ મળીને ગાયત્રી મંત્રના કેટલા જપ કર્યા હશે તેની ગણતરી કરવી મુશ્કેલ છે. ગણતરી કરવી તો દૂરની વાત છે, તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. હજારો-કરોડો લોકોએ દસ-પંદર વર્ષથી માંડીને સાઠ-સિત્તેર વર્ષ સુધી દરરોજ ગાયત્રી મંત્રજપ કર્યા હશે. એ જપનો પ્રભાવ સૂક્ષ્મ આકાશમાં સંવ્યાપ્ત છે.

યુગસંધિ મહાપુરશ્ચરણ સાધના અંતર્ગત આજકાલ જેટલા સામૂહિક જપ કરવામાં આવી રહ્યા છે, એ હજારો વર્ષોથી કરવામાં આવેલ જપ સાથે સંયુક્ત થાય છે. પ્રભાવના એ મહાસાગર સાથે જોડાઈને મહાપુરશ્ચરણ સાધના પણ હજાર-લાખ ગણી ફળદાયી થઈ રહી છે. તેના ફળ અને પ્રભાવને આજકાલ ચાલી રહેલી ઉથલપાથલના રૂપમાં જોવી જોઈએ. કેટલીક દૈવી આપદાઓ ચિંતિત પણ કરે છે. તેમને વિરેચન, સ્વેદન જેવા ઉપચારોના રૂપમાં જોવું જોઈએ અને ભરોસો રાખવો જોઈએ કે સ્થાયી પ્રભાવ શુભ જ હશે.

સામૂહિક સાધનાઓનો એક પ્રભાવ એ પણ થાય છે કે તેનાથી નિર્દોષ અને નાસમજ લોકોનું હિત પણ સધાય છે. રસોડામાં બનાવેલું ભોજન પોતાના અને કુટુંબ માટે જ વપરાઈ જાય છે. બહુ તો વધુ એકાદ વ્યક્તિને ખવડાવી શકાય છે. પરંતુ ઘણા લોકો સાથે મળી વિપુલ સામગ્રી સાથે ભોજન તૈયાર કરે છે તો એ લંગર કે અન્નક્ષેત્ર જેવી વ્યવસ્થા થઈ જાય છે. દસ-વીસ લોકો દ્વારા કરવામાં આવેલ એ પ્રયત્ન ઘણા લોકોને તૃપ્ત કરી શકે છે. સામૂહિક સાધનાઓ પણ એમાં જોડાયેલા સાધકોની તુલનામાં કેટલાય લોકોને લાભ પહોંચાડે છે, તેમની આધ્યાત્મિક ક્ષુધા તૃપ્ત કરે છે.

જે જાતિઓ કે સમાજોએ સંગઠિત પ્રયત્નો કર્યા અને લૌકિક ક્ષેત્રમાં ઐતિહાસિક સફળતાઓ પ્રાપ્ત કરી એમણે સામૂહિક ઉપાસનાને મહત્ત્વ આપ્યું છે. મુસલમાનો દ્વારા શુક્રવારના દિવસે તથા ઈદ વગેરે તહેવારો પર સામૂહિક નમાજ, ખ્રિસ્તીઓ દ્વારા રવિવારે ચર્ચમાં સામૂહિક પ્રાર્થના, બૌદ્ધોનું સંઘધ્યાન, સૂફીઓની નૃત્યસાધના જેવાં કેટલાંય ઉદાહરણો છે. વૈદિક પરંપરામાં યજ્ઞયાગ પણ સામૂહિક ઉપાસનાનો જ એક પ્રકાર છે. અશ્વમેધ, રાજસૂય, વાજપેય જેવા વિશાળ યજ્ઞ સૂક્ષ્મજગતમાં વ્યાપ્ત 'તેજ' અને 'ઓજ'ને આકર્ષિત કરવાના પ્રયાસો જ હતા. સામૂહિક પ્રયત્નોથી બ્રહ્મતેજને અભીપ્સા સાથે પોકારી તેને ધારણ કરવાયોગ્ય ભાવભૂમિ પણ તૈયાર કરવામાં આવતી હતી. આ ક્રમને મેઘોના આહ્‌વાન અને ખેતી માટે જમીન તૈયાર કરવાની બન્ને પ્રક્રિયાઓનું એકસાથે ચાલવું કહી શકાય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યજ્ઞ-મહાયજ્ઞો સિવાય ઋષિઆશ્રમોમાં વેદપાઠો, સામૂહિક જપ, અનુષ્ઠાન વગેરે પણ ચાલતાં હતાં. ઉપાસના માટે સૂર્યના ઉદય અને અસ્ત થવાનો એવો સમય નક્કી કરવામાં આવતો કે એક જ સમયે જપ અને અર્ઘ્યની શરત આપમેળે પૂરી થઈ જતી હતી. કોઈપણ જપ-તપ કરતાં પહેલાં સંકલ્પ કરવો જ પડે છે. અંગત ઉત્કર્ષ કે આત્મકલ્યાણ માટે 'મયોત્પાદદુરિત ક્ષમ પૂર્વકમ્' અને કામ્યકર્મો માટે 'વિજયાર્થ' 'સંતાન લાભાર્થ' સામૂહિક કલ્યાણ માટે 'રાષ્ટ્રરક્ષાર્થ વિશ્વકલ્યાણાર્થ' જેવી ભાવનાઓને વ્યક્ત કરવામાં આવે છે. સંકલ્પમાં ઉદ્દેશ જોડવાનો નિયમ પૂર્ણ કરવાનો જ હોય છે. તે વિના જપ-તપ અધૂરાં સમજવામાં આવે છે.

એક જ સમયમાં એક જ ઉદ્દેશ માટે કરવામાં આવેલી ઉપાસના સામૂહિક જપની શ્રેણીમાં આવે છે. તેનો પ્રભાવ ભારતના ગૌરવમય ભૂતકાળમાં જોવામાં આવ્યો. ભારતીય માન્યતા અનુસાર આપણી આ સૃષ્ટિ લાખો વર્ષ જૂની છે. વૈદિક પરંપરા અનાદિ છે. ઇતિહાસના વિદ્વાનો આનું સમર્થન કરતા નથી. તેમના મુજબ વૈદિક સભ્યતા-સંસ્કૃતિ ઇસવીસન અઢી-ત્રણ હજાર વર્ષ પૂર્વે વિકસિત થઈ. ઇસવીસન અગિયારમી સદી સુધી ભારતે વૈભવ અને સ્વાભિમાનનો યુગ જોયો. પતન અને પરાભવના યુગની શરૂઆત એ પછી જ થાય છે. ઇસવીસન અઢી હજાર વર્ષ પહેલાંનાં અગિયારસો વર્ષ સુધીનાં સાડાત્રણ હજાર વર્ષનો સમય ગર્વ અને ગૌરવ સાથે યાદ કરવામાં આવે છે. તે વખતે સાધના, સ્વાધ્યાય અને સામાજિક સંસ્કારના પ્રયોગો નિયમિત ચાલતા રહેતા હતા. કહેવું નહિ પડે કે ભારતની ગૌરવ-ગરિમાને સ્થિર રાખવામાં શુદ્ધ આધ્યાત્મિક સ્તરના પ્રયત્નોનું યોગદાન વિલક્ષણ જ હતું. તેને પાયાની શ્રેણીનું જ માનવું પડશે.

સામાન્ય લક્ષ્ય એકલાના પ્રયત્નથી પ્રાપ્ત કરી શકાય છે. નાનુંમોટું નિર્માણ કરવું હોય તો એકાદ વ્યક્તિ જ તેને પૂરું કરી લે છે. થોડાં મોટાં નિર્માણ કરવાનાં હોય તો થોડા વધુ લોકો મળીને પ્રયત્નો કરવાના હોય છે. જેવાં કે ભવન બનાવવું કે મોટાં આયોજનોની વ્યવસ્થા કરવી. પરંતુ મહાન લક્ષ્ય પ્રાપ્ત કરવું હોય તો તે માટે હજારો લોકોએ સંઘર્ષ કરવો પડે છે. સમાજમાં વ્યાપક પરિવર્તન માટે કે અત્યાચારી સત્તાને પલટાવવા માટે મોટી સંખ્યામાં લોકોએ પોતાના સમય તથા સાધનોની કુરબાની આપવી પડે છે, મહત્ત્વાકાંક્ષાઓને તિલાંજલિ આપવી પડે છે. સૂક્ષ્મજગતમાં વ્યાપક ફેરફાર કરવા માટે પણ સામૂહિક સ્તરે જ સાધના-ઉપાસના કરવાની હોય છે. હજારો સાધકોને તે માટે શ્રમ, સંકલ્પ અને સંયમ સાથે જોડાવું પડે છે, જોડાતા રહ્યા છે.

*સજ્જનોનો સત્સંગ પ્રાપ્ત થવામાં શંકા છે. બહારથી સભ્ય દેખાતા લોકોમાં પણ ઘણા દિશાવિહીન, પથભ્રષ્ટ અને ચરિત્રહીન હોય છે. જો થોડાંક એવાં પ્રકાશવાન વ્યક્તિત્વ હોય તો પણ આ વ્યસ્તતાના યુગમાં એટલો સમય ફાળવવો અને તેમના સુધી પહોંચવું બન્ને અસંભવ લાગે છે. આ પરિસ્થિતિઓમાં વ્યક્તિત્વ-વિકાસ અને જીવનનિર્માણનો એક જ માર્ગ દેખાય છે, એ છે સત્સાહિત્યનું વાંચન.*

● ● ●

*વિચારક્રાંતિ અભિયાનને તેના સમયની સશક્ત મહાક્રાંતિ કહેવી જોઈએ. આ અભિયાનને સતૂયુગ પાછો લાવવા માટે તથા નવયુગના ગંગાવતરણ માટે કરવામાં આવી રહેલા પ્રચંડ પ્રયાસ રૂપે સમજી અને અપનાવી શકાય છે. યુગધર્મને ઓળખી લેવામાં આવે અને ભાવનાશીલ વર્ગને યુગાંતરીય ચેતના સાથે બાંધી લેવામાં આવે તે સારું છે. આજે વરિષ્ઠોને સામેલ કરવાના પ્રયાસોની અત્યંત જરૂર છે. એની ભાગીદારીનો સુયોગ દરેક પ્રાણવાનને મળવો જોઈએ, કેમ કે એ અવસર વિશેષરૂપે પોતે જ અનેક અરમાનો સાથે લઈને આપણા દરવાજા પર જ આવીને ઊભો છે.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જિજ્ઞાસાનું સમાધાન આ રીતે થયું

મહારાજ વીર વિક્રમદેવ જેટલા નીતિકુશળ હતા એટલા જ રણકુશળ પણ હતા. પ્રજા એમના ન્યાય પર ગર્વ કરતી હતી. સૌને એ વાત પર અભિમાન હતું કે અન્યાયી કોઈપણ હોય, ભલે એ રાજપરિવારનો સભ્ય જ કેમ ન હોય, મહારાજનો ન્યાયદંડ તેને માફ નહિ કરે. એમની નીતિકુશળતાને કારણે જ પાડોશી રાજ્યો સાથે એમના મધુર સંબંધો હતા. એ જ કારણે વ્યાપાર અને વાણિજ્યની વણથંભી પ્રક્રિયા રાજ્યને ઉત્તરોત્તર સમૃદ્ધ બનાવી રહી હતી. મહારાજના રણકૌશલ સામે વિરોધી નતમસ્તક થતા હતા અને લૂંટારાઓની ટોળકીઓ જાતે સમર્પણ કરી દેતી હતી. એમનો દરબાર નીતિજ્ઞો અને વિદ્વાનોનો રત્નકોષ હતો. ત્યાં હમેશાં સદ્જ્ઞાનની ધારાઓ પ્રવાહિત થતી રહેતી. નિત્યનવીન જિજ્ઞાસાઓ અને સરળ-સુગમ સમાધાન એ જ રાજદરબારનો ક્રમ હતો.

આજે તો મહારાજ પોતે જ જિજ્ઞાસુ હતા. એમણે પોતાની ત્રણ જિજ્ઞાસાઓ દરબારમાં ઉપસ્થિત વિદ્વાનો આગળ પ્રગટ કરી (૧) કોઈ કાર્યને શરૂ કરવાનો યોગ્ય સમય કયો ? (૨) કયા લોકોની વાત સાંભળવી જોઈએ અને કોની નહીં ? (૩) સંસારમાં ઉત્તમ પદાર્થ કયો છે જેની મદદથી હું ધારું તે કરી શકું ?

પહેલા સવાલના જવાબમાં કોઈએ કહ્યું કે મનુષ્યે કામ કરવા માટે દિવસ, મહિના અને વર્ષની એક યાદી બનાવી લેવી જોઈએ. કોઈએ કહ્યું કે કાર્ય શરૂ કરવાનો યોગ્ય સમય પહેલાંથી નક્કી કરવો અશક્ય છે. મનુષ્યે ખોટી રીતે સમય વેડફવો ન જઈએ, જે કર્તવ્ય હોય તે સદા કરતા રહેવું જોઈએ. કોઈએ કહ્યું કે રાજા ગમે તેટલો ચતુર અને સાવધાન કેમ ન હોય, તે એકલો દરેક કાર્યનો આરંભ કરવાનો યોગ્ય સમય જાણી શકતો નથી, તેણે બુદ્ધિમાન લોકોની સભા બોલાવીને તેમની સંમતિ લેવી જોઈએ.

આ વાત પર બીજા લોકોએ સંમતિ આપી કે કેટલાંક કાર્યો એવાં હોય છે જેમને તાત્કાલિક કરવાં પડે છે, સભામાં એમના પર વિચાર કરવાનો સમય મળી શકતો નથી અને કાર્ય કરતાં પહેલાં તેનું ફળ જાણવું જરૂરી છે. આ બધી વાતો પંડિત, જ્યોતિષી વગેરે જાણે છે તેથી એમને પૂછવું જરૂરી છે.

એવી જ રીતે અન્ય લોકોએ બીજા પ્રશ્નના પણ ઘણા ઉત્તરો આપ્યા. કોઈએ કહ્યું કે રાજાનો મંત્રી અતિ ઉત્તમ હોવો જોઈએ. કોઈએ કહ્યું પંડિત, કોઈ બોલ્યું વૈદ્ય, તો કોઈએ માંત્રિક-તાંત્રિક વગેરે. ત્રીજા પ્રશ્નનો જવાબ પણ એવો જ મળ્યો. કોઈ કહેતો હતો કે પદાર્થવિદ્યા સૌથી ઉત્તમ છે તો કોઈ કહેતો શસ્ત્રવિદ્યા, કોઈ પૂજાપાઠને ઉત્તમ કહેતો હતો.

મહારાજ વિક્રમદેવને એમાંથી કોઈપણ ઉત્તર યોગ્ય ન લાગ્યો. તેથી એમણે પોતાની રાજધાનીમાં ઢંઢેરો પિટાવ્યો કે જે પુરુષ આ ત્રણ સવાલોનો જવાબ આપશે તેને ઘણું ઈનામ આપવામાં આવશે. હવે અનેક બુદ્ધિમાન પુરુષો આવીને મહારાજને આ પ્રશ્નોના ઉત્તરો આપવા લાગ્યા. એમના ઉત્તરોમાં બૌદ્ધિક કુશળતા રહેતી, તર્કપ્રવીણતા રહેતી, પરંતુ સાથે જ અનુભવશૂન્યતા પણ દેખાતી હતી. ઉત્તર આપનારાઓના મનમાં ભારે ઈનામ મેળવવાનો લોભ પણ હતો. એમનામાંથી કેટલાક એવા પણ હતા જે રાજદરબારમાં સ્થાન મેળવવા ઇચ્છતા હતા. ઊંડી જીવનસાધનાથી ઊપજેલું સમાધાન એમનામાંથી કોઈનીય પાસે ન હતું.

દિવસો વીતતા ગયા, સાથે જ મહારાજની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જિજ્ઞાસા પણ તીવ્ર ને તીવ્ર બનતી ગઈ. દર બીજા દિવસે કોઈ નવી વ્યક્તિ આવતી. પોતાની વાતને જાતજાતની નવી યુક્તિઓ દ્વારા યોગ્ય મનાવવાની ચેષ્ટા કરતી, પરંતુ આ નવા નવા તર્કોથી વીર વિક્રમદેવનું સમાધાન થતું ન હતું.

તેમના આ પ્રયત્નોમાં એક દિવસ એ જાણવા મળ્યું કે પાટનગરથી ઘણું દૂર એક જંગલમાં મહર્ષિ આયુષ રહે છે. એમની તપસાધના અને યોગવિદ્યા ખૂબ જ ઉત્કૃષ્ટ છે. એમની પાસે જે જ્ઞાન છે તે પુસ્તકનું જ્ઞાન નથી, પરંતુ તે ઊંડી સાધનાથી ઉદ્‌ભવેલું છે. એ તપોધન મહર્ષિને લોકો સાક્ષાત્ ભગવાનનો પ્રતિનિધિ માને છે. આસપાસની ગ્રામીણ જનતા એમને દેવપુરુષ સમજે છે. રાજાએ વિચાર્યું કે આ મહર્ષિ પાસેથી જ પોતાના પ્રશ્નોનું સમાધાન મેળવવામાં આવે.

આ મહર્ષિ કુટિર છોડીને ક્યાંય બહાર જતા નહોતા. એમનું હળવુંમળવું પણ કોઈ યશસ્વી, વર્ચસ્વી કે રાજામહારાજાઓ સાથે નહીં પણ દીન, દુઃખી અને પીડિત લોકો સાથે રહેતું હતું. આ કારણે મહારાજ વીર વિક્રમદેવે સાધારણ વસ્ત્રો પહેર્યાં અને મહર્ષિ આયુષની કુટિર પાસે જઈ પહોંચ્યા. એમણે જોયું કે મહર્ષિ આયુષ કુટિર પાસેની જમીન પાવડાથી ખોદી રહ્યા હતા. રાજાને જોતાં જ મહર્ષિએ એમને પ્રણામ કર્યાં અને પછી પોતાનું કામ કરવામાં લાગી ગયા. મહર્ષિ શરીરે ખૂબ દૂબળા-પાતળા અને કમજોર હતા. તેઓ પાવડો ચલાવતાં હાંફવા લાગતા હતા.

મહારાજે એમના પ્રણામનો પ્રત્યુત્તર આપતાં કહ્યું, "ઋષિવર ! હું આપને ત્રણ વાતો પૂછવા આવ્યો છું. પહેલી વાત એ કે હું યોગ્ય કામ કરવાનો યોગ્ય સમય કઈ રીતે જાણી શકું ? બીજી વાત એ કે મારા માટે કયા લોકોનો સંગ કરવો ઉચિત છે ? ત્રીજો પ્રશ્ન એ કે કયો વિષય સૌથી ઉત્તમ છે ?"

મહર્ષિ આયુષે કોઈ જવાબ ન આપ્યો, તેઓ આત્મમગ્ન થઈને ખોદકામ કરતા રહ્યા. વીર વિક્રમદેવ બોલ્યા, મહર્ષિ ! આપ થાકેલા લાગો છો, લાવો મને પાવડો આપો અને આપ વિશ્રામ કરી લો.

મહર્ષિ આયુષે રાજાને ધન્યવાદ આપ્યા અને એમના હાથમાં પાવડો આપીને પોતે જમીન પર બેસી ગયા.

મહારાજે જ્યારે બે ક્યારા ખોદ્યા અને અટકી ગયા અને એમણે ફરી પોતાના ત્રણ સવાલ દોહરાવ્યા. મહર્ષિએ ફક્ત એક શબ્દ કહ્યો - હા અને પાવડો લેવા માટે હાથ આગળ કર્યો. પરંતુ વિક્રમદેવે પાવડો આપ્યો નહીં અને તેઓ ખોદતા જ રહ્યા. છેવટે સાંજ પડી ગઈ. સાંજ થતાં જ એમણે પાવડો જમીન પર મૂકી દીધો અને બોલ્યા, "ઋષિશ્રેષ્ઠ ! હું તો આપની પાસે મારા ત્રણ સવાલોના જવાબ લેવા આવ્યો હતો. જો આપ ઉત્તર આપી નથી શકતા તો હું પાછો જતો રહું છું."

ત્યારે મહર્ષિ અચાનક બોલ્યા, "જુઓ કોઈ દોડતો આવી રહ્યો છે."

વિક્રમદેવે મોઢું ફેરવીને જોયું કે એક દાઢીવાળો મનુષ્ય જંગલ તરફ દોડતો આવી રહ્યો છે. એણે પોતાનું પેટ હાથથી દબાવી રાખ્યું હતું અને એ હાથની વચ્ચેથી લોહી વહી રહ્યું હતું. રાજા પાસે પહોંચીને એ બેસુધ થઈને ઢળી પડ્યો. રાજા અને મહર્ષિએ એનું ખમીસ ઊઠાવીને જોયું તો તેના પેટમાં એક મોટો ઘા જોયો. રાજાએ પાણીથી ઘા ધોઈને પોતાનો રૂમાલ તેના પર બાંધ્યો, લોહી વહેવાનું બંધ થઈ ગયું. થોડીવાર પછી તે ભાનમાં આવ્યો તો પાણી માગ્યું. રાજાએ તરત જળ લાવીને પીવડાવ્યું. એટલામાં સૂર્યાસ્ત થઈ ગયો. રાજાએ મહર્ષિની મદદથી એને કુટિરમાં લાવી સુવડાવી દીધો. ઘાયલ માણસને ઊંઘ આવી ગઈ. વિક્રમદેવ પણ થાકેલા હોવાથી સૂઈ ગયા. સવાર થઈ ત્યારે ઊઠ્યા તો ઘાયલે કહ્યું "રાજન્ ! તમે મને ક્ષમા કરો."

વિક્રમદેવ બોલ્યા, "ક્ષમા કેવી ? હું તો તમને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઓળખતો પણ નથી."

એ વ્યક્તિએ કહ્યું, "તમે મને નથી જાણતા પણ હું તમને જાણું છું. તમે મારા ભાઈને એક ગુના માટે દંડ આપ્યો હતો તે જ વખતે મેં પ્રતિજ્ઞા કરી હતી કે હું તમારો બદલો લઈશ. હું જાણતો હતો કે તમે મહર્ષિ સાથે મળીને સાંજે એકલા પાછા આવશો એ ઉદ્દેશથી હું જંગલમાં છુપાઈ ગયો હતો. તમારા સિપાઈઓએ મને ઓળખી લીધો અને મારા પર વાર કર્યો. જો તમે મારો ઘા ન બાંધ્યો હોત તો હું અવશ્ય મરી જાત. તમે મારા પર દયા કરી. હું તમને મારવા માગતો હતો પરંતુ તમે મારી જાન બચાવ્યો. હવે ભવિષ્યમાં હું તમારો સેવક બનીને રહીશ."

વિક્રમદેવ ખૂબ પ્રસન્ન થયા કે આવો પ્રાણઘાતક શત્રુ સહજતાથી મિત્ર બની ગયો. એમણે પોતાના રાજવૈદ્યને તેની સારવાર કરવા માટે બોલાવી લીધા. તેની બધી રીતે વ્યવસ્થા કરીને રાજાએ મહર્ષિ પાસે રજા માગતાં કહ્યું, "ઋષિશ્રેષ્ઠ ! આપે મારા પ્રશ્નોના ઉત્તર આપ્યા નહીં, કાંઈ વાંધો નહીં. સારું, પ્રણામ, હવે મને આજ્ઞા આપો."

મહર્ષિ આયુષે સ્મિત કરતાં કહ્યું, "રાજન્ ! તમાર પ્રશ્નોના ઉત્તર મળી ગયા." વિક્રમદેવ બોલ્યા, "હું કંઈ સમજ્યો નહીં."

મહર્ષિએ કહ્યું, "જુઓ જો કાલે મને થાકેલો જોઈ સહજ સૌજન્યતાથી તમે ધરતી જ ખોદત અને શીઘ્ર પાછા જતા રહ્યા હોત તો એ મનુષ્ય તમને રસ્તામાં દુઃખ આપત અને તમે પસ્તાયા હોત કે હું મહર્ષિ પાસે વ્યર્થ કેમ ગયો. તેથી જાણવા મળ્યું કે તમે જ્યારે ખોદકામ કરી રહ્યા હતા એ ઉત્તમ સમય હતો અને યોગ્ય મનુષ્ય હું હતો તેથી મારું ભલું કરવું એ તમારું પરમ કર્તવ્ય હતું. તે પછી જ્યારે આ મનુષ્ય આવ્યો ત્યારે એ યોગ્ય સમય હતો જ્યારે તમે એના ઘા ધોઈ રહ્યા હતા અને એ યોગ્ય મનુષ્ય હતો તથા તેના ઘાને બંધ કરવો એ તમારું પરમ કર્તવ્ય હતું."

મહર્ષિ આયુષે પોતાની વાતનો સારાંશ બતાવતાં કહ્યું, "સદૈવ વર્તમાનકાળ જ યોગ્ય સમય છે, કેમ કે કેવળ વર્તમાન પર જ મનુષ્યનો અધિકાર છે. જે મનુષ્ય મળી જાય તે જ યોગ્ય મનુષ્ય છે. કોણ જાણે છે કે પળવારમાં શું થઈ જશે અને કોઈ મળે કે ન મળે સર્વોત્તમ કર્તવ્ય પરોપકાર છે, કેમ કે ઉપકાર માટે જ મનુષ્ય આ મૃત્યુલોકમાં શરીર ધારણ કરે છે."

● ● ●

*આજે જો લોકોની વિચારશીલતા, દીર્ઘદૃષ્ટિ અને વિવેકશીલતા જાગી ગઈ હોત તો દુનિયા ખુશ-ખુશાલ દેખાત. માનવ માત્ર માનવ બનીને જ ન રહેતાં દેવતા બની ગયા હોત અને જમીનનું વાતાવરણ સ્વર્ગ જેવું બની ગયું હોય. પરંતુ વિચારશીલતા છે જ ક્યાં ? સમજદારી છે જ ક્યાં ? જો સમજદારી વધશે તો માણસની અંદર ઈમાનદારી વધશે. જો ઈમાનદારી વધશે તો માણસને જવાબદારી સમજાશે અને જ્યારે જવાબદારી આવી જશે ત્યારે તેને નિભાવવા માટે બહાદુરી અવશ્ય આવશે જ. આ ચારેય બાબતો એક સાથે જ જોડાયેલી છે. સમજદારી એ બધી બાબતોનું મૂળ છે. આપણે લોકોની સમજદારી વધારવા માટે ખૂબ જ સક્રિય રીતે જાનના જોખમે પણ પ્રયત્ન કરવો જોઈએ. પ્રાચીનકાળના બ્રાહ્મણ અને સંતો આવાં જ કાર્યો કરતા હતા. તેઓ પોતાનું ગુજરાન ઓછામાં ઓછી ચીજવસ્તુઓથી કરતા હતા અને તેમનો જીવન ઉદ્દેશ્ય એ જ રહેતો હતો કે લોકોની સમજદારી વધે. તમોને પણ મારી એ જ પ્રાર્થના છે કે આપના સમયનો જેટલો અંશ તમે આ સદ્કાર્યમાં લગાવી શકો તેમ હોય તો લગાવો જ.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આસક્તિથી નિવૃત્તિ કેવી રીતે થાય
## (ગીતાના બીજા અધ્યાયનું 'સ્થિતપ્રજ્ઞ'નું યુગાનુકૂલ વિવેચન)

પાછલા અંકમાં શ્રીમદ્ ભગવદ્ગીતાના સાંખ્યયોગ (બીજો અધ્યાય)ના યુગાનુકૂલ વિવેચન અંતર્ગત પરિજનોએ 'સ્થિતપ્રજ્ઞ'ના વિષયમાં થોડું પ્રારંભિક વિવેચન વાંચ્યું. કહેવામાં આવ્યું છે કે યોગેશ્વર કૃષ્ણ ખૂબ માર્મિક રીતે એક ગંભીર વિષયને પોતાના શિષ્ય અર્જુનને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેઓ કહે છે કે જે આત્માથી આત્મામાં સંતુષ્ટ રહે છે, તે કાળમાં તે પુરુષ 'સ્થિતપ્રજ્ઞ' કહેવાય છે. (આત્મન્યેવાત્મના તુષ્ટઃ સ્થિતપ્રજ્ઞસ્તદોચ્યતે – શ્લોક ૫૫ નો ઉત્તરાર્ધ). જે પોતાની સમસ્ત કામનાઓનો ત્યાગ કરી દે, બુદ્ધિની અસ્થિરતા પર નિયંત્રણ કરી પોતાને પરમાત્મચેતનામાં સ્થિર કરીને રહે, તે જ સ્થિતપ્રજ્ઞ છે. સ્થિતપ્રજ્ઞના વિષયમાં ગયા અંકમાં શ્લોક ૫૫થી શ્લોક ૫૯ સુધીના પાંચ શ્લોકોની ખૂબ જ વિસ્તૃત વ્યાખ્યા કરવામાં આવી હતી. ભગવાન કાચબાનું ઉદાહરણ આપી પોતાના શિષ્યને સમજાવે છે કે મનુષ્ય બધા ઇન્દ્રિયોના વિષયોમાંથી ઇન્દ્રિયોને જ્યારે પૂર્ણપણે હટાવી લે છે, જેમ કાચબો પોતાનાં અંગોને બધી બાજુએથી સમેટી લે છે, ત્યારે બુદ્ધિ સ્થિર કહેવામાં આવે છે, એથી ઓછામાં નહીં. જ્યાં સુધી બહારના ઇન્દ્રિયરસથી મનને હટાવીને 'રસો વૈ સઃ'વાળી પરમાત્મસત્તામાં તેને સ્થિર કરવામાં આવતું નથી ત્યાં સુધી વ્યક્તિની બુદ્ધિ સ્થિર નથી, તે પ્રજ્ઞાવાન નથી. જેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત હોય એ જ સ્થિતપ્રજ્ઞ છે. આ પ્રસંગને આ અંકમાં બીજા અધ્યાયના ૫૯મા શ્લોકની સંક્ષિપ્ત વ્યાખ્યાથી આગળ વાંચશો.

ભગવાન શ્રીકૃષ્ણ ગીતાના બીજા અધ્યાયમાં અર્જુનની જિજ્ઞાસા (શ્લોક ૫૪)ના જવાબમાં તેને કહે છે –

**વિષયા વિનિવર્તન્તે નિરાહારસ્ય દેહિનઃ ।**
**રસવર્જં રસોઽપ્યસ્ય પરં દૃષ્ટ્વા નિવર્તતે ॥**
(૨/ ૫૯)

એટલે કે ઇન્દ્રિયો દ્વારા વિષયોને ગ્રહણ ન કરનારા પુરુષોના પણ ફક્ત વિષય તો નિવૃત્ત થઈ જાય છે, **પરંતુ એમાં રહેતી આસક્તિ નિવૃત્ત થતી નથી.** આ સ્થિતપ્રજ્ઞ પુરુષની તો આસક્તિ પણ પરમાત્માનો સાક્ષાત્કાર કરીને નિવૃત્ત થઈ જાય છે.

આ વ્યાખ્યા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આપણે વિષયો પ્રત્યેની આસક્તિને અંદરથી ખૂબ કઠોરતા સાથે કાઢવી પડશે. શરીર દ્વારા કોઈપણ મોટું તપ કરી શકાય છે; પરંતુ જો મન એ વિષયોમાં આસક્ત હોય તો એ તપ પણ નિરર્થક છે. આપણે આપણી ઇન્દ્રિયો પર નિયંત્રણ કરીએ. તે માટે આ પ્રક્રિયાને આપણે ખૂબ ઊંડાણ સુધી લઈ જવી પડશે, મન-બુદ્ધિ-ચિત્તથી પણ ઊંડા અહંના શુદ્ધ ભાવ સુધી કે જ્યાં પરમાત્મચેતનાનો નિવાસ છે. આવું થઈ જાય તો મન અશ્લીલ ચિંતનમાં લિપ્ત ન થતાં એ દૃશ્યનાં વાસ્તવિક સૌંદર્ય તરફ લઈ જશે જે પરમાત્માનું સ્વરૂપ છે. ત્યારે શારીરિક અને સાથે માનસિક સંયમ પણ સધાતો જશે. ભગવાન કહે છે કે સ્થિતપ્રજ્ઞ પુરુષની તો આસક્તિ પણ પરમાત્મચેતનાનો સાક્ષાત્કાર કરી પૂરેપૂરી નીકળી જાય છે, તે એમાંથી નિવૃત્તિ મેળવી લે છે.

જો આસક્તિ નષ્ટ ન થાય તો શું થશે ? ભગવાન કહે છે કે આ અસક્તિ જ 'એડીક્શન' છે. આ આસક્તિ બુદ્ધિમાન પુરુષના મનને પણ બળપૂર્વક હરી લે છે, કેમ કે આ ઇન્દ્રિયો પ્રમથન સ્વભાવની હોય છે, એ આશયનો જ શ્લોક છે –


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**યતતો હ્યપિ કૌન્તેય પુરુષસ્ય વિપશ્ચિતઃ ।**
**ઈંદ્રિયાણિ પ્રમાથિનિ હરન્તિ પ્રસભં મનઃ ॥ (૨/૬૦)**

જ્યાં આત્મસંયમ નથી ત્યાં કોઈપણ સદ્‌ગુણના વિકાસની — વ્યક્તિત્વના પરિષ્કારની જરા પણ સંભાવન નથી. અસંયમી વ્યક્તિને નથી કોઈ પ્રકારનું શિક્ષણ રસપ્રદ લાગતું કે નથી એ પોતાનો સાંસ્કૃતિક વિકાસ ઈચ્છતી. વિષયોની પાછળ દોડતું રહેલું કામી મન પોતાના પ્રબળ પુરુષાર્થ દ્વારા નિર્મિત દેવમંદિર (આ માનવી કાયા)ને પૂર્ણપણે નષ્ટ કરી દે છે. બુદ્ધિશાળી લાગતો માણસ પણ વિષયોનાં ઉન્માદકારી આકર્ષણોથી મોહિત થઈને મૂર્ખતાપૂર્ણ કાર્યો કરવા લાગે છે. પછી ઓછી યોગ્યતા કે બુદ્ધિ ધરાવતા લોકોનું તો કહેવું જ શું ?

સુંદ-ઉપસુંદની કથા, સમુદ્રમંથન બાદ ભગવાન વિષ્ણુ દ્વારા કામી અસુરોથી અમૃતની રક્ષાનો પ્રસંગ તથા ભસ્માસુરના આત્મઘાતથી શું આપણને જાણવા નથી મળતું કે ઈન્દ્રિયો કેટલા પ્રબળ વેગથી મનને બળપૂર્વક ભ્રમિત કરી તેને નષ્ટ કરી નાખે છે. કોઈપણ મંચ પરથી એ ઉપદેશ આપવો સહેલો છે કે "આપણે આપણી ઈન્દ્રિયોને વશમાં રાખવી જોઈએ", "હે માનવ તું સંયમી બન." પરંતુ જે જીવનમાં ઊતરી શકે તથા જીવનકળાનો એક અંગ બની વ્યક્તિને આ યોગસાધના સુગમતાથી શીખવી શકે તે વિધિ ફક્ત ગીતાના આ સ્થિતપ્રજ્ઞ પ્રકરણમાં જ આપેલી છે. વિનોબાએ તેમના પુસ્તક 'સ્થિતપ્રજ્ઞ દર્શન'માં લખ્યું છે કે ગીતાના આ જ શ્લોક (ક્રમાંક ૬૦)ના ભાવાર્થનો એક શ્લોક મનુએ પણ લખ્યો છે. મનુ કહે છે

**માત્રા સ્વસ્રા દુહિત્રા વા ન વિવિક્તાસનો ભવેત્ ।**
**બલવાનિન્દ્રિયગ્રામો વિદ્વાંસમપિ કર્ષતિ ॥**

એટલે કે, "મનુષ્યે માતા, બહેન અને પોતાની દીકરીના વિષયમાં પણ સાવધ રહેવું જોઈએ, કેમ કે ઈન્દ્રિયો બળવાન હોય છે અને મોકો મળે તો વિદ્વાનને પણ ખેંચીને લઈ જાય છે." મનુનું આ વિવેચન એક સામાજિક મર્યાદાની અંતર્ગત સાધારણ મનુષ્ય માટે છે, તો ગીતાનું વિવેચન આધ્યાત્મિક દૃષ્ટિથી એક પૂર્ણ પુરુષ માટે કરવામાં આવ્યું છે. તેમ છતાં એ આશય સ્પષ્ટ છે કે મનુષ્યે પોતાના પર જરૂર કરતાં વધારે વિશ્વાસ રાખવો ા જોઈએ. ગીતા કહે છે કે એક સાધક સ્તરનો મનુષ્ય ઇન્દ્રિયોને વિષયોમાંથી હટાવી લે તે શક્ય છે પરંતુ તે મન પર હુમલો ન કરી દે તે માટે એણે સૂક્ષ્મ ઇન્દ્રિયનિગ્રહમાં નિષ્ણાત હોવું જોઈએ. આ વિનોબાનો મત છે.

આગળ એકસઠમા શ્લોકમાં ભગવાન કહે છે

**તાનિ સર્વાણિ સંયમ્ય યુક્ત આસીત મત્પરઃ ।**
**વશે હિ યસ્યેન્દ્રિયાણિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥ (૨/૬૧)**

એટલે કે — "તેથી દરેક સાધક માટે એ આવશ્યક છે કે તે આ બધી ઇન્દ્રિયોને વશમાં કરી સમાહિત ચિત્ત થઈને મારા ધ્યાનમાં બેસે. કેમ કે જે પુરુષની ઇન્દ્રિયો ।શમાં હોય છે તેની જ બુદ્ધિ સ્થિર થઈ જાય છે."

યોગેશ્વર અનુસાર એક જ સમાધાન છે — એક જ રીત છે — પોતાની સંકલ્પશક્તિથી મનને બહિર્મુખીમાંથી અંતર્મુખી કરી પરમાત્મચેતનામાં પ્રતિષ્ઠિત કરે. એ માટે ધ્યાનનો આશ્રય લે. ભગવાન કહે છે — **"તાનિ સર્વાણિ સંયમ્ય"** એટલે કે એ બધી ઇન્દ્રિય વાસનાઓને સંયમિત કરી સ્થિરબુદ્ધિ થઈને મારામાં જ તલ્લીન થઈ જાવ. એ સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી. પરમપૂજ્ય ગુરુદેવ પણ એ જ લખતા રહ્યા છે કે આપણે પોતાને પરમાત્મચેતના-સવિતા દેવતાના પાપનાશક ભર્ગ-તેજમાં અધિષ્ઠિત કરવાનું શીખીએ. ગાયત્રીનું સતોગુણી ધ્યાન, જેમાં અંગપ્રત્યંગોમાં દેવીના સૌંદર્યનું ધ્યાન કરી માતૃભાવથી તેના શક્તિસ્ત્રોત થવા અને તેના દ્વારા આત્મબળમાં સતત વધારો કરવાની 'જપની સાથે ધ્યાન' વાળી પ્રક્રિયામાં પ્રાર્થના કરવામાં આવે છે. ભગવાન વારંવાર કહી રહ્યા છે — **"યુક્ત આસીત મત્પરઃ"** **"મન્મનાભવ મદ્‌ભક્તો"** — એવા નિર્દેશો આપતા રહ્યા છે. મનને જો કોઈ રચનાત્મક - ઉચ્ચ લક્ષ્ય સાથે જોડી દેવામાં આવે અને પ્રબળ ઇચ્છાશક્તિ સાથે એ કાર્ય કરવામાં આવે તો આ 'પ્રમથન સ્વભાવની' ઇન્દ્રિયો પર કાબૂ મેળવી શકાય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવું એટલા માટે જરૂરી છે કે નિરંતર વિષયોનું ચિંતન કરનાર મનુષ્યની એ વિષયોમાં આસક્તિ થઈ જાય છે. **"ધ્યાયનો વિષયાન્ પુંસઃ સઙ્ગસ્તેષૂપજાયતે"** (૨/૬૨નો પૂર્વાર્ધ). વિચારવિજ્ઞાનના મર્મજ્ઞ છે શ્રીકૃષ્ણ. તેથી તેઓ એક મનોવૈજ્ઞાનિક તથ્ય સામે રાખે છે કે વિચારો સ્વભાવવશ વારંવાર તેમના ઉદ્ગમ સ્થાન તરફ જાય છે. મનમાંથી સજાતીય વિચારોનું જાણે ઝરણું નીકળી પડે છે. જો આ સકારાત્મક અને શ્રેષ્ઠ વિચારોનું હોય તો સારું છે. પણ જો એ હલકા-નિષેધાત્મક-વાસનાત્મક વિચારોનો પ્રવાહ હોય તો ચોક્કસપણે વિષયી પુરુષને એવા જ વિચારોથી ઘેરી લેશે. વૈજ્ઞાનિક પણ 'આયડિયોસ્ફિઅર'ની આ પરિકલ્પનાને સંપૂર્ણ રીતે વિજ્ઞાનસંમત માને છે. તેથી જ ઋષિગણ પણ કહેતા આવ્યા છે કે **"આનોભદ્રા ક્રતવન્તો વિશ્વતઃ"** સંસારના વિષયો પ્રત્યે આસક્તિ આપણા સતત વિષયચિંતનનું જ પરિણામ છે. જેમ જેમ એમાં વધારો થતો જાય છે. તેમ તેમ એ તેના પ્રવાહમાં વેગમાં રાગયુક્ત પદાર્થોની પ્રાપ્તિ માટેની ભાવના પેદા કરી દે છે. આ વાત શ્લોકના ઉત્તરાર્ધમાં સ્પષ્ટ છે.

**"સઙ્ગાત્સઞ્જાયતે કામઃ કામાત્ક્રોધોઽભિજાયતે"** (૨/૬૨)

એટલે કે "આસક્તિથી એ વિષયોની કામના પેદા થાય છે અને કામનામાં વિઘ્ન આવવાથી ક્રોધ ઉત્પન્ન થાય છે."

ભગવાન વારંવાર સ્પષ્ટ કરી રહ્યા છે કે સ્થિતપ્રજ્ઞને જાણી લેતાં પહેલાં એ જાણવું અનિવાર્ય છે કે એવી કઈ-કઈ બાધાઓ છે જે આ માર્ગમાં આવે છે. "જ્યાં કામેચ્છારૂપી વિચારોમાં સડો પેદા થાય છે ત્યાં ક્રોધરૂપી દુર્ગંધ જન્મ લે છે." (સ્વામી ચિન્મયાનંદ-માનવનિર્માણ કળામાં)

એવો પુરુષ આ રીતે અનેક પ્રકારની જાળમાં ફસાઈને વિનાશને પ્રાપ્ત કરે છે. કામના અને કામનાપૂર્તિની વચ્ચે જે એક મોટો 'ગેપ' છે એને જો સત્સંગ દ્વારા — સદ્ચિંતન દ્વારા ભરી શકાય તો આવી દુર્ગતિ નહિ થાય. મનમાં ને મનમાં બળવું, પ્રગટમાં ક્રોધ કરવો, ભયંકર ગુસ્સામાં આવી જવું. આ બધી સ્થિતપ્રજ્ઞના માર્ગની બાધાઓ છે. 'સ્ટ્રેસ' અને મનોવિકાર આ કામનાને દબાવવાથી જ પેદા થાય છે. ભાવનાશીલ વ્યક્તિ આદર્શો તથા ઉચ્ચસ્તરીય કાર્યો માટે પોતાની ઊર્જાને નિયોજિત કરે છે. ક્રોધ અને મન્યુમાં ફરક છે. અહીં ભગવાન બળવાથી કામનાને દબાવવાથી પેદા થયેલ ક્રોધના જન્મ લેવાની પ્રક્રિયાની વ્યાખ્યા કરી રહ્યા છે અને કહી રહ્યા છે કે આ ક્રોધ ખૂબ જ વિનાશકારી છે. આગળનો શ્લોક એ જ કહે છે.

**ક્રોધાદ્ભવતિ સંમોહઃ સંમોહાત્સ્મૃતિવિભ્રમઃ ।**
**સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ ॥** (૨/૬૩)

એટલે કે — "ક્રોધથી અત્યંત મૂઢભાવ પેદા થઈ જાય છે — મૂઢભાવથી સ્મૃતિમાં ભ્રમ તથા તેનાથી બુદ્ધિ એટલે કે જ્ઞાનશક્તિનો નાશ થઈ જાય છે અને બુદ્ધિનો નાશ થવાથી એ પુરુષ તેની સ્થિતિ કરતાં નીચે આવી જાય છે."

અહીં વસુદેવ આ પ્રસંગ એ માટે કહી રહ્યા છે કે અર્જુનની બુદ્ધિ મોહમાં ફસાયેલી છે અને તેઓ તેને બહાર કાઢવા માટે પ્રયત્નશીલ છે. બુદ્ધિનાશ કેવી રીતે થાય છે તેની યાદ પણ તેઓ પરોક્ષ રીતે અપાવી રહ્યા છે — દુર્યોધનની "જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિ"વાળી સ્વીકારોક્તિથી — જ્યાં એણે ગુરુઓને તેમજ ભીષ્મપિતામહને પણ ક્રોધથી ભરેલાં વચનો કહીને પોતાના વિનાશને પોતે આમંત્રિત કર્યો છે. તેઓ કહે છે કે ક્રોધથી મૂઢતા પેદા થાય છે. મનુષ્ય ક્રોધથી વિદ્વાન નથી કહેવાતો. કેટલાય લોકોની એવી ગેરસમજ હોય છે કે જે ક્રોધ કરે, પોતાને અધીન ધર્મપત્ની, બાળકો પર ગુસ્સો કરે, એનો જ રોફ રહે છે. એવી વાત નથી. ક્રોધ તો વિનાશનું મૂળ છે. આગળ જતાં મૂઢતા બાદ સ્મૃતિનાશ આવે છે. કઈ વાતની સ્મૃતિ, એની કે આપણે ઈશ્વરના રાજકુમાર છીએ. માનવી ગરિમાને અનુરૂપ જીવન જીવવા આવ્યા છીએ. આપણે એ ભૂલી જઈએ છીએ કે આપણે ભગવાનના યુવરાજ છીએ — વારસદાર છીએ — વરિષ્ઠ છીએ. આપણે આ ભૂલી જવાથી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નરપિશાચ - નરપશુ જેવું આચરણ કરવા લાગીએ છીએ. સ્મૃતિનાશથી આપણી જ્ઞાનશક્તિ નષ્ટ થઈ જાય છે તથા એ સ્થિતિ આવતાં જ મનુષ્યનું પતન થવા લાગે છે. આ પરિપ્રેક્ષ્યમાં રાવણનું ઉદાહરણ સારી રીતે સમજી શકાય છે કે તે કઈ રીતે પોતાની કામનાઓમાં વિઘ્ન આવવાથી ક્રમશઃ પતનને પ્રાપ્ત કરતો ગયા. જ્યારે એ તો વિદ્વાન હતો, પરાક્રમી સિદ્ધપુરુષ હતો, શંકર ભગવાનનું વરદાન મેળવનાર તપસ્વી હતો. બુદ્ધિના નાશથી પતનની પ્રક્રિયાને રોકવી – મનુષ્યને પતન તરફ જતો રોકીને ઉચ્ચ સ્થિતિ તરફ જવાનું શીખવાડવું જ અધ્યાત્મ છે. પરમપૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે પડવું સરળ છે. ઊઠવાનું મુશ્કેલ છે – તેથી એમણે અધ્યાત્મને 'જિંદગીનું શીર્ષાસન' કહ્યું છે. જે આ શીર્ષાસન શીખી લેશે તેની જિંદગી બની જશે. તેને જીવન જીવવાની કળા આવડી જશે તથા તે પોતાના પર અંકુશ રાખી આસક્તિને દૂર હટાવીને ત્યાગથી ભરેલું જીવન જીવવાનું શીખી લેશે. આ જ માનવનિર્માણ કળા છે.

આદ્ય શંકરાચાર્યે વિવેક ચૂડામણિમાં કહ્યું છે કે જેમ દડો ઉછળતો ઉછળતો નીચે આવે છે તેમ સાધકનું પતન થાય છે. એ પણ એક એક પગથિયું નીચે તરફ આવતો જાય છે. આપણે આ ધરતી પર શા માટે આવ્યા એની સ્મૃતિ હોય તો બુદ્ધિનાશ થવામાંથી બચી શકાય. આપણે ધરતીનો શૃંગાર વધારવા – વિશ્વમાનવની સેવા કરવા માટે આવ્યા છીએ. નહિ કે તેને નષ્ટ કરવા – માનવમાત્રને દુઃખ પહોંચાડવા. આપણે સૌ એ યાદ રાખીએ કે આપણે સૌભાગ્યશાળી છીએ કે આપણે અનેક જન્મોથી જોડાયેલા પરમપૂજ્ય ગુરુદેવના શિષ્ય છીએ. કોણ જાણે કેટલી વખત એમના વિરાટ અભિયાનમાં આપણે એમના ભાગીદાર રહ્યા છીએ. દેવસત્તાની જેમ જ આપણી ભૂમિકા રહી છે. આપણે એ ભૂલી જઈને ક્યાંક એવા ક્રિયાકલાપોમાં તો વ્યસ્ત થયા નથી કે જેથી આપણે ઉત્થાનને બદલે વિનાશને પ્રાપ્ત કરીએ. તેથી જ વારંવાર એ ચિંતન-આત્માવલોકન-પોતાને વિશે, પોતાની જાતને જ સ્મૃતિ અપાવવી જરૂરી છે.

મનુષ્યની મહાનતા તેની વિવેકશક્તિમાં જ છે. તેના વિકાસનું અને પશુઓ કરતાં તેની શ્રેષ્ઠતાનું મુખ્ય કારણ તેની વિવેકશક્તિ એટલે કે બુદ્ધિ છે, એ પણ ઋતંભરા સ્તરની. જ્યારે એ કાર્ય કરવાનું બંધ કરી દે તો એનો સર્વનાશ સુનિશ્ચિત છે એમ સમજવું જોઈએ. આસક્તિથી કામના, કામનાપૂર્તિમાં બાધા આવવાથી ક્રોધ ક્રોધમાંથી મોહ સ્મૃતિલોપ અને અંતે વિવેકશક્તિનો નાશ, આ એક આખું ચક્ર છે. તેથી ગીતાકાર વારંવાર આત્મસંયમનો મહિમા બતાવે છે.

મનુષ્ય જો પોતાનું અંતઃકરણ પોતાના વશમાં કરી લે (આત્મવશ્યૈર્વિધેયાત્મા), પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને આસક્તિથી દૂર રહી કર્મ કરતો રહે તો તેનાં બધાં દુઃખો સમાપ્ત થાય અને તેની બુદ્ધિ પરમાત્મામાં સ્થિર થઈ જાય છે. આ ૬૪મા અને ૬૫મા શ્લોકનો સાર છે. એટલે કે અસંયમીની ગતિ શું થશે એ જોયા પછી વિલોમ પણ જુએ કે જો આપણે અંતઃકરણની પ્રસન્નતા ઇચ્છીએ છીએ – દુઃખોની નિવૃત્તિ ઇચ્છીએ છીએ તો પોતાને કામનાઓ – આસક્તિઓ પર નિયંત્રણ કરવાનું શીખવાડીએ. સ્થિતપ્રજ્ઞની સૌથી મોટી વિશેષતા એ છે કે એ સદૈવ શાંતિમાં સ્થિત રહે છે, તેની ભાવનાઓ-કામનાઓ ક્યારેય બદલાતી નથી – તેથી એને સુખની પણ પ્રાપ્તિ થાય છે. જો આવું ન થાત તો એને સુખ ન મળત, શ્લોક ૬૬માં ભગવાન એ સમજાવે છે. ત્યારપછીનો શ્લોક ઉદાહરણો સાથેની વ્યાખ્યાવાળો છે કે મનુષ્યને ડુબાડવા માટે, આ ભવસાગરની ખાઈમાં નાખવા માટે ઘણી નહીં, એક જ ઇન્દ્રિય પર્યાપ્ત છે. ૬૮મા શ્લોકની આ અતિ મહત્ત્વપૂર્ણ વ્યાખ્યા યુગગીતા અંતર્ગત આવતા અંકમાં.

***યજ્ઞની શક્તિ ખૂબ જ મોટી છે. યજ્ઞ એ ક્યારેય કોઈ સમારોહ અથવા આયોજન ન હોઈ શકે પરંતુ યજ્ઞ એ તો દેવશક્તિઓનું અવતરણ છે.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# એક સદ્‌ગૃહસ્થ – સદ્‌ગુરુ

તે વખતે હિમાલયના રાનીખેત વિસ્તારમાં ફૌજી છાવણીના નિર્માણની વાત ચાલી રહી હતી. એ જ સંદર્ભમાં યુદ્ધ સંબંધી આપૂર્તિ વિભાગના એક યુવાન કર્મચારીને દાનાપુરથી ત્યાં મોકલવામાં આવ્યો હતો. એ આવ્યો અને તંબૂમાં રહેવા લાગ્યો. કામ કંઈ ખાસ નહોતું, થોડું ઘણું જે કામ હતું તેને એ થોડા સમયમાં જ પૂરું કરી લેતો. બાકીના સમયમાં એ આમતેમ ફરવા જતો, મજૂરો અને ચપરાસીઓ સાથે વાતચીતમાં વિતાવતો.

એને ખબર હતી કે હિમાલય માત્ર તપસ્વી, સિદ્ધ મહાયોગીઓની તપોભૂમિ છે, પરંતુ વાતચીત દરમિયાન જ્યારે એને જાણવા મળ્યું કે અહીંથી ૧૫ કિ.મી. દૂર દ્રોણગિરિમાં આજે પણ અલૌકિક શક્તિસંપન્ન મહાયોગી નિવાસ કરે છે તો એનું મન નાચી ઊઠ્યું. દ્રોણગિરિ – ખબર નહીં એ નામમાં કશું જાદુ હતું, જે એને બળપૂર્વક ખેંચવા લાગ્યું. તેથી એક દિવસ સવાર થતાં પહેલાં જ એ નીકળી પડ્યો.

રસ્તો ડુંગરાળ હતો. રસ્તાની બન્ને તરફ ચીડ અને દેવદારનાં લાંબાં લાંબાં વૃક્ષો આકાશને આંબી રહ્યાં હતાં. ઘણા વિસ્તારમાં ફેલાયેલાં સઘન વનની અનુપમ શોભાને નિહાળતો ચાલતાં - ચાલતાં તે એ પણ ભૂલી ગયો કે એણે પાછા આવવાનું છે. જ્યારે એ દ્રોણગિરિ નજીક પહોંચ્યો ત્યારે સૂર્યાસ્ત થવા આવ્યો હતો. સામે આવેલ નંદાદેવીના હિમશિખર પર સાંજની છટા એક અપૂર્વ દૃશ્યની સૃષ્ટિ રચી રહી હતી. એ આશ્ચર્યચકિત - વિસ્મિત થઈને એ તરફ જોતો જ રહી ગયો.

અચાનક એના કાનોમાં કોઈએ પોકારવાનો અવાજ સંભળાયો. "શ્યામાચરણ ! અરે ઓ શ્યામાચરણ લાહિડી !" આ તો કોઈ એને સાદ કરીને બોલાવી રહ્યું હતું. ભલા આ માનવરહિત અજાણ્યા સ્થળે અને પોકારનાર કોણ હોઈ શકે ? અહીં તો એને કોઈ ઓળખતું પણ નથી. સરકારી ટેલિગ્રામ મળતાં દાનાપુરથી ૫૦૦ માઈલ દૂર આ વિસ્તારમાં આવ્યે એને હજી બે દિવસ જ થયા હતા. મનમાં ભય જાગ્યો અને જિજ્ઞાસા પણ. છતાં જે તરફથી અવાજ આવતો હતો તે તરફ અનાયાસે જ તેના પગ વધતા ગયા. થોડેક દૂર આગળ વધતાં જ પહાડી ગુફાનાં દ્વાર પર એણે એક મહાયોગી જોયો. તેઓ જ ત્યાં ઊભા રહી એને પોકારી રહ્યા હતા.

એ જેવો નજીક પહોંચ્યો કે મહાયોગી આનંદથી પુલકિત થઈ ગયા અને પ્રેમથી કહેવા લાગ્યા – "તમે આવી ગયા શ્યામાચરણ ! આવો બેસો, વિશ્રામ કરો. હું તમને જ બોલાવી રહ્યો હતો."

એ તો હેરાન અને હતપ્રભ હતો. વિચારી જ ન શક્યો કે એમને શું કહે. બસ એક શુષ્ક પ્રણામ કરી ત્યાં પાસે જ ઊભો રહી ગયો, જોકે એના મનમાં સવાલોની વણઝાર ઊઠી રહી હતી. સૌથી મોટો સવાલ તો એ જ હતો કે એમને નામની ખબર કઈ રીતે પડી ? પોતાની આ ગડમથલમાં એણે આંખ ઉપર કરીને જોયું તો મહાયોગી તેની તરફ એક ઘનિષ્ઠ પરિચિતની જેમ જોતા મંદ-મંદ સ્મિત કરી રહ્યા હતા.

સ્મિત કરતાં તેઓ કહેવા લાગ્યા – "બેટા ! તારા વિશે હું બધું જ જાણું છું. તારું નામ શ્યામાચરણ છે, તારા પિતાનું નામ ગૌરમોહન છે. તારું ઘર કૃષ્ણનગરના ઘુર્ણી ગામમાં છે. નાનપણમાં જ તારી મા મરી ગઈ હતી. ત્યારબાદ તને લઈને તારા પિતા કાશી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવી ગયા. અઢાર વર્ષની ઉંમરે તારું લગ્ન થઈ ગયું. ત્રેવીસ વર્ષની ઉંમરે તમને આ નોકરી મળી. કેમ, હું ઠીક કહી રહ્યો છું ને ?

તેમના આ વિસ્તૃત જ્ઞાન પર તો એ આશ્ચર્યચકિત થઈ ગયો. એણે કહ્યું – "આશ્ચર્ય છે, તમને આ બધું કેવી રીતે જાણવા મળ્યું ?"

"મને ખબર નહિ હોય તો કોને ખબર હોય ? આટલા દિવસોથી હું અહીં તમારી પ્રતીક્ષામાં બેઠો છું. સારું જરા વિચારીને કહો, પહેલાં ક્યારેય અહીં આવ્યા હતા ?"

શ્યામાચરણે જવાબ આપ્યો – "ના, હું તો અહીં પહેલી જ વાર આવ્યો છું."

મહાયોગી ખડખડાટ હસી પડ્યા. બોલ્યા – "સારું, મારી સાથે તમે આ ગુફામાં આવો."

તેમની પાછળ ચાલતો શ્યામાચરણ ગુફાની અંદર ગયો. ત્યાં જોયું કે ગુફાના એક ખૂણામાં એક ધુમાડા વગરની ધૂણી પાસે વ્યાઘ્ર ચર્મ અને દંડ-કમંડળ પડ્યાં છે.

એમણે એ વસ્તુઓ બતાવતાં કહ્યું – "આ બધી વસ્તુઓ તમારી છે. હવે કંઈ યાદ આવ્યું ?" શ્યામાચરણે થોડા હેરાન થતાં કહ્યું – "ના."

ત્યારે એ દેવપુરુષ તેની એકદમ નજીક ઊભા થઈ ગયા અને તેની કરોડરજ્જુને દબાવી. દબાવતાંની સાથે "પળવારમાં શ્યામાચરણની વિસ્મૃતિનું આવરણ હટી ગયું અને એ પોતાનો પૂર્વજન્મ સ્પષ્ટ રીતે જોવા લાગ્યો.... અરે હા, આ બધી વસ્તુઓ તો મારી જ છે. આ વ્યાઘ્રચર્મ, આ દંડ-કમંડળ અને આ જે મારી બગલમાં ઊભા છે, આ તો મારા પૂર્વજન્મના ગુરુ છે.

શ્યામાચરણ આંસુ સારતાં નેત્રો અને રોમાંચિત દેહ સાથે એમના પગમાં ઢળી પડ્યો. એને ઊભો કરતાં એ દેવપુરુષે કહ્યું – "શ્યામાચરણ ! હવે તમે જાણી ગયા ને કે તમે કોણ છો ? સાધનાના ઉચ્ચ માર્ગમાં પહોંચતી વખતે જ તમે પોતાનું એ પહેલાંનું શરીર છોડી દીધું હતું, પરંતુ ઈશ્વરની ઇચ્છા છે કે તમે સંસારમાં કંઈક કરો, તેથી તમારી સાધનાની સંપદા મારી પાસે ન્યાસના રૂપમાં મૂકી રાખી છે, તમને ફરીથી સાધનાપથમાં દીક્ષિત કરવા માટે જ હું અહીં આવ્યો છું."

શ્યામાચરણે ફરીથી એ દેવપુરુષના પગ પકડી લીધા અને કહ્યું – "ગુરુદેવ ! હવે હું તમને છોડીને ક્યાંય નહિ જાઉં. મને હવે તમારાથી અળગો કરશો નહિ પ્રભુ !"

એ દેવપુરુષ હસવા લાગ્યા અને બોલ્યા – "અરે, અત્યારે તો તમારે સંસારમાં પાછા જવાનું છે. તમારે સંસારમાં યોગસાધનાનો પ્રચાર કરવાનો છે. થોડા દિવસોમાં જ તમારે દાનાપુર પાછા જવું પડશે. તમે દુઃખી ન થાવ. જુઓ, મેં જ તમને અહીં બોલાવ્યા છે. તમે તમારા ઉપરીનો ટેલિગ્રામ પ્રાપ્ત કરીને અહીં આવ્યા છો તે એમની ભૂલને કારણે જ, અને એ ભૂલ એમની પાસે મેં જ કરાવી હતી. શ્યામાચરણ તમે ભૂલશો નહિ કે તમે ઑફિસને કારણે અહીં આવ્યા છો પણ તમારે કારણે અહીં ઑફિસ આવી છે. તેથી જ્યાં સુધી તમે અહીં છો ત્યાં સુધી મને મળવા રોજ આવજો."

એ રાત શ્યામાચરણ ત્યાં જ રોકાઈ ગયો. બીજા દિવસે રાનીખેત આવ્યો અને પોતાની ઑફિસ દ્રોણગિરિ નજીક લઈ ગયો. સવારે પોતાનું કામ પૂરું કરી લેતો અને આખો દિવસ ગુરુ સાથે રહેતો. ગુરુ જે ખાવા આપતા એ જ ખાઈ લેતો.

ત્રીજા દિવસે ગુરુએ એક પાત્ર બતાવતાં કહ્યું – "શ્યામાચરણ ! આમાં જે કંઈ છે તે પી જાવ."

શ્યામાચરણે એ પાત્રને પોતાના હાથમાં લઈને જોયું તો એમાં તેલ જેવો કોઈ પદાર્થ હતો. વિચાર્યું કે કોઈ ભૂલ થઈ હશે, તેથી એણે ગુરુ તરફ જોયું. ગુરુએ કહ્યું – "મારા તરફ શું જોઈ રહ્યા છો, બધું પી જાવ."


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શ્યામાચરણે ગુરુની આજ્ઞા શિરોધાર્ય માની તે પી ગયો.

ત્યારે ગુરુએ બીજો આદેશ આપ્યો — "હવે જાવ અને પાસેની નદીના કિનારા પર પડ્યા રહો."

શ્યામાચરણ પાસેની નદીના કિનારે પહોંચ્યો જ હતો કે તેને ઝાડા અને ઊલટીઓ થવાનું શરૂ થયું. એટલા ઝાડા અને ઊલટીઓ થઈ કે શરીર ઢીલું પડી ગયું. ઊઠવાની શક્તિ પણ ન રહી તો નદીના તટે રેતી અને કાંકરાઓ પર જ પડ્યો રહ્યો.

અહીં પડી રહ્યા બાદ કેટલો વખત થયો તેનું કોઈ ભાન જ ન રહ્યું. નદીમાં પૂર આવ્યું અને તેને બળપૂર્વક ઘસડીને લઈ જવા લાગી. શ્યામાચરણને કશું સમજમાં નહોતું આવતું કે આવી સ્થિતિમાં એ શું કરે ? તેમ છતાં એ પોતાના બચાવ માટે પાણીમાં પ્રયત્ન કરવા લાગ્યો. પ્રયત્ન કરતાં કરતાં એ ખૂબ જ થાકી ગયો. શરીરમાં જરાય તાકાત ન રહી. તે જ વખતે જોયું કે નદી અચાનક શાંત થઈ ગઈ છે અને દેહમાં એક નવી સ્ફૂર્તિનો સંચાર થઈ ગયો છે.

શ્યામાચરણ ત્યાંથી ઊઠ્યો અને એ દેવપુરુષ પાસે જઈને ઊભો રહ્યો. એને જોતાં જ એમણે કહ્યું — "શ્યામાચરણ ! આ ખૂબ જ સારું થયું કે દેહની બધી મલિનતા સ્વચ્છ થઈ ગઈ. આજે દિવસ પણ સારો છે. સાંજે હું તમને ફરીથી આ જન્મની દીક્ષા આપીશ."

સાંજ થતાં જ ગુરુએ એને દીક્ષા આપી અને યોગસાધનાની પ્રક્રિયા સમજાવી. એ ઉત્તમ અધિકારી અને ઉચિત સત્પાત્ર તો હતો જ, તેથી સહજતાથી યોગસાધનામાં ગતિ થવા લાગી.

કેટલાક દિવસો બાદ ગુરુદવે કહ્યું — "શ્યામાચરણ ! હવે તમારે પાછા જવાનો સમય થઈ ગયો છે. આજથી સાતમા દિવસે ટેલિગ્રામ આવશે અને તમારે ફરી દાનાપુર પાછા જવું પડશે."

"ગુરુદેવ, હવે હું કશું જ ઇચ્છતો નથી. તમે મને તમારાં શ્રીચરણોમાં જ રહેવા દો." શ્યામાચરણના સ્વરોમાં ઊંડી વિહ્વળતા હતી.

"અરે, આ તમે શું કહો છો ? મેં તમને પહેલાં જ કહી દીધું હતું કે તમારે યોગસાધનાનો પ્રચાર કરવાનો છે. તમે ગૃહસ્થ જ રહેશો, સાધુ બનશો નહીં. જો તમે સાધુ બની ગયા તો જે ઘણા લોકો તમારાથી લાભાન્વિત થવાના છે તે કેવી રીતે થશે ?

શ્યામાચરણ ચિંતિત થઈ ગયો. કહ્યું — "સારું ગુરુદેવ, તો એક વચન આપો કે હું જ્યારે પણ તમને પોકારું ત્યારે તમે આવશો ? ગુરુદેવે કંઈક વિચારીને કહ્યું — "ઠીક છે."

સાતમા દિવસે ટેલિગ્રામ આવ્યો અને ગુરુની વિદાય લઈ એ દાનાપુર જવા રવાના થઈ ગયો. રસ્તામાં મુરાદાબાદમાં રોકાયો, કેમ કે એને થોડાં આત્મીયજનોને મળવાનું હતું.

વાતવાતમાં સાધુઓની ચર્ચા નીકળી. એ બધા કહેવા લાગ્યા — "સાચા સાધુઓ ભલા હવે ક્યાં છે ?"

શ્યામાચરણે એ બધાનાં કથનનો વિરોધ કર્યો — છે, અત્યારે પણ છે અને એમને મેં જોયા પણ છે." આ કહેતાંની સાથે જ એણે બધાને પોતાની કહાની સંભળાવી દીધી.

એ બધા કહેવા લાગ્યા, "જ્યારે તમે એમને જોયા છે તો અમને પણ દર્શન કરાવો નહિ તો અમે એમ જ સમજીશું કે આ પણ તમારી કોઈ નવી ગપ છે."

શ્યામાચરણ ખૂબ જ ધર્મસંકટમાં પડી ગયો. એક સામાન્ય જેવી વાત માટે પોતાના આરાધ્ય ગુરુદેવન બોલાવવા એ યોગ્ય નહોતું અને જો નહિ બોલાવે તો આ અવિશ્વાસુઓને વિશ્વાસ કેવી રીતે અપાવી શકે ? તેથી એ રૂમનો દરવાજો બંધ કરી એમને બોલાવવા માટે બેસી ગયો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શ્યામાચરણે બોલાવતાં જ મહાગુરુ સૂક્ષ્મશરીરથી એ કમરામાં આવ્યા અને સ્થૂળશરીર ધારણ કરી પાસેના આસન પર બેસી ગયા. તેઓ કહેવા લાગ્યા – "શ્યામાચરણ ! તમારા બોલાવવાથી હું આવી તો ગયો, પરંતુ આવી સામાન્ય જેવી વાત માટે મને અહીં બોલાવવાનું શું યોગ્ય છે ? જાણો છો, મારે કેટલે દૂરથી અહીં આવવું પડ્યું છે. શું તમાશો બતાવવા માટે મેં તમારી અંદર શક્તિનો સંચાર કર્યો છે ? યોગવિભૂતિનો અધિકારી બનાવ્યો છે ?

ગુરુદેવની વાત સાંભળીને એ ભય અને લજ્જાથી કંપવા લાગ્યો. તેના સ્વરો થંભી ગયા, એ કશું જ બોલી ન શક્યો. ગુરુદેવે કહ્યું – "સાંભળો શ્યામાચરણ ! મારા વચન અને તમારા સન્માનના રક્ષણ માટે હું આજે અહીં આવી ગયો છું, પણ ભવિષ્યમાં તમારા બોલાવવાથી હું નહિ આવું. જ્યારે ખૂબ જ જરૂર લાગશે તો હું પોતે જ આવી જઈશ."

શ્યામાચરણ ગુરુચરણોમાં પડીને ક્ષમા માગતાં બોલ્યો – "ગુરુદેવ, આ વખતે મને ક્ષમા કરી દો. મેં આ અવિશ્વાસુઓના મનમાં શ્રદ્ધા પેદા કરવા માટે જ આપને બોલાવ્યા હતા. હવે જ્યારે આપ આવી જ ગયા છો તો એમને દર્શન આપી દો."

ગુરુની સંમતિ મેળવીને શ્યામાચરણે દરવાજો ખોલ્યો, એના આત્મીય મિત્રોએ પણ એ દેવપુરુષને વંદન કર્યાં અને તેઓ સમજી ગયા કે આ કોઈ ઇન્દ્રજાળ નથી. આવા વિભૂતિસંપન્ન મહાપુરુષો આજે પણ પૃથ્વી પર વિચરણ કરે છે.

શ્યામાચરણ દાનાપુર આવી કામમાં લાગી ગયા. દિવસે કામ અને રાત્રે યોગસાધના. પરિણામે ધીમે ધીમે એક પછી એક બધી શક્તિઓ એમને પ્રાપ્ત થતી ગઈ. તેઓ ચેતનાના સર્વોચ્ચ સ્તરે આરૂઢ થઈ ગયા. ઈસવીસન ૧૮૮૫માં જ્યારે તેઓ સરકારી નોકરીમાંથી મુક્ત થયા તો કાશીમાં આવીને રહેવા લાગ્યા. એમની યોગવિભૂતિની ખ્યાતિ તો દાનાપુરમાં હતા ત્યારે જ પ્રસારિત થવા લાગી હતી, પરંતુ હવે તો તેઓ કાશીના બાબા અને યોગીરાજના રૂપમાં સર્વત્ર પ્રસિદ્ધ થઈ ગયા. એમણે ઘણાં લોકોને દીક્ષા આપી. અનેક ગૃહસ્થો અને સાધુઓ એમના શિષ્ય બન્યા. એમના સાધુશિષ્યોમાં સ્વામી પ્રણવાનંદ અને યુક્તેશ્વર ગિરિનું નામ ઉલ્લેખનીય છે, પરંતુ એમણે પોતે ક્યારેય સંન્યાસ લીધો નહીં. ગુરુના આદેશનું અક્ષરશઃ પાલન જ સાધનાનો મૂળમંત્ર છે. એને જ એમણે હમેશાં અપનાવ્યો. આ માર્ગ અમારા અને તમારા માટે પણ છે.

*આ આપણું પરમ સૌભાગ્ય છે કે ભગવાનની ઈચ્છા પૂરી કરવાની સાથે સાથે ભેટના રૂપમાં આપણે આપણા જીવન લક્ષ્યને પણ પ્રાપ્ત કરી શકીએ છીએ. આપણે પૂર્ણતાનું લક્ષ્ય એવી રીતે પ્રાપ્ત કરી શકીએ છીએ કે ભગવાનની ઈચ્છાઓ પૂરી કરતા જઈએ અને આપણે આપણા ગુણ, કર્મ અને સ્વભાવનો વિકાસ કરીએ. તેનો વિકાસ કરવાથી જ શક્ય છે કે આપણો આત્મા વિકસિત થતો જાય અને આત્માનો વિકાસ થતાં થતાં આપણે પરમાત્માના સ્તર સુધી પહોંચવામાં સમર્થ બની શકીએ. આટલા માટે આપણે આ સૃષ્ટિના સર્જનહારની ઈચ્છા પૂરી કરવાનો મનોયોગપૂર્વક પ્રયાસ કરવો જોઈએ અને તેના માટે કટિબદ્ધ થઈ જવું જોઈએ. આપણે જો આટલું કરી શકીશું તો અધ્યાત્મવાદી ગણાઈશું.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગઋષિની પ્રેરણા અને આપણાં ક્રિયાકલાપ

સાહસ મનુષ્યજીવનનો અમૂલ્ય નિધિ છે. કાયરો રડતો-કકળતા જ રહેશે, પછી ભલે તેઓ સુયોગ્ય હોય બહાદુર અયોગ્ય હોય તો પણ તેઓ જ બાજી જીતશે. યોગ્યતાનું મહત્ત્વ ઘણું છે પણ એ સાહસથી વધીને ન હોઈ શકે. કુમાર્ગગામી હોવા છતાં પણ સાહસિક તેના નિંદનીય ક્ષેત્રમાં પણ કંઈક કરી બતાવે છે, જ્યારે ભીરુ સંકોચી અને કામપ્રકૃતિના લોકો વંદન કરવાયોગ્ય સારા માર્ગનું અનુસરણ કરતા હોવા છતાં કોઈ મહત્ત્વપૂર્ણ સફળતા પ્રાપ્ત કરી શકતા નથી. કુમાર્ગમાંથી સફળ થાય છે અને સન્માર્ગગામી નિષ્ફળ થાય છે એમ વિચારવું અસ્થાને છે. વાસ્તવિકતા એ છે કે હિંમત વગરની વ્યક્તિ સારા કે ખરાબ કોઈ પણ માર્ગ પર ચાલે, એમાં એને અસફળતા મળશે. સાહસિક જે મંજિલ પકડશે તેને પાર કરીને રહેશે. વાલ્મીકિ, આમ્રપાલી અજામિલ, તુલસીદાસ, સૂરદાસ વગેરેનાં શરૂનાં જીવન કલુષિત હતાં, જ્યારે તેઓ કુમાર્ગગામી હતા ત્યારે પણ તેમનો દબદબો હતો અને જ્યારે સન્માર્ગગામી બન્યાં તો એમણે એ ક્ષેત્રમાં પણ યશ સ્થાપિત કર્યો. સાહસ જીતે છે. હિંમતવાનોના ગળામાં જ વિજયશ્રી પહેરાવવામાં આવે છે.

પાછલાં કેટલાંક વર્ષથી અમે આ સંદર્ભમાં અમારા પ્રિય પરિજનોને સાહસિક બનાવાનું શિક્ષણ આપી રહ્ય' છીએ. અમારા પોતાના જીવનમાં જે કોઈ ઉપલબ્ધિઃ . છે એમાં ઘણું શ્રેય સાહસિકતાને જાય છે. સ્વતંત્રતા આંદોલનમાં ગોળીઓના સનસનાટની છાયામાં લાંબો સમય વિતાવ્યો. કૉંગ્રેસ આંદોલનમાં ત્રણ વર્ષની જેલ અને કાળકોટડી હસી-ખેલ જેવી લાગી, વનપર્વતોના હિમાચ્છાદિત અને હિંસક પશુઓથી ભરેલા પ્રદશેમાં સુનકારને સહચર માની ઘણો કાળ ગુજાર્યો, બધા કુટુંબીઓ સંબંધીઓ ભરયુવાનીમાં કંઈક કમાવાનો અને કહેવાતી પ્રગતિ કરવાનો આગ્રહ કરતા રહ્યા પરંતુ અમને પુરશ્ચરણોની વાત જામી ગઈ તો એના પર અડગ રહ્યા. જે માર્ગ અપનાવ્યો એમાં પ્રિયજનોએ વખતોવખત રોક્યા, પરંતુ આત્માના અવાજ સામે બધાની વાત વણસાંભળી કરતા રહ્યા, યજ્ઞ આંદોલન અને ગાયત્રી પ્રચારમાં રૂઢિવાદીઓ સાથે અમારે કેવો સામનો કરવો પડ્યો અને કેટલો વિરોધ સહન કરવો પડ્યો એની દિલ ધડકાવનારી કથા છે. જીવનમાં અમે ઘણાં ઉતારચઢાવ ભોગવ્યાં અને આઘાત-પ્રત્યાઘાતો સહ્યા છે, પરંતુ દરેક પરિસ્થિતિનો હિંમતથી સામનો કર્યો. અસફળતા સામે તો ઘણી આવી, શાંતચિત્તે તેનો મુકાબલો કયો અને બીજી જ ક્ષણે સફળતા પ્રાપ્ત કરવા માટે. બમણા-ચારગણા ઉત્સાહથી લાગી ગયા. નિરાશાને ક્યારેય પણ પોતાના મનઃક્ષેત્રમાં એક ડગલું પણ પ્રવેશવા ન દીધી. નિષ્ફળતા પર ક્યારેય ખિન્ન થયા નથી, અવરોધ ક્યારેય ડરાવી ન શક્યા. મને અને શરીરને પીસી-પીસીને એવું રસાયન બનાવ્યું કે તેમાંથી વિક્રમાદિત્ય પાસે રહેતા કહેવાતા બે વેતાળોની જેમ મનવાંછિત કામ લીધું. લાગી ગયા તો હટવાનું નામ નહીં. અડી ગયા તો અંગદના પગને કોઈ ઉખેડી ન શક્યો. સાહસનો આ જ એક ગુણ અમારામાં મુખ્યરૂપથી વિકસિત થયો અને એ જહાજ પર સવાર થઈને આંધીતોફાન અને વમળોને પડકાર આપતા રહી હવે ત્યાં આવી પહોંચ્યા છીએ, જ્યાંથી કિનારો સાફ દેખાય છે. અમારી બૌદ્ધિક, આધ્યાત્મિક, સામાજિક સેવાઓ તથા સફળતાઓ જે કંઈ છે તેનું શ્રેય અમારી હિંમત જિંદાદિલી અને આશાભર્યા ઉમંગોને જ મળવું જોઈએ.

જીવનના આ અંતિમ અધ્યાયમાં અમે અમારી આ ઉપલબ્ધિને અમારા વારસદારોને વારસામાં આપવા માગીએ છીએ. નિશ્ચિતપણે હિંમત જ પારસમણિ છે. જેમણે પોતાને કંઈક બનાવવું હોય તેઓએ સાહસનો અભ્યાસ કરવો જોઈએ. જેની પાસે હિંમત છે તેને અસંખ્ય અભાવો અને વિરોધથી ઘેરાયેલા રહેવા છતાં પ્રગતિનો રાહ મળતો રહેશે, પરંતુ જેને વિપત્તિઓની સાથે આંખમીચામણાં કરતા રહી નવા દાવપેચ અને તોડફોડની સાથે લડવાનું ન આવડ્યું તે ખિન્ન અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉદ્વિગ્ન જ બની રોતો કકળતો બેઠો રહેશે. પ્રાચીનકાળના મહાપુરુષો તેમના અનુચરોને સુવિધાઓ અને સંપદાઓનો આશીર્વાદ નહોતા આપતા, પરંતુ એમને અગવડો, કઠણાઈઓ અને અસફળતાઓના વાડામાં ધકેલી દેતા હતા કે જેથી એમનું સાહસ સંતુલન ધૈર્ય અને શૌર્ય યથાક્રમ વિકસિત થઈ શકે. સુવિધાઓ અને સંપદાઓ વ્યક્તિને આળસુ અને વિલાસી બનાવે છે. સહજમાં મળેલી સફળતા કે સંપન્નતામાં કોઈને સાચો આનંદ મળતો નથી. મહાપુરુષોની ગૌરવગાથા તેમના જીવનસંઘર્ષ પર આધારિત રહે છે, જે વિપત્તિઓ સાથે લડ્યો નથી તે યશસ્વી થઈ શકતો નથી. જે નિષ્ફળતા મળ્યા બાદ ચારગણી હિંમત સાથે પ્રયત્નશીલ થાય છે અને જરૂરિયાતમુજબ ફેરફાર કરવાની સૂઝબૂઝ પ્રસ્તુત કરે છે તેની આગળ સફળતાને નતમસ્તક થવું પડે છે. વિપત્તિ કઠોર પરિશ્રમ ધૈર્ય અને સંતુલનના પડકાર લઈને જ આવે છે. પ્રલોભન સામે હોય ત્યારે જ કોઈની આદર્શવાદિતા પારખી શકાય છે, જ્યારે ખોટી લાલચને ઠુકરાવીને શ્રેય સાથે જોડાયેલી અભાવગ્રસ્તતાતો સ્વીકાર કરવામાં આવે છે. ત્યારે જ કોઈની ઉત્કૃષ્ટતા પ્રમાણિત થાય છે. સદ્‌ગુણ સાચી સંપત્તિ છે. એના આધરે જ કોઈ વ્યક્તિ ચિરસ્થાયી ગૌરવ પ્રાપ્ત કરી શકે છે. તેથી દૂરદર્શી તત્ત્વજ્ઞાની પોતાના અનુયાયીઓના સાચા હિતચિંતક હોવાથી એમને સંપન્નતાથી ભરેલાં વરદાન આપતા નથી પરંતુ વિપત્તિઓ સામે લડવાનો અવસર ખાપે છે અને એ બહાને શિષ્યની હિંમત વધારી તેને દરેક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરી શકવાની પ્રતિભાથી સમૃદ્ધ કરી દે છે.

અમારા ગુરુદેવે અમારી સાથે એ જ નીતિ રાખી, તેમણે ઈચ્છયું હોત તો પોતાની કૃપાના એક અંશથી અમારા ઉપર સંપન્નતા અને સફળતાની સહજ વર્ષા કરી શકયા હોત પરંતુ એમણે તેવું કર્યું નહીં, કેમ કે એ ઉપલબ્ધિઓ મળી ગયા બાદ પોતાની સ્વતંત્ર પ્રતિભા, મનસ્વિતા અને સાહજિકતાનો વિકાસ થવાનો અવસર જ ન મળ્યો હોત એવી સ્થિતિમાં ભારે નુકસાનમાં રહેવું પડ્યું હોત કેમ કે સમૃદ્ધિની તુલનામાં સાહસથી ભરેલી પ્રતિભાનું મૂલ્ય લાખગણું વધારે છે. વ્યક્તિત્વ હલકું, દુર્બળ અને નીચલા સ્તરનું લૂલૂ-પાંગળું બની રહે તો સંપન્નતાનો શો લાભ ? દુર્બળ પાસે આવેલી સંપન્નતા સંકટ પેદા કરી દે છે. જે તેનું સંરક્ષણ અને સદુપયોગ કરી શકે તે જ સમૃદ્ધિનો લાભ ઉઠાવી શકે છે અને આ બન્ને કાર્યો પ્રચંડ સાહસિકતા પર આધાર રાખે છે. સાહસની મદદથી જ અમે વધ્યા છીએ. અમને જ નહીં પણ સંસારની દરેક પ્રકાશવાન પ્રતિભાને પોતાની ન ઝૂકતી હિંમતનો પરિચય આપવો પડ્યો છે. જે આ કસોટી પર ખરો ઊતર્યો તેને માટે સફળતાનાં દરેક દ્વાર સ્વાગત અને અભિનંદન કરવા માટે ખુલ્લાં પડ્યાં છે.

અમારી અત્યારસુધીની જીવનપ્રક્રિયાનો આ જ નિષ્કર્ષ છે. અમને છીપ માનવામાં આવે તો પેટમાં એક જ મોતી મળશે 'સાહસ' તેના વગર અમને પ્રસ્તુત ઉપલબ્ધિઓમાંથી એક પણ મળી શકી ન હોત. તપશ્ચર્યા અને આત્મબળની સાધના પોતાની જાત સાથે લડવા પર આધારિત છે, તેથી અમે પોતાની જાત સાથે બહાદુરીથી લડ્યા છીએ. મન સહજ રીતે માની જાય એવું નથી, તે એવું ધૂર્ત છે કે જરા પણ બેખબર જુએ કે તરત જ પટકી દે છે. તેની સાથે શત્રુની જેમ સતર્ક રહેવાની અને મિત્રની જેમ સંબંધ રાખવાની કળા શીખવી પડે છે. લોકોને બહારની ઉપલબ્ધિઓ દેખાય છે, પરંતુ અમને પોતાના અંતરંગ જીવનસંઘર્ષનો અનુભવ છે અને તેને જ મહત્ત્વ આપીએ છીએ. હકીકતમાં અમારી વાસ્તવિક વિશેષતા એ હિંમત છે જેના સહારે કોઈની પણ પરવા કર્યા વિના પોતે પોતાના માર્ગની પસંદગી કરી અને અંતરંગ તથા બહિરંગ બધા અવરોધો સાથે લડતા રહી પોતાના પગે પોતાના માર્ગે ચાલતા રહ્યા. નિંદાથી વિચલિત ન થાય કે પ્રશંસાથી ફુલાઈ ન ગયા. પોતાના કર્તવ્યનું સારી રીતે પાલન થઈ રહ્યું છે કે નહિ, એ કેન્દ્રબિંદુ પર જ પોતાના સંતોષ-અસંતોષનો પૂર્ણપણે આધાર રાખી એક એક ડગલું આગળ વધારતા રહી ત્યાં આવી પહોંચ્યા કે જ્યાં પોતાના શાનદાર ભૂતકાળ અને ઉજ્જવળ ભવિષ્યનું દર્શન કરી સંતોષનો શ્વાસ લઈ શકીએ છીએ.

**જીવનના આ ઉત્તરાર્ધમાં અમને ખૂબ ઉતાવળ એ વાતની છે કે અમારી આ મહાન ઉપલબ્ધિને વારસો લેવા કોઈ અનુયાયી સામે આવે. સુવિધા અને સંપન્નતાનું વરદાન પ્રાપ્ત કરવા, આશીર્વાદ માટે પગસ્પર્શ કરવા**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**અને માળા પહેરાવવાનું મૂલ્ય મેળવવા માટે ભારે ભીડ લાગેલી રહે છે. એમને થોડું આપતા રહી ટાળતા રહીએ છીએ, પરંતુ એ કહેવાતા ''શિષ્યો''થી અમને રત્તીભાર પણ સંતોષ નથી. અનુદાનથી પણ કોઈ સુખ પ્રાપ્ત કરી શકશે નહિ. એવા લોકોની શોધ હતી કે જેઓ અમારી જેમ જ સાહસનું મૂલ્ય સમજે અને તેને પ્રાપ્ત કરવાનું મૂલ્ય કઠણાઈઓ સાથે સંઘર્ષ કરવાના રૂપમાં ચૂકવી શકે. અમને આ માર્ગ પર જ ચાલવું પડ્યું છે. અમે ઈચ્છીએ છીએ કે આ માર્ગ પર ચાલી શકતી કેટલીક પ્રતિભાઓ અમારા વધુ સંપર્કમાં આવે જેમને પહેલવાન બનાવીને અમે પોતાના અખાડાની યશસ્વિતા અને પરંપરાને આગળ પણ જીવિત રહેતી જોઈ શકીએ.**

**આજકાલ આપણી પત્રિકામાં પાછલા દિવસોની જેમ ઉપદેશ જ નથી રહેતો પણ કંઈક કરવાની પ્રેરણા રહે છે.** એનું પ્રયોજન પરિજનોમાં કર્મઠતા પેદા કરવાનું છે. આપણે પોતે પોતાનું કામ કરી શકીએ છીએ. જે જવાબદારીઓ આપણને સોંપવામાં આવી છે તેને આપબળે પૂરી કરી શકવાની આપણામાં ક્ષમતા વિદ્યમાન છે સહયોગ ન મળે તો પણ પરશુરામની જેમ એકલા જ આપણે એકમાત્ર કુહાડીથી ઘણું કરી શકીએ છીએ. આ અનુરોધ પરિજનોને વારંવાર એ માટે કરી નથી રહ્યા કે તેઓ બતાવેલાં કાર્યો થોડાઅંશે પણ નહિ કરે તો અમારો ખેલ બગડી જશે. આગ્રહનું એકમાત્ર કારણ પરિજનોની પ્રતિભાનો વિકાસ અને સન્માર્ગ પર ચાલી શકવાની સાહસિકતાનો અભ્યાસ કરાવવાનું જ છે. પ્રસ્તુત કાર્યક્રમોમાં જો થોડો સમય અને પૈસા આપી શકશે તો દેશ, સમાજ, ધર્મ અને સંસ્કૃતિની સેવા તો કરશે જ પરંતુ હકીકતમાં અસલી હિત તો પોતાનું જ સાધશે, કેમ કે આંતરિક ભીરુતા, સંકીર્ણતા, સ્વાર્થીપણું, સત્કર્મ કરવાનો ખચકાટ, સંબંધીઓના ઉપહાસથી પેદા થતો અવસાદ વગેરે દુર્ગુણો સાથે લડવાનો મોકો મળશે. પ્રસ્તુત કાર્યક્રમોને એક વ્યાયામશાળા માનવી જોઈએ, જેમાં દરેક પરિજન પોતાની સન્માર્ગગામી સાહસિકતામાં વધારો કરી શકે છે.

યુગ બદલાઈ રહ્યો છે. મહાકાળ પોતાનું કામ ઝડપથી કરી રહ્યો છે. મહાકાળી પોતાનું રૌદ્ર રૂપ ધારણ કરીને ઊભી છે. તાંડવનૃત્યનું ડમરું વાગી ગયું છે. અવિવેક, અન્યાય અને અવસાદના ત્રણ અસુર શુંભ-નિશુંભ, મધુકૈટભ અને મહિષાસુરની જેમ હવે પરાજિત થવાના જ છે. નવચેતનાની ઉષાનો ઉદય થઈ ગયો હવે વિવેકના સૂર્યનો ઉદય થવાનો જ છે. એકતા સમતા મમતા અને શુચિતાથી ઓતપ્રોત નવયુગ હવે સમીપ આવી ગયો. મૂઢતા, લોલુપતા અને લિપ્સાની દુષ્પ્રવૃત્તિ તાડકા અને શૂર્પણખાની જેમ થોડા દિવસોમાં જ પોતાનું અવસાન જોશે. આ પરિવર્તનને કોઈ રોકી નહિ શકે. એ પોતાની રીતે આંધીતોફાનની જેમ આગળ વધતો, વીજળીની જેમ કડાકા સાથે તૂટતો અને જ્વાળામુખીની જેમ ઊકળતો ગતિશીલ થઈ રહ્યો છે. જેમને દેખાતું ન હોય તેઓ થોડીક ક્ષણો પ્રતીક્ષા કરે અને જુએ કે જે કહેવામાં આવી રહ્યું છે તે અક્ષરશઃ સત્ય થાય છે કે નહિ. આજની વિડંબનાઓ દિલને ધડકાવનારી છે, પરંતુ પછીની સંભાવનાઓમાં ઉજ્જ્વળ ભવિષ્યની સાંત્વના મોજૂદ છે. **પ્રસ્તુત કાર્યક્રમ અમારા પરિજનો પૂરાં ન કરે તો પણ તેથી કંઈ બગડવાનું નથી. દૈવી શક્તિઓ હજાર રસ્તેથી પોતાનું કામ કરશે. અમને તો અમારા પ્રિય પરિજનોની મોહમમતા ખાઈ જાય છે, જેમાં એમની પ્રતિભા અને સાહસિકતાનો વિકાસ થાય અને આ વિજય મોરચા પર ઐતિહાસિક ભૂમિકા પ્રસ્તુત કરતા મહામાનવોની અગ્રગામી હરોળમાં એમને ઊભેલા જોવાની ઈચ્છા છે.**

તેથી દરેક વખતે અમે ઉપહાસ કે ઉપેક્ષાનો ભય રાખ્યા વિના એ અનુરોધ કરતા રહ્યા છીએ કે આ સંધિવેળામાં તેઓ હાથ પર હાથ ધરી ન બેસી રહે. કંઈક તો કરે. કોઈ સાંભળે કે ન સાંભળે, અમે તો કહેતા જ જઈશું કે જેથી અમને એમ ન લાગે કે અમે સમય રહેતાં પ્રિય પરિજનોને ઉદ્દબોધન કરવાના કર્તવ્યનું પાલન કર્યું નહિ. જેઓ નિષ્ક્રિય બેસી રહેશે તેઓ થોડા દિવસો બાદ પશ્ચાત્તાપ કરશે અને એક અનુપમ અવસર ગુમાવી દેશે, સન્માર્ગની દિશામાં સાહસિકતાનો અભ્યાસ કરવા માટે જેવો સુઅવસર, માર્ગદર્શન અને સહયોગ આજે મળી રહ્યો છે તેવી સ્થિતિ થોડા દિવસો પછી રહેશે નહિ. અત્યારે તો ખભા પર બેસીને સહેલ કરી શકાય છે, પાછળથી પોતે પોતાનો માર્ગ શોધી પોતાના પગે ચાલવું પડશે. તેથી કેટલાક કાર્યક્રમો રજૂ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરીને એ આશા રાખીએ છીએ કે યુગનિર્માણ યોજનાના સભ્યો ઉપેક્ષા કરશે નહિ, પરંતુ તેમને ઉત્સાહપૂર્વક અમલમાં મૂકશે.

અમારું બૌદ્ધિક અભિયાન બે ભાગમાં વહેંચાયેલું છે. (૧) વિચારપક્ષ, (૨) ક્રિયાપક્ષ. **વિચારપક્ષને અભિયાન અને ક્રિયાપક્ષને આંદોલન** પણ કહી શકાય છે. ગાડીનાં બે પૈડાંઓની જેમ વિચાર અને ક્રિયા બન્નેના સમન્વયથી નવનિર્માણની મહાન પ્રક્રિયા પૂરી થઈ શકશે. બૌદ્ધિક ક્રાંતિનો વિચારપક્ષ સાત કાર્યક્રમોમાં વહેંચાયેલો છે અને ક્રિયાપક્ષના પણ સાત જ વિભાગ રાખવામાં આવ્યા છે. આ ચૌદ કાર્યક્રમ સમુદ્રમંથનમાંથી નીકળેલાં ચૌદ રત્નો જેવા છે. એમને પ્રાપ્ત કરીને માનવજાત દેવતાઓ જેવું ઐશ્વર્ય મેળવવામાં સમર્થ બનશે. વિચારપક્ષ અંતર્ગત (૧) શ્રીરામ ઝોલા પુસ્તકાલય, (૨) માતા ભગવતી સ્વચાલિત પુસ્તકાલય, (૩) ગાયત્રી જ્ઞાનયજ્ઞ યોજના, (૪) વિદ્યાવિસ્તાર પ્રચાર કેન્દ્ર, (૫) જ્ઞાનયજ્ઞ પ્રચારક સહયોગી, (૬) પત્રાચાર પાઠ્યક્રમ અને (૭) યુગચેતના સાહિત્ય વિતરણ. તેવી જ રીતે ક્રિયાપક્ષને પણ સાત વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે. (૧) આસ્તિકતા સંવર્ધન, (૨) સ્વાસ્થ્ય સંવર્ધન, (૩) નારી જાગરણ, (૪) સત્પ્રવૃત્તિ સંવર્ધન-દુષ્પ્રવૃત્તિ ઉન્મૂલન, (૫) કુરીતિ નાબૂદી, (૬) વ્યસનમુક્તિ આંદોલન અને (૭) લગ્નોન્માદ વિરોધી આંદોલન.

આપણે સૌ મળીને આ ચૌદ પ્રવૃત્તિઓને ખૂબ સરળતાથી ગતિશીલ કરી શકીએ છીએ. આપણો પરિવાર વિશાળ છે. એમાં લાખો લોકો સામેલ છે. આપણે કોઈપણ આંદોલનનું સર્જન અને નેતૃત્વ કરી શકીએ છીએ અને આપણી ગતિવિધિઓને જો ઉત્સાહપૂવક થોડા દિવસ ચાલુ રાખી શકીએ તો એમને લોકપ્રથાનું રૂપ સહજ રીતે પ્રાપ્ત થઈ શકે છે. આપણા પરિવારની સંખ્યા, પ્રતિભા, બુદ્ધિમત્તા અને કર્મઠતા એટલી વિશાળ અને ઠોસ છે કે એમાં સ્થાન પ્રાપ્ત કરી લેનાર કોઈપણ ક્રિયાકલાપ સામાન્ય લોકો માટે સહજ રીતે જ અનુકરણીય બની શકે છે. ઉપરોક્ત ચૌદ કાર્યક્રમોને આપણે સાચા મનથી અપનાવી લઈએ અને એમને તત્પરતાપૂર્વક અમલમાં લાવીએ તો થોડા દિવસોમાં જ અસંખ્ય લોકો તે અપનાવી લેશે. આટલો વિશાળ સમૂહ ચોક્કસપણે સમાજની ગતિવિધિઓને વાળવામાં એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા પ્રસ્તુત કરી શકે છે. આ તથ્યને સમજાવતાં અમે આજકાલ પોતાનાં સમસ્ત પરિજનો પર ખૂબ ભાર મૂકી રહ્યા છીએ કે તેઓ કંઈક તો કરશે જ. એક કલાક સમય અને રોજ પચાસ પૈસા જો નવનિર્માણ માટે ખર્ચ કરતા રહેવામાં આવે તો એટલાથી જ એ સંયુક્ત પ્રયત્ન જાદુ જેવું આશ્ચર્ય પેદા કરી શકે છે. જે અસંભવ દેખાય છે તે સહજસાધ્ય બની શકે છે. પ્રસ્તુત લોકમાનસને એકવાર જગાડી દેવામાં આવે અને તેને અનિચ્છનીય અવિવેકથી પેદા થયેલ વિનાશિકાઓનું પરિણામ સમજાવી દેવામાં આવે તો વિચારશીલ માનવપ્રાણી પોતાના હિતનો પરિત્યાગ કરી અહિતને જ અપનાવતો રહે એવું કોઈ કારણ નથી. યુગનિર્માણની વિચારધારાને વ્યાપક બનાવવા માટે આપણું **શ્રીરામ ઝોલા પુસ્તકાલય** આંદોલન મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી રહ્યું છે, હવે એમાં **યુગચેતના સાહિત્ય** વિતરણ યોજનાએ ચાર ચાંદ લગાવી દીધા છે. અનેક ભાષાઓનો આશ્રય લેવામાં આવી રહ્યો છે. આપણું સાહિત્ય ભારતની લગભગ બધી ભાષાઓમાં અનુવાદ પ્રકાશિત અને પ્રસારિત થઈ શકે તે માટે નક્કર આધાર તૈયાર કરી લેવામાં આવ્યો છે. **યુગચેતના સાહિત્ય** વિતરણનું કાર્ય હવે લાખો લોકો સુધી નવો પ્રકાશ પહોંચાડવામાં સમર્થ બનશે. જ્ઞાનયજ્ઞનાં કિરણો નવપ્રભાત જેવી જ્યોતથી આપણા દેશ સુધી જ સીમિત રહેવાનાં નથી, તે સમસ્ત વિશ્વને આલોકિત કરશે.

જેમ જેમ પરિજનોનો ઉત્સાહ વધતો જશે તેમ તેમ જ્ઞાનયજ્ઞની સાત ધારાઓ વધુ તીવ્રગતિથી કાર્ય કરવા લાગશે, આમ એ સંબંધમાં હજી પણ પ્રયાસ ચાલી રહ્યો છે. યોજનાનું બીજું ચરણ ક્રિયાપક્ષ પરિવર્તિત ચિંતનને કાર્યરૂપમાં પ્રસ્તુત કરવાનું છે. બદલાયેલા વિચારોનું ઊંડાણ એ આધારે પારખી શકાય છે કે તેમનું કાર્યરૂપમાં રૂપાંતર થાય છે અથવા નહીં. ગાયનું મૂલ્ય તેનું દૂધ જોઈને નક્કી કરવામાં આવે છે. ઉત્કૃષ્ટતાની વિચારધારા કોણે કેટલી અપનાવી તેની પરખ તેનાં આદર્શવાદી કાર્યો જોઈને જ કરી શકાય છે.

● ● ●



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગાયત્રી સાધનાથી અનેક પ્રયોજનોની સિદ્ધિ

ગાયત્રી મંત્ર સર્વોપરી મંત્ર છે. એનાથી મોટો બીજો કોઈ મંત્ર નથી. જે કાર્ય સંસારના કોઈ અન્ય મંત્રથી થઈ શકતું નથી તે ચોક્કસપણે ગાયત્રી દ્વારા થઈ શકે છે. દક્ષિણમાર્ગી યોગસાધક વેદોક્ત પદ્ધતિથી જે જે કાર્યો માટે કોઈ અન્ય મંત્રથી સફળતા પ્રાપ્ત કરે છે તે બધાં પ્રયોજનો ગાયત્રીથી પૂરાં થઈ શકે છે. એ જ રીતે વામમાર્ગી તાંત્રિક જે કાર્ય તંત્રપ્રણાલી દ્વારા કોઈ અન્ય મંત્રના આધારે કરે છે તે બધાં ગાયત્રી મંત્ર દ્વારા કરી શકાય છે. આ એક પ્રચંડ શક્તિ છે, જેને જ્યાં પણ લગાડવામાં આવશે ત્યાં જ ચમત્કારી સફળતા પ્રાપ્ત કરાવશે.

કામ્યકર્મો માટે, સકામ પ્રયોજનો માટે અનુષ્ઠાન કરવાનું જરૂરી હોય છે. સવા લાખનું પૂર્ણ અનુષ્ઠાન, ચોવીસ હજારનું આંશિક અનુષ્ઠાન પોતપોતાની મર્યાદા મુજબ ફળ આપે છે. 'જેટલો ગોળ નાખો એટલું ગળ્યું'ની કહેવત આ ક્ષેત્રમાં પણ ચરિતાર્થ થાય છે. સાધના અને તપશ્ચર્યા દ્વારા જે આત્મબળનો સંગ્રહ કરવામાં આવે છે તેને જે પણ કામમાં ખર્ચ કરવામાં આવશે તેનું પ્રતિફળ અવશ્ય મળશે. બંદૂકમાં જેટલા ઉત્તમ અને જેટલા વધુ કારતૂસ હશે તેટલી જ એ ઉપયોગી સિદ્ધ થશે. ગાયત્રીની પ્રયોગવિધિ એક પ્રકારની આધ્યાત્મિક બંદૂક છે. તપશ્ચર્યા અને સાધના દ્વારા સંગ્રહ કરવામાં આવેલી આત્મિક શક્તિઓ કારતૂસના બોક્સ જેવી છે. બન્ને મળે તો જ નિશાન પર વાર કરી શકાય છે. કોઈ વ્યક્તિ પ્રયોગવિધિ જાણતી હોય પરંતુ તેની પાસે સાધનાબળ ન હોય તો જેમ ખાલી બંદૂકનો ઘોડો વારંવાર દબાવી કોઈ એ આશા રાખે કે નિશાન અચૂક લાગશે, એવું જ તેનું પરિણામ આવશે. એવી જ રીતે જેમની પાસે તપોબળ તો છે, પરંતુ કામ્ય પ્રયોજનો માટે તેનો ઉપયોગ કરવાનું જાણતા નથી તો તેઓ એવા છે જેમ કોઈ કારતૂસોની પોટલી બાંધીને ફરે અને તેમને હાથથી ફેંકતા જઈ શત્રુઓની સેનાનો સંહાર કરવાનું ઇચ્છે, આ ઉપહાસાસ્પદ રીતો છે.

આત્મબળનો સંચય કરવા માટે જેટલી વધુ સાધનાઓ કરવામાં આવે, તેટલું સારું જ છે. પાંચ પ્રકારના સાધક ગાયત્રી સિદ્ધ સમજવામાં આવે છે :

(૧) સતત બાર વર્ષ સુધી ઓછામાં ઓછી એક માળાનો નિત્ય જપ કર્યો હોય.

(૨) ગાયત્રીની બ્રહ્મસંધ્યા સતત નવ વર્ષ સુધી કરી હોય.

(૩) બ્રહ્મચર્યપૂર્વક પાંચ વર્ષ સુધી નિત્ય એક હજાર મંત્રનો જપ કર્યો હોય.

(૪) ચોવીસ લાખ ગાયત્રીનું અનુષ્ઠાન કર્યું હોય.

(૫) એક વર્ષ ગાયત્રીપ્રધાન ચિંતન સાથે તપ કર્યું હોય.

જે વ્યક્તિ આ સાધનાઓમાંથી ઓછામાં ઓછી એક કે એકથી વધુનું તપ કરી ચૂકી હોય તે ગાયત્રી મંત્રનો કામ્યકર્મોમાં પ્રયોગ કરી સફળતા પ્રાપ્ત કરી શકે છે. ચોવીસ હજાર કે સવાલાખનાં અનુષ્ઠાનોની મૂડી જેમની પાસે છે તેઓ પણ પોતપોતાની મૂડી અનુસાર એક હદ સુધી સફળ થઈ શકે છે. કેટલાંક ખાસ પ્રયોજનો માટે ગાયત્રી સાધનાના પ્રયોગની વિધિઓ આ રીતે છે.

**રોગનિવારણ :** રોગી થવાય ત્યારે જે સ્થિતિમાં પણ હોઈએ, ગાયત્રી મંત્રનો જપ કરવો જોઈએ. એક મંત્ર પૂરો થાય અને બીજો શરૂ થાય તેની વચ્ચે એક બીજમંત્ર શરદીપ્રધાન રોગોમાં 'એં', ગરમીપ્રધાન રોગોમાં 'ઐં' તથા વાતપ્રધાન રોગોમાં 'હું' બીજમંત્રનો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રયોગ કરવો જોઈએ. નીરોગી થવા માટે વૃષભવાહિની લીલાં વસ્ત્ર ધારણ કરેલ ગાયત્રીનું ધ્યાન કરવું જોઈએ.

**વિષનિવારણ :** ગાયત્રી મંત્ર દ્વારા પીપળાના વૃક્ષની સમિધાઓથી વિધિવત્ હવન કરીને તેની ભસ્મને સુરક્ષિત રાખી લો. પોતાની નાસિકાનો જે સ્વર ચાલી રહ્યો હોય, તે તરફના હાથથી તેને અભિમંત્રિત કરવું. વચ્ચે 'હું' બીજમંત્રનો સંપુટ લગાડવો તથા રક્તવર્ણા અશ્વારૂઢ ગાયત્રીનું ધ્યાન કરી તે ભસ્મને વિષયુક્ત કીડો કરડવાના સ્થાને ચાર મિનિટ મસળી લેવી. પીડામાં જાદુની જેમ આરામ થાય છે. સાપ કરડવાના સ્થાને રક્તચંદનથી કરેલ હવનભસ્મ મસળવી જોઈએ તથા અભિમંત્રિત કરી ઘી પાવું જોઈએ.

**બુદ્ધિવૃદ્ધિ :** મંદબુદ્ધિ તથા સ્મરણશક્તિ ઓછી હોય તેઓ સૂર્યોદય સમયે પ્રથમ કિરણોને પાણીથી પલળેલા મસ્તક પર પડવા દે. પૂર્વ તરફ મોંઢું રાખી અધખુલ્લાં નેત્રોથી સૂર્યનું દર્શન કરતાં શરૂમાં ત્રણ વાર ૐનું ઉચ્ચારણ કરીને પછી ગાયત્રીની નિત્ય એક માળાનો જપ કરે. ત્યારબાદ બન્ને હાથની હથેળીઓ સૂર્ય તરફ કરી બાર મંત્ર જપી હથેળીઓ ઘસી લે તથા એ ઉષ્ણ હાથોને મુખ, નાક, ગરદન, કાન, માથું બધા પર ફેરવે.

આ રીતે રાજકીય કાર્યોમાં સફળતા, દરિદ્રતાનો નાશ, સુસંતતિની પ્રાપ્તિ, શત્રુતાસંહાર, બીજાઓને પ્રભાવિત કરવાં, ભૂતબાધાની શાંતિ, ખરાબ સ્વપ્નોના ફળનો નાશ વગેરે ઘણાં પ્રયોજનોમાં ગાયત્રીમંત્રના વિવિધ પ્રયોગ અતિ લાભદાયી છે.

● ● ●

- *સત્સાહિત્યના સ્વાધ્યાયમાં બગલા જેવી એકાગ્રતા હોવી જોઈએ, ત્યારે જ તેના મર્મને આત્મસાત્ કરી શકાય છે.*
- *કૂવો જેટલો ઊંડો ખોદવામાં આવે છે, તેટલું જ વધુ જળ તેમાંથી પ્રાપ્ત થતું જાય છે. જેટલું વધુ અધ્યયન કરવામાં આવે, તેટલો જ મનુષ્ય જ્ઞાનવાન બનતો જાય છે.*
- *જે મનુષ્યની બુદ્ધિનો વિકાસ થતો નથી અથવા જે બુદ્ધિદ્રોહી કે અવિવેકી હોય છે તેનું મનુષ્યતાથી પતન થાય છે.*

*કૌટિલ્ય*

● ● ●

*દુર્મતિજન્ય દુર્ગતિમાંથી વ્યક્તિને બહાર કેવી રીતે લાવી શકાય, એ જ વિચારક્રાંતિ અભિયાનનું મૂળ સ્વરૂપ છે. વિચારો વડે વિચારોને કાપવા, આસ્થાઓની શુદ્ધિ અને ઊલટાને ઊલટાવીને સીધું કરવું એ જ વિચારક્રાંતિનું લક્ષ્ય છે. સદ્જ્ઞાનના આલોકથી અજ્ઞાનના અંધકારને દૂર કરવાનું કાર્ય સંપાદિત કરીએ. અમારા વિચારો ખૂબ તીક્ષ્ણ છે, તીખા છે. અમે દુનિયાને પલટાવી નાખવાનો જે દાવો કરીએ છીએ તે સિદ્ધિઓ વડે નહીં, અમારા સશક્ત વિચારોથી કરીએ છીએ. આપ આ વિચારો ફેલાવવામાં અમને મદદ કરો.*

*— પં. શ્રીરામ શર્મા આચાર્ય*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી (ઉત્તરાર્ધ-૧)

# અવતારની આંધી વાતાવરણને પલટાવી નાંખે છે

(ગતાંકથી આગળ)

મિત્રો ! તો પછી આ ઊથલપાથલ કોણ પેદા કરે છે ? નવો જમાનો કોણ લાવે છે ? એક હવા આવે છે. ઠીક છે. ગુરુજી કહે છે કે એક હવા આવે છે. નહીં બેટા, એકલા ગુરુજીના કહેવાથી કોઈ ફાયદો નથી. વાસ્તવમાં જ્યારે આ એક જ વાતને અસંખ્ય લોકો કહે છે, તેનું સમર્થન કરે છે કે હા, એવું જ થવું જોઈએ ત્યારે આ વાતને — ગળામાંથી નીકળેલા અવાજને 'નક્કારે ખુદા સમજો.' જ્યારે ગળામાંથી અવાજ નીકળે છે તો એ નક્કારે ખુદા છે. જ્યારે અમે કહીએ છીએ કે 'અમે નવો જમાનો લાવીશું.' 'અમે મનુષ્યની અંદર દેવત્વની સ્થાપના કરીશું.' 'અમે આ સંસારમાં ફરીથી સ્વર્ગની સ્થાપના કરીશું' તો એ કોણ કહે છે, હું ? ના, આપણે કહીએ છીએ. અમે અને તમે બધા મળીને — જમાનો મળીને એક હવા છે, એક દિશા છે. એ કોણ છે ? એ ભગવાન છે. જ્યારે પણ એક ઠેકાણે આ હવા પેદા થાય છે, જે આદર્શોને પેદા કરવા માટે આ આંધી-તોફાન પેદા થાય છે, ઊથલપાથલો પેદા થાય છે તો તમે સમજી શકો છો કે આની પાછળ ભગવાનની હવા છે. ભગવાનની પ્રેરણા કામ કરી રહી છે. ભગવાનનો અવતાર કામ કરી રહ્યો છે. આને જ હું અવતાર માનું છું.

શું વ્યક્તિના રૂપમાં પણ ભગવાનનો અવતાર થાય છે ? ચાલો હવે હું તમારી વાતનું પણ સમર્થન કરવા તૈયાર છું કે વ્યક્તિના રૂપમાં અવતાર થાય છે. સાકાર રૂપમાં ભગવાન હોય છે. તમે નિરાકારની વાત પર વધુ વિશ્વાસ કરતા નથી. તેથી હું તમને સાકારની વાત બતાવીશ કે ભગવાન કેવી રીતે લીલાઓ કરવા માટે આવે છે. વ્યક્તિ આવે છે. તમે ભગવાનની કથાઓ તો સાંભળો છો, પરંતુ ઊંડાણમાં કેમ ઊતરતા નથી ? ભગવાનની બધી જ લીલાઓ, કથા-ગાથાઓ એ વાત પર ટકેલી છે કે ભગવાન એક છે. એ વાત જુદી છે કે એણે લોકશિક્ષણની કઈ રીત અપનાવી. જ્યારે પણ ભગવાનના અવતાર થાય છે તો દરેક વખતે એ પોતાના આચરણ દ્વારા લોકોને શિક્ષણ અને પ્રેરણા આપે છે. લોકશિક્ષણની આ જ સૌથી પ્રભાવશાળી અને સૌથી સફળ રીત છે.

મિત્રો ! લોકોની સામે બકવાસ કરવા કરતાં, લોકોને ઉપદેશ સંભળાવવા કે કથા સંભળાવવા કરતાં એ વધુ સારું છે કે તમે લોકો સામે જે ઉપદેશ આપ્યો છે તેને પોતાના જીવનમાં ઉતારીને બતાવો કે અમે આ રીતે જીવન જીવ્યું છે. દુનિયામાં સૌથી વધુ પ્રભાવશાળી રીત આ જ છે. આના કરતાં ઉત્તમ અને સુંદર રીત બીજી કોઈ જ નથી. તમે એ રીતે રહો કે જે જોઈને લોકો વિચારી શકે, સમજી શકે કેજે સિદ્ધાંત તમે કહેવા ઇચ્છો છો, સમજવા ઇચ્છો છો તે તમારા રોમેરોમમાં એવી રીતે સમાઈ જાય છે કે તમે એવો માર્ગ અપનાવ્યા વિના રહી જ ન શકો. તમે જો એટલો વધારે વિશ્વાસ રાખ્યો હોય તો તમારા વિચાર અને વાણીથી અને તમારા આચરણમાંથી વ્યક્ત થવો જોઈએ.

ચાલો, હું તો એ પણ કહું છું કે વાણી વિના પણ લોકશિક્ષણ કરી શકાય છે. ઘણા લોકોએ તેમનું મોઢું બંધ કરી દીધું હતું, પરંતુ તેમની આસ્થાઓ, તેમની નિષ્ઠાઓ અને જિંદગીનું સ્વરૂપ એટલું શાનદાર અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જબરદસ્ત હતું કે એમણે નવી હવાઓ પેદા કરી, નવું વાતાવરણ પેદા કર્યું અને ન જાણે દુનિયામાં કેટલી ઊથલપાથલો પેદા કરી દીધી. મનુષ્યને સમજાવવાની રીત, સૂચન કરવાની રીત, ગુરુ બનવાની રીત એ છે કે મોઢેથી લાંબાં વ્યાખ્યાનો સંભળાવવાં, કથાઓ સંભળાવવી તે કરતાં પોતાની જિંદગીને નમૂના તરીકે રજૂ કરે.

ભગવાન કૃષ્ણ હોય કે ભગવાન રામ અથવા બીજો કોઈ અવતાર, એમણે લોકશિક્ષણની જે રીત અપનાવી એ તેમની જિંદગી જીવવાના એક ભાગરૂપ હતી. એ તેમની કામ કરવાની એક શૈલી હતી. એ શૈલી દ્વારા એમણે લોકોને કહ્યું કે તમે પોતે જ નક્કી કરો અને એ સિદ્ધાંતોને શોધો કે જેમને માટે અમારે જન્મ લેવો પડ્યો અને જેમને માટે સતત કષ્ટો સહન કરવાં પડ્યાં. ભગવાન કૃષ્ણની લીલાઓ કે જે અમારા માટે અને તમારા માટે તદ્દન સામયિક છે, આધુનિક છે, અતિ ઉત્તમ અને અતિ પ્રાચીન પણ છે, તે આપણને બતાવે છે કે સિદ્ધાંતોને જીવનમાં કેવી રીતે ઉતારવામાં આવે. એ સિદ્ધાંતોને અપનાવ્યા વિના કોઈ મહાપુરુષ રહ્યો નથી. એ સિદ્ધાંતોને તમારા મનમાં પ્રવેશ કરાવવા માટે ભગવાને લીલાઓ બતાવી, ક્રીડાઓ કરી.

ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓ શું છે ? કૃષ્ણ ભગવાન જેલમાં જન્મ્યા, જે ચારે તરફથી બંધ હતી, જેમાં એમનાં માતાપિતા બંધ હતાં. સાંકળોથી જકડાયેલાં હતાં. એ સ્થિતિમાં એક બાળક જન્મ્યું. બધી બાજુએથી ઘેરાયેલું બાળક જ્યારે જન્મ્યું તો તેની અંદર સંકલ્પની શક્તિ હતી. બાળક એ સંકલ્પ લઈને આવ્યું કે મારે આ બંધનોથી મુક્ત થવું છે અને લોકોને બંધનોથી મુક્ત કરવા છે. પરિસ્થિતિઓ કેટલી વિપરીત અને વિષમ હતી છતાં તે કાચા ધાગાઓની જેમ કેવી રીતે તૂટતી ગઈ.

ભગવાન શ્રીકૃષ્ણ વિશે આપણે પુસ્તકોમાં વાંચીએ છીએ કે એમના જન્મકાળમાં કેદખાનામાંથી બહાર નીકળવા માટે પરિસ્થિતિઓ અનુકૂળ નહોતી. તેમ છતાં ભગવાનના સંકલ્પથી બધા પહેરેદારો સૂઈ ગયા. બધા દરવાજા ખૂલી ગયા, સાંકળો તૂટી ગઈ અને પિતા એ બાળકને લઈને સુરક્ષિત રાખવા માટે ચાલી નીકળ્યા. શ્રાવણની અંધારી રાત હતી. આજે જે રીતે રાત્રે વાદળો છવાયેલાં છે, પાણી વરસી રહ્યું છે, ગંગામાં પૂર આવી રહ્યું છે, કંઈક એવું જ દશ્ય એ વખતે રહ્યું હશે. યમુનામાં પૂર આવ્યું હતું. ચારે તરફ અંધકાર છવાયેલો હતો. કોઈ રસ્તો સૂઝતો ન હતો. ક્યાંય પ્રકાશ નહોતો. પરંતુ પ્રકાશ આપતી એક જ્યોતિ જે મનુષ્યની અંદર પ્રજ્વલિત થતી રહે છે તે સહારો આપતી રહે છે, જે મઝધારમાંથી પાર ઉતારતી રહે છે. આપણને બીજા લોકો મઝધારમાંથી પાર ઉતારતા નથી. આપણી અંતર્જ્યોતિ જ આપણને પાર ઉતારે છે. એ વિષમ પરિસ્થિતિઓમાં પણ વસુદેવ શ્રીકૃષ્ણને એક ટોપલામાં લઈ આગળ વધતા ગયા અને જ્યાં નંદયશોદાનું ઘર હતું ત્યાં જઈ પહોંચ્યા. બાળકને ત્યાં રહેવા માટેની વ્યવસ્થા કરી દીધી.

મિત્રો ! આ ઘટના આપણને શું શીખવાડે છે ? એ આપણને શીખવાડે છે કે મનુષ્ય સંકલ્પ તો કરી જુએ,નિર્ણય તો કરી જુએ, વિશ્વાસ તો કરે અને પછી અમને કહે. તમે આ અનુભવ તો કરી જુઓ, પછી તમારે ક્યાંય જવાની જરૂર નહી પડે. તમે આગળ ને આગળ વધતા જશો અને તમને સફળતા મળતી જશે. મનુષ્યની હિંમત સિવાય આ દુનિયામાં બીજી કોઈ શક્તિ નથી જે તેને પાર ઉતારી શકે. મનુષ્યની હિંમત સૌથી મોટી તાકાત છે. ભરતીઓટની તેની તાકાત હોઈ શકે છે, લહેરોની પોતાની તાકાત હોઈ શકે છે, સમુદ્રની પોતાની તાકાત હોઈ શકે છે, પરંતુ મનુષ્યના સંકલ્પથી વધારે બીજી કોઈ તાકાત નથી.

આ જ બધું મનુષ્યને શીખવાડવા માટે ભગવાને અવતાર લીધો હતો. બેટા ! તમારા અંદરવાળાને કમજોર થવા દેશો નહિ. અંદરવાળાને મજબૂત બનાવો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અંદરવાળાને કમજોર બનાવશો તો તમે પડી જશો. અંદરવાળાને સાહસથી ઉઠાવશો તો તમે આગળ વધશો અને બીજો કોઈ મદદ કરવા માટે આવી જશે. જો તમે પોતાને પાછળ હટાવી લેશો તો લોકો પહેલેથી જ દૂર હટી જશે. આ શીખ કૃષ્ણ ભગવાને પોતાના જન્મના પહેલા દિવસથી જ શરૂ કરી દીધી હતી. એમના પિતાએ પણ એ જ વાત બતાવી હતી કે જો પરિસ્થિતિઓ અનુકૂળ રહે તો ઠીક છે, નહિ તો સાહસ અને સંકલ્પની મદદથી એમના પર વિજય મેળવી શકાય છે. જો તમારો ઉદ્દેશ્ય ઉચ્ચ હોય અને તમારી અંદર સાહસનો અભાવ ન હોય તો પરિસ્થિતિઓ તમને પ્રતિકૂળ થઈ જ શકતી નથી. જો તમારો ઉદ્દેશ્ય હલકો હોય અને તમાંરી અંદર સાહસનો અભાવ હોય તો પછી તમે પડ્યા કે મરી જ ગયા સમજો. બેટા, જો ઉદ્દેશ ઉચ્ચ હોય, તમારું સાહસ ઊંચું હોય તો તમને સહાયતા આપવા માટે બધી દેવશક્તિઓ આગળ આવશે, તમારા માર્ગમાં ગમે તેટલો અવરોધ કેમ ન હોય, તમને બધી સહાયતા મળતી જશે.

આજે જન્માષ્ટમીના દિવસે આ છે શિક્ષણ નંબર એક, જે ભગવાન શ્રીકૃષ્ણે, તેમના પિતાએ તેમની ઘટના દ્વારા તેમનાં કાર્યો દ્વારા આપણને આપ્યું. અમે અને તમે તો બકવાસ કરવાનું જાણીએ છીએ અને વ્યાખ્યાનો કરવાનું જાણીએ છીએ. પરંતુ ભગવાને જે ઉદાહરણ પ્રસ્તુત કર્યું એ કેટલું શાનદાર છે. દેવકી અને વસુદેવ પણ કંસનો મુકાબલો કરી શકે તથા તેને મારી શકે તેમ નહોતાં. તેઓ સામર્થ્યવાન નહોતાં, શક્તિશાળી નહોતાં, વિદ્વાન નહોતાં, નેતા નહોતાં, પરંતુ સાહસિક હતાં. કોઈ સારા કાર્ય માટે તમે પણ સાહસિક બની શકો છો. રીંછવાનરોની જેમ સારાં કાર્યોમાં સહાયતા કરી શકો છો.

રીંછ અને વાનર રાવણને મારી શકે એમ ન હતા,પણ લંકા જવા માટે સમુદ્ર પર પુલ તો બનાવી જ શકતા હતા. ખિસકોલી વધુ કાર્ય કરી શકતી નહોતી, પરંતુ સમુદ્રમાં માટી તો નાખી શકતી હતી. ઠીક છે, જે મનુષ્યની જેવી હેસિયત હોય છે તેનાથી વધુ બીજું કામ કરી શકતો નથી, તે આગળની હરોળમાં ઊભો રહી શકતો નથી, પરંતુ સારાં કાર્યોમાં મદદ તો કરી જ શકે છે. ગાય ચરાવનાર ગોવાળિયાઓ સામાન્ય માણસ હતા. એમણે કહ્યું – ઠીક છે અમે વધુ તો નથી કરી શકતા, પરંતુ ભગવાનનો ઉદ્દેશ પૂરો કરવા માટે એમની મદદ તો કરી જ શકીએ છીએ. ગોવર્ધન ઉઠાવવામાં એમને સહાય તો કરી જ શકીએ છીએ. જો તમે પ્રેરણા લેવા ઇચ્છો તો એમની પાસેથી પ્રેરણા અને શ્રદ્ધા લઈ શકો છો.

ભગવાનની કથા કહેવામાં આવી રહી છે અને લોકો દ્વારા સાંભળવામાં આવી રહી છે. એમ કહેવાય છે કે એ સાંભળવાથી ઘણું પુણ્ય મળે છે. બેટા ! કથા કહેવા અને સાંભળવા માત્રથી કોઈ પુણ્ય મળી શકતું નથી. જ્યારે તમે તેનાથી પ્રેરણા ગ્રહણ કરશો, જીવનમાં ઉતારશો, પ્રવેશ કરવા દેશો અને બહાર પોતાનાં કાર્યોમાં અને વ્યવહારમાં પ્રગટ થવા દેશો ત્યારે જ પુણ્ય મળશે. આના કરતાં ઓછામાં કોઈ પુણ્ય મળી શકતું નથી. તેથી મિત્રો ! ભગવાન, ભગવાનની ક્રીડાઓ અને લીલાઓ આપણને દિશા સૂચવે છે, શિક્ષણ આપે છે. સંઘર્ષોનો સામનો કરવાનું શીખવે છે.

મિત્રો ! સંઘર્ષોથી મનુષ્ય સમર્થ બને છે. સંઘર્ષોથી મનુષ્યની શ્રદ્ધા નિખરે છે. ગુરુજી ! સંઘર્ષ આવે છે તો અમારા પર ઘણી મુસીબત આવે છે. તો બેટા, મુસીબત વિના કોઈપણ મનુષ્ય આ દુનિયામાં મહાન બન્યો નથી, તેજ થયો નથી, કામયાબ થયો નથી. નહીં ગુરુજી, મુસીબત દૂર કરી દો. મુસીબત અમે જરૂર દૂર કરીશું, પરંતુ સાથોસાથ એ શાપ પણ આપીશું કે તું મંદબુદ્ધિ થઈ જા, ફાલતુ થઈ જા, નકામો થઈ જા, કીડો-મકોડો બની જા. મહારાજ, આ તમે શું કહો છો ? બેટા, આ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તો સાથે જ થશે, કેમ કે જે મનુષ્ય આરામનું જીવન, ચેનનું જીવન, માનસિક ચિંતારહિત જિંદગી જીવશે એ નકામો બની જશે, બેકાર થઈ જશે. તેની યોગ્યતાઓ, પ્રતિભાઓ, ઈચ્છાઓ સમાપ્ત થઈ જશે અને તે કોઈ કામનો રહેશે નહિ, મડદું બની થશે.

મિત્રો ! મનુષ્ય હમેશાં સંઘર્ષોથી ઘેરાયેલો છે. જેઓ પોતાની જિંદગીમાં સંઘર્ષોનો સામનો કરતા નથી, તેઓ જિંદગીનો આનંદ લઈ શકતા નથી. જે મનુષ્યે કઠણ મહેનત કરી છે તેના ફાળે જ ઘેરી ઊંઘ આવી છે. હળ ચલાવતો ખેડૂત બપોરે આરામથી બગીચામાં જઈ હાથનો તકિયો બનાવી ઘસઘસાટ ઊંઘી જાય છે અને પોતાની નીંદર પૂરી કરી લે છે. એને આરામપ્રિય લોકોની જેમ ઊંઘનાં ઈંજેક્શનો લેવાની કોઈ જરૂર પડતી નથી. જેમણે સખત મહેનત કરી છે, એમના ભાગમાં જ રોજની ઘેરી ઊંઘ આવી છે, એમના ભાગમાં જ દાળરોટલી આવ્યાં છે. જેમને એ જ ખબર નથી કે જીવનસંઘર્ષ શું છે, કઠણાઈઓ શું હોય છે, એમનું તે કોઈ જીવન છે ?

સાથીઓ, કઠણાઈઓ મનુષ્યને નિખારવા માટે, વિકાસ માટે ખૂબ જ જરૂરી છે. જ્યાં સુધી ચાકુને પથ્થર પર ઘસવામાં આવતું નથી ત્યાં સુધી તેને ધાર કાઢી શકાતી નથી. મિત્રો ! મુશ્કેલીઓ આપણા સૌથી મોટા મિત્રો છે અને સૌથી મોટા સુધારક-શિક્ષક છે જે આપણી બધી જ કમજોરીઓના ચૂરેચૂરા કરી નાંખે છે અને આપણી અંદર હિંમતની, બહાદુરીની યોગ્યતા પેદા કરે છે. આ એટલી મોટી પાઠશાળા છે કે મનુષ્ય એમાંથી પ્રતિભાવાન બનીને નીકળે છે, નવું જીવન લઈને નીકળે છે અને જેમણે આરામનું જીવન જીવ્યું, હરામનું જીવન જીવ્યું તેઓ માટીના બની ગયા, કીડા થઈને રહ્યા છે. અમીર લોકોનાં બાળકોને તમે જોઈ શકો છો. અમીરીમાં મોટાં થયેલાં બાળકોનું સત્યાનાશ થઈ ગયું. જે બાળકો ગરીબાઈમાં જન્મ્યાં, કઠણાઈઓમાં જન્મ્યાં તેઓ હીરાની જેમ ચમકતાં નીકળ્યાં, તલવારની જેમ જોશભેર નીકળ્યાં.

મિત્રો ! તેથી જ ભગવાને કહ્યું છે કે મુશ્કેલીઓથી ગભરાશો નહીં. કઠણાઈઓથી ભાગશો નહીં, તેમાંથી કંઈક શીખવાની કોશિશ કરો. કઠણાઈથી લડવા માટે અંદરથી જોશ પેદા થવો જોઈએ. ભગવાન શ્રીકૃષ્ણનું પ્રારંભિક જીવન એ જ શીખવે છે કે મનુષ્યે જો ભગવાન બનવું હોય, મહાન બનવું હોય તો તેણે કઠણાઈઓને આલિંગન આપવું જોઈએ. કઠણાઈઓને જાણીબૂઝીને ચેલેન્જ કરવી જોઈએ. તપશ્ચર્યાનો અર્થ જ એ થાય છે કે કઠણાઈઓને જાણીબૂઝીને અપનાવવી અને અમે મુસીબતમાં છીએ એનો અભ્યાસ કરવો. મુશ્કેલી આપણને સૌપ્રથમ બહાદુરી સાથે સંયમ કરવાનું શીખવે છે. તપ મનુષ્યને ન જાણે શું બનાવી દે છે.

સંપત્તિ, અમીરી મનુષ્યને દુર્વ્યસની બનાવે છે, અનાચારી અને દુરાચારી બનાવે છે તથા અસંખ્ય બૂરાઈઓ લઈને આવે છે. એશઆરામ મનુષ્યને પાંગળો બનાવે છે અને હજમ કરી જાય છે. મનુષ્યને ખોટા રસ્તે લઈ જાય છે. આ દોલતનાં લાભ અને હાનિઓ છે અને કઠણાઈઓ ? કઠણાઈઓમાં જ્યાં મુસીબતો વેઠવી પડે છે, અસંખ્ય મુશ્કેલીઓ આવે છે ત્યાં મનુષ્યને તેની ભઠ્ઠીમાં ગાળીને કુંદન પણ બનાવી દે છે. તો મિત્રો ! ભગવાન શ્રીકૃષ્ણે તેમના જીવન દ્વારા એ શીખવાડ્યું છે કે કઠણાઈઓથી ભાગશો નહીં. કઠણાઈઓનો સામનો કરો. કઠણાઈ મનુષ્યની ક્ષમતાનો વિકાસ કરે છે. મનુષ્ય માટે એ પરીક્ષા છે કે તેણે સિદ્ધાંતો માટે કેટલાં કષ્ટો સહન કર્યાં. આ આધારે જ આપણે પાસ કે નાપાસ થઈએ છીએ. આ સિવાય બીજી કોઈ કસોટી નથી. કસોટી એક જ છે કે સિદ્ધાંતો માટે એણે શું કર્યું, કઈ મુસીબતો સહન કરી. જેણે આવું ન કર્યું, જેના જીવનમાં કોઈ પ્રેમ નથી, કોઈ સેવા નથી, કોઈ બલિદાન નથી, કોઈ મહેનત નથી તેને આપણે મહાપુરુષ કહી શકતા નથી. ધિક્કાર છે એવા જીવનને !


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મિત્રો ! મહાપુરુષોને તેમના જીવનમાં અનેક કઠણાઈઓ વેઠવી પડી છે, પરીક્ષા આપવી પડી છે. ભગવાન કૃષ્ણને આખી જિંદગી લડવું પડ્યું છે. એમને મારવા કોણ કોણ આવ્યું ? કાળિયો નાગ આવ્યો, પૂતના આવી, કંસ આવ્યો અને કોણ જાણે કેટલા અસુરો આવ્યા. એમની જિંદગીમાં કેટલાય અસુરો જબરદસ્તીથી મારવા આવ્યા, જ્યારે તેઓ તેમની પોળમાં, ઘરમાં ગોવાળિયાઓ સાથે રમતા, વિચરતા રહેતા. સાચું જોતાં જે મનુષ્ય મોત સાથે બાથ ભીડી શકે છે, કઠણાઈઓ સાથે લડી શકે છે એમનો યશ ચારે તરફ ફેલાય છે. જેઓ મુસીબતો માટે, કઠણાઈઓ માટે તૈયાર રહે છે, તેમની હિંમત વધી જાય છે. હિંમત વિના સફળતાના પહાડ પર ચઢવાનું કોઈને માટે શક્ય નથી.

ભગવાનના જીવનની કેટલીય સુદર ઘટનાઓ જાણવા મળે છે. શુષ્ક જીવન, નીરસ જીવન ક્યારેય ફળીભૂત થઈ શકતું નથી. હસતા-હસાવતા જીવનમાં, હળવીફૂલ જિંદગીમાં સરળતા ભરેલી રહે છે અને તે એનીમેળે જ ખીલતી જાય છે. તમારી જિંદગી જો હસીખુશીની હોય તો તમે હસશો, ગીત ગાશો અને ના હોય તો મોઢું ફુલાવીને બેસી રહેશે અને જિંદગીભર એક યા બીજી ફરિયાદ કરતા રહેશો. આ નથી, તે નથી એમ કહી રડતા રહેશો.

મિત્રો ! જે મનુષ્ય હસતો, ખીલતો રહે છે તેની ચારે તરફ ખુશીઓ છવાયેલી રહે છે. હસનાર અને હસાવનાર પોતે પણ હસતા રહે છે અને બીજાઓને પણ હસાવતા રહે છે. ભગવાન શ્રીકૃષ્ણને જુઓ — હસતા ભગવાન, હસાવનાર ભગવાન, રાસ કરનાર ભગવાન, નાચતા ભગવાન, વાંસળી વગાડનાર ભગવાન, સાહિત્યકાર અને કલાકાર ભગવાન, સંગીતને પ્રેમ કરનાર ભગવાન, અરે તમે એમની પાસેથી તો શીખો અને પોતાની આખી જિંદગીને હળવી બનાવીને જીવો. આખું જીવન મોઢું ફુલાવીને રહેવાથી જિંદગી જીવી શકાતી નથી. આ રીતે તમે પોતે પણ નાખુશ રહેશો અને રડતા જીવશો. ફરિયાદો સાથે જીવશો તો તમે મરી જશો. જિંદગી એટલી ભારરૂપ બની જશે કે તેને ફરીથી સુધારી શકશો નહીં. તેની નીચે તમે દબાઈ જશો, કચડાઈ જશો. જો તમે લાંબી ઉંમર સુધી જીવિત અને સ્વસ્થ રહેવા ઇચ્છતા હો તો તમે હસવાની-હસાવવાની કળા શીખો. જો તમને હસતાં આવડતું હોય તો સમજો કે જિંદગીના રહસ્યને સમજો છો.

સાથીઓ ! હસવા માટે તથા હસાવવા માટેની ઘણી વસ્તુઓ અમારી પાસે છે. તમારી પાસે બધી વસ્તુઓ નથી તો શું તમે ચીડાતા રહી, ફરિયાદ કરતા રહી બહુમૂલ્ય જીવનને આમ જ બરબાદ કરી દેશો ? શું તમને નિખિલ આકાશ હસતું દેખાતું નથી ? જો તમે કવિહૃદયના છો, સરસ હૃદયના છો તો તમે એનો આનંદ નથી લઈ શકતા ? નદીઓ કલકલ કરતી વહે છે, શું તમે એનો આનંદ નથી લઈ શકતા ? તમારે એમનો આનંદ લેવો જોઈએ અને તમારે કલાકાર બનવું જોઈએ. જિંદગી જીવવાની કળા તમારે સમજવી જોઈએ. જિંદગીમાં આનંદના અનુભવો થવા જોઈએ. જીવનમાં હસવાનો સમય હોવો જોઈએ, હસાવવાનો સમય હોવો જોઈએ.

ભગવાનને આપણે કલાકાર કહીએ છીએ. શ્રીકૃષ્ણ ભગવાને રાસલીલાના માધ્યમથી હળવીફૂલ જિંદગી, હસતી-હસાવતી જિંદગી જીવવાની કળા શીખવાડી. રાસલીલા ગાવાની વિદ્યા છે, નૃત્યની વિદ્યા છે. ના ભાઈ ! શ્રીકૃષ્ણ ભગવાને તો હસવા-હસાવવાની વિદ્યા ખૂબ જ નાનપણથી શીખી હતી, આપણે તો ઉંમરમાં મોટા થઈ ગયા છીએ. ના બેટા, ઉંમરમાં મોટા છો તો શું થઈ ગયું, યોગી છો તો શું થયું, તપસ્વી છો તો શું થયું, જ્ઞાની છો તો શું થયું, મહાત્મા છો તો શું થયું ? હસવાનું તમને પણ આવડવું જોઈએ, હસાવવાનું તમને પણ આવડવું જોઈએ. મને ગાંધીજીના સાંનિધ્યમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઘણા દિવસ રહેવાનો મોકો મળ્યો. શરૂઆતમાં તેઓ જે ઓરડામાં રહેતા હતા, ત્યાંથી હું દૂર રહેતો હતો, તો મને વારંવાર તેમના હસવાનો અવાજ આવતો હતો. એ ગુલામીના દિવસોમાં તેઓ એટલા ગંભીર વિષયો પર વાતચીત કરતા હતા જેવા કે ઠંડીની સમસ્યા, વેશ્યાઓની સમસ્યા, બીજી સામાજિક સમસ્યા, કરોડો લોકોના ભાગ્યના નિર્માણની સમસ્યા — આટલી સમસ્યાઓ વચ્ચે પણ તેમને મેં હસતા જોયા છે. અમારી-તમારી પાસે તો એ સમસ્યાઓ પણ નથી. તમારી પાસે કઈ સમસ્યા છે ? બસ એક જ સમસ્યા છે — દીકરાની અને પૈસાની. દેશ, સમાજ અને સંસ્કૃતિને તો તમે જાણતા પણ નથી કે તેમના પ્રત્યે પણ તમારી કોઈ જવાબદારી છે. પરંતુ મેં ગાંધીજીને આ તમામ સમસ્યાઓ ઉપરાંત પણ હસતા જોયા છે. એકવાર એમને પૂછ્યું કે બાપુ, એક વાત તો બતાવો કે તમે આટલા ગંભીર રહો છો, આટલી ચિંતાઓથી ઘેરાયેલા રહો છો, આટલા ગંભીર વિષયો તમારી પાસે છે. આટલી અસફળતાઓ તમારી પાસે આવે છે, આટલી સમસ્યાઓનું સમાધાન સૂચવો છો, પરંતુ તમે આ રીતે કેવી રીતે હસી શકો છો ?

ગાંધીજીએ કહ્યું — "એને લીધે જ હું એક સાચી જિંદગી જીવી રહ્યો છું. મારી જીવિત રહેવાની બીજી કોઈ રીત નથી. જો હું ખુશ ન રહું તો મારું મોત, મારી હસી નહીં તો મારું મોત સમજો." મિત્રો ! જેના ચહેરા પર સ્મિત આવતું નથી એને તો મરેલો જ સમજો. શ્રીકૃષ્ણ ભગવાને એ કળા શીખવાડી, જેને આપણે જિંદગીનો પ્રાણ કહી શકીએ છીએ, જીવન કહી શકીએ છીએ. એનું જ નામ 'રાસ' છે. ના ગુરુજી, એમાં તો બહુ રંગીલાપણું છે ? ના બેટા, એમાં સ્વાભાવિકતા છે, નમ્રતા છે. તમે મહાભારત વાંચો, ભાગવત વાંચો, જે સમય સુધી એમણે રાસલીલા કરી છે ત્યારે એમની ઉંમર દસ વરસની હતી. દસ વરસ સુધીમાં બધી રાસલીલા બંધ થઈ ગઈ હતી. સાત વર્ષની ઉંમરથી શરૂ થઈ હતી અને દસ વર્ષની ઉંમરમાં બધી રાસલીલા ખતમ થઈ હતી. દસ વર્ષથી વધુ કોઈ રાસલીલા રમાઈ નથી. એમાં કામુકતા નહોતી, સગાઈ કે લગ્નની કોઈ વાત નહોતી.

તો એમાં શું વાત હતી ? એમાં હતું હર્ષમય, આનંદમય જીવન, એમાં કનૈયાએ ઇચ્છયું કે નાનાં નાનાં બાળકો હોય, સાથે હળીમળીને હસીએ, રમીએ. સ્ત્રીપુરુષ વચ્ચે વિવેકનો કયો ફરક હોવો જોઈએ, શીલ અને આચરણનો કયો ફરક હોવો જોઈએ તે જાણી લો. જો એકબીજાને અલગ કરી દેશો, કાપી દેશો તો કોની સાથે રહેશો ? બાપ-દીકરી, ભાઈ-બહેન સાથે-સાથે નહીં રહે. દીકરી બાપના ખોળામાં નહીં જાય કેમ કે એ સ્ત્રી છે અને આ પુરુષ છે. બન્નેને જુદાં કરો અને પુરુષને એક ખૂણામાં બેસાડો. અરે ભાઈ, આ ક્યાંનો ન્યાય છે ? સ્ત્રી અને પુરુષ સાથે મળીને કામ કરે, ગાડીનાં બે પૈડાંની જેમ કામ કરે તો જ જીવનમાં આનંદ છે, પ્રગતિ છે. આજે પણ આપણે ત્યાં રિવાજ છે કે પુરુષ સ્ત્રીને ન જુએ અને સ્ત્રી પુરુષને. એ ઘૂંઘટ ઓઢીને ઘરમાં રહે અને પુરુષ બહાર રહે. સાથે સાથે ન ચાલે. આ તે કાંઈ વાત છે !

મિત્રો ! શ્રીકૃષ્ણ ભગવાને એ જમાનામાં છોકરા-છોકરીઓની એક સેના બનાવી અને તેને એક દિશા આપી. એમણે કહ્યું કે છોકરા અને છોકરીઓમાં ફરક કરવાથી શું થશે. આપણે બધાં બાળકો છીએ. સ્ત્રી અને પુરુષમાં શું ફરક હોય છે ? સ્ત્રીઓને મૂછો આવતી નથી અને પુરુષને મૂછો આવે છે. મૂછો આવવાથી શું ફરક થઈ ગયો ? સ્ત્રીઓ મૂછો લગાવી લે ત્યારે ? તો તેઓ પુરુષ બની જશે અને પુરુષ મૂછો હટાવી લે તો તેઓ સ્ત્રી બની જશે. અરે મહારાજ, તમે આ શું કહો છો ? હા બેટા, આ જ ફરક છે. એ જમાનાનો પુરુષવાદી સમાજ, પરસ્ત્રીગામી સમાજ, જેમાં પાપ અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અનાચારનું બંધન રાખવામાં નહોતું આવ્યું, ફક્ત સ્ત્રી-પુરુષને અલગ રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. શીલ કે જે આંખોમાં રહે છે તેના પર ધ્યાન આપવામાં આવ્યું નહોતું, ફક્ત શારીરિક બંધનોથી શીલનું રક્ષણ કરવાની કોશિશ કરવામાં આવી હતી જે તોડવાના શ્રીકૃષ્ણ ભગવાને પ્રયત્નો કર્યા.

ભગવાન શ્રીકૃષ્ણનું જીવન સિદ્ધાંતોનું જીવન હતું, આદર્શોનું જીવન હતું. તેમની બધી લીલાઓ સિદ્ધાંતો અને આદર્શોને પ્રખ્યાત કરતા જીવનથી ઓતપ્રોત હતી. ભગવાન રામની લીલાઓ તેનાથી આગળ જાય છે. તેમના જીવનમાં પણ એક ઊણપ રહી ગઈ હતી. શું ઊણપ રહી ગઈ હતી ? તેઓ ભણ્યા હતા કે લોકોની સાથે ભલમનસાઈનો સંબંધ રાખવો. એમના પિતા ખૂબ સજ્જન હતા. એમણે આજ્ઞા આપી કે તમારે વનવાસ જતા રહેવું જોઈએ. રામચંદ્રજીએ કહ્યું — ઠીક છે આવા ધર્મપરાયણ વિવેકવાન પિતા આજ્ઞા આપે છે અને અમને વનવાસ જવાનો મોકો મળે છે તો અમારે વનવાસ જતા રહેવું જોઈએ. ભરત જેવો ભાઈ રાજ્યકારભાર સંભાળી લે છે તો એ વધુ સારી રીતે ચાલશે. એમાં કોઈ ખોટ રહેવાની નથી. પ્રેમભાવ પણ ટકી રહેશે અને મને પણ શાંતિ મળશે. તેથી હું વનવાસ જતો રહું છું તો એમાં શું વાંધો છે. આ સિદ્ધાંતને લઈ એમણે રાજગાદી ભરતના હવાલે કરી દીધી અને પિતાનું કહેવું માની લીધું.

મિત્રો ! વાત શ્રીકૃષ્ણ ભગવાનની ચાલી રહી હતી. કૃષ્ણ ભગવાનની રીત જુદી હતી. રામાવતારમાં જે અભાવ રહી ગયો હતો, જે કમી રહી ગઈ હતી, જે અપૂર્ણતા રહી ગઈ હતી તે એમણે પૂરી કરી. આ વાતથી ફાયદો એ થયો કે જો સજ્જનો સાથે સંબંધ ન થાય તો શું કરવું જોઈએ ? ખરાબ લોકો સાથે સંબંધમાં આવવું પડે તો, ખરાબ ભાઈ હોય તો, ખરાબ મામા હોય તો, ખરાબ સગાંસંબંધી હોય તો શું કરવું જોઈએ ? એ માટે શ્રીકૃષ્ણ ભગવાને નવો રસ્તો શોધ્યો. એમાં વિકલ્પ છે. એમાં સજ્જનો સાથે સજ્જનતાથી વર્તવું. જ્યાં ન્યાયની વાત કહેવામાં આવી રહી છે ત્યાં તમે સમતા રાખો અને તેને માનો તથા નુકસાન સ્વીકારો. પરંતુ જો તમને ખોટી વાત કહેવામાં આવી રહી હોય તો તમે મનાઈ કરો અને તેનાથી લડો અને જરૂર પડે તો તેનો સામનો કરો અને મારો.

કંસ શ્રીકૃષ્ણ ભગવાનના મામા હતા, પરંતુ તે અત્યાચારી અને દુરાચારી હતો. તેથી એમણે એ જોયું નહીં કે સંબંધમાં કંસ મારો કોણ થાય છે. એમણે પોતે જ એવું નહોતું કર્યું, અર્જુનને પણ કહ્યું કે સગો એ છે જે સાચા માર્ગ પર ચાલે છે. સાચા રસ્તે ચાલનારાઓનું સન્માન કરવું જોઈએ, તેમની આજ્ઞા માનવી જોઈએ, તેમનું કહેવું માનવું જોઈએ. તેમની સાથેસાથે ચાલવું જોઈએ. પરંતુ કોઈઆપણને ખોટી વાત શીખવે તો તે માનવાનો ઈન્કાર કરી દેવો જોઈએ. એ પરંપરા કેટલા યુગોથી ચાલતી આવી છે કે પિતાનું કહેવું માનવું જોઈએ. પરંતુ જો કોઈ ખોટી વાત માનવા માટે કહેવામાં આવે ત્યારે ? તે વખતે પિતાનું કહેવું મુખ્ય નથી. ત્યારે કહેવુ જોઈએ કે હું ખોટી વાત માનીશ નહીં. ખોટી વાત કહે છે અને પિતા બને છે. ખોટી વાત કહેનાર વ્યક્તિ પિતા ન હોઈ શકે. ના બેટા, હું તો તારો પિતા છું અને દહેજમાં પચ્ચીસ હજાર રૂપિયા લઈશ. તારે મારી આજ્ઞા માનવી પડશે. જો, શ્રવણકુમારે પિતાની આજ્ઞા માની હતી અને ભીષ્મ પિતામહે આજ્ઞા માની હતી. શ્રવણકુમારે જેમની આજ્ઞા માની હતી તે ઋષિ હતા. ભીષ્મ પિતામહે જેમની આજ્ઞા માની હતી તેઓ શાંતનુ હતા અને રામે જેમની આજ્ઞા માની હતી, તેઓ દશરથ હતા. તું તો કામ ચાંડાળનાં કરે છે, વાતો કસાઈની કરે છે અને હુકમ આપે છે. અમારી પાસે વાત મનાવશે. અમે નહીં માનીએ, બાપ બનવા નીકળ્યો છે.

મિત્રો, કૃષ્ણ ભગવાનનાં દિશા અને શિક્ષણ એ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ હતાં કે આપણો કોઈ સગો નથી. આપણો સગો ફક્ત એક છે અને એનું નામ છે ધર્મ. આપણો સગો એક છે અને એનું નામ છે કર્તવ્ય. તમે યોગ્ય રસ્તે ચાલો તો અમે તમારી સાથે છીએ અને તમારી તરફેણમાં છીએ. બાપની સાથે છીએ, સગાઓની સાથે છીએ. જો તમે ખોટા રસ્તે ચાલો તો તમે અમારા કોઈ સગા થતા નથી. અમે તમારી વાત માનીશું નહીં અને તમને વેરવિખેર કરી દઈશું.

મિત્રો ! આ છે શ્રીકૃષ્ણ ભગવાનના જીવનની ગાથાઓ જે રામના જીવનની વિરોધી નથી, પણ પૂરક છે. રામના અવતારમાં જે કમીઓ રહી ગઈ હતી તેને કૃષ્ણ અવતારમાં પૂરી કરી. રામનો સંબંધ સારા લોકો સાથે જ થતો રહ્યો. સારા સંબંધી મળતા રહ્યા. એમને સુમંત મળ્યા તો સારા મળ્યા, કૌશલ્યા મળી તો સારી મળી, લક્ષ્મણ મળ્યા તો સારા મળ્યા. એમને બધા સજ્જનો જ મળતા ગયા. જો સજ્જનો ના મળ્યા હોત તો શું કરત ? તો શ્રીકૃષ્ણ ભગવાને જે લીલાઓ કરી બતાવી તે જ તેઓ પણ કરત. શ્રીકૃષ્ણે અર્જુનને સમજાવ્યું કે તું લડ. એ તારા ગુરુ હોય કે કોઈ પણ કેમ ન હોય ? ગુરુ છે તો શું થયું ? ભાઈ છે તો શું થયું ? મામા છે તો શું થયું ? કોઈપણ કેમ ન હોય, જ્યારે ખોટાં કામો કરે છે તો તેઓ અમારા કોઈ નથી, બધા વિરોધી છે. ભગવાને આ શિક્ષણ પોતાના વિરોધી મામા સાથે લડીને આપ્યું.

ભગવાન શ્રીકૃષ્ણ પોતાની આખી જિંદગી વાદળાંની જેમ જીવ્યા. એમણે કહ્યું, અમારું કોઈ ગામ નથી. બધાં ગામ અમારાં છે. જ્યાં પણ અમારી જરૂર હશે ત્યાં અમે જઈશું. તેઓ ક્યાં જન્મ્યા ? તેઓ મથુરામાં જન્મ્યા, પછી ગોકુળમાં વસ્યા, ત્યાં ગાયો ચરાવી. ઉજ્જૈનમાં ભણતર પૂરું કર્યું. દિલ્હીમાં - કુરુક્ષેત્રમાં લડાઈઝઘડામાં ભાગ લીધો અને પછી કોણ જાણે ક્યાંથી ક્યાં ફરતા રહ્યા. આખરે ક્યાં જતા રહ્યા ? આખરમાં દ્વારકા જતા રહ્યા. તમારા ઉપર તો હોમ સિકનેસે કબજો જમાવી દીધો છે જે તમને ઘરમાંથી નીકળવા દેતી નથી. અરે સાહેબ, ઘરમાંથી કેવી રીતે નીકળીએ, અમને તો ઘરના લોકોની યાદ આવે છે, અમારો પૌત્ર યાદ કરતો હશે, પૌત્રી યાદ કરતી હશે. અમે પોતાના ઘરમાંથી બહાર જઈશું નહીં. ગામમાં જ હવન કરી લઈશું. શતકુંડી યજ્ઞ તો અમારા ગામમાં જ થશે. મંદિર બનશે તો અમારા ગામમાં જ બનશે. ગામનું રટણ કરતો રહે છે. શ્રીકૃષ્ણ ભગવાને આ માન્યતાને ખતમ કરી દીધી અને કહ્યું કે બધાં ગામ અમારાં છે. દરેક જગ્યા અમારી જન્મભૂમિ છે. તેઓ બે વાર મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, હિમાચલ પ્રદેશ ગયા, દિલ્હી ગયા. તેઓ વાદળાંની જેમ બધા પ્રદેશોમાં ગયા.

મિત્રો ! સિસ્ટર નિવેદિતા અને એની બેસેંટ ક્યાં પેદા થઈ ? યુરોપમાં પેદા થઈ. એમણે જોયું કે હિન્દુસ્તાનમાં મહિલાઓની સ્થિતિ ખરાબ છે. મહિલાઓની જે ઉચ્ચ સ્થિતિ યુરોપમાં છે તેવી જ અહીં કરવી છે. અહીં શું કરીશુ ? જ્યાં અમારી જરૂર હશે ત્યાં જતા રહીશું. સિસ્ટર નિવેદિતા ભારતમાં આવી ગયાં. તેઓ કેટલાં મજબૂત હતાં, તેમને કોઈ કમી નહોતી પરંતુ હિન્દુસ્તાનમાં તેમણે પોતપોતાની જિંદગીઓ ખતમ કરી દીધી. હિન્દુસ્તાનની માટીમાં એમની હસ્તી વિલીન થઈ ગઈ. એ જ રીતે ગાંધીજી પોરબંદરમાં પેદા થયા અને ક્યાં જતા રહ્યા ? સાબરમતી જતા રહ્યા. જ્યાંસુધી સ્વરાજ ન મળ્યું, આઝાદી ન મળી ત્યાંસુધી તેઓ ભટકતા રહ્યા, ગામેગામ ફરતા રહ્યા. મહાપુરુષોની કોઈ જન્મભૂમિ હોતી નથી, કોઈ ગામ હોતું નથી, પરંતુ આખો સંસાર જ એમનું પોતાનું ઘર હોય છે.

— વધુ આવતા અંકમાં

*બુદ્ધિર્યસ્ય બલં તસ્ય મન્તિબુદ્ધેસ્તુ કુતો બલમ્ ।
જેનામાં બુદ્ધિ છે એનામાં જ બળ છે, બુદ્ધિહીન પાસે બળ ક્યાંથી ?*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# ગાયત્રી તપોભૂમિ દ્વારા ગુરુદેવના આદેશોનું પાલન

**તમે પણ પોતાની જવાબદારી સંભાળો.**

પરમ પૂજ્ય ગુરુદેવે મે ૧૯૭૧માં અખંડ જ્યોતિમાં "અમારો કાર્યભાર અને તેના ચાર ભાગોમાં વિભાજન" અપનો સે અપની બાતમાં પૃષ્ઠ ૫૯ થી ૬૧ સુધી લખ્યું છે કે-

**"અમારો ત્રીજો પ્રત્યક્ષ આંદોલનાત્મક, પ્રકાશાત્મક, સંગઠનાત્મક, સૃજનાત્મક તથા સંઘર્ષાત્મક કાર્યક્રમ ગાયત્રી તપોભૂમિથી ચાલશે."**

દેશ વ્યાપી કાર્ય જોતા કાર્યકર્તાઓની સંખ્યા વધશે. આશા છે કે આગળ એ સંખ્યા બહુ વધી જશે. આ ટીમને અહંકાર કે લોલુપતા પેદા ન થાય. એના માટે કેટલાક નિયમ બનાવ્યા છે. એમાંથી કોઈ ગુરુ બનવા, પાદ પૂજન, વ્યક્તિગત રૂપથી દાન-દક્ષિણા લેવાનો પ્રયાસ ન કરે, એવી સખ્ત મનાઈ કરી છે પોતાની પાછળ બધા લોકસેવી કાર્યકર્તા માત્ર રહેશે. અલગ-અલગ સંસ્થાઓ બનાવવા, કોઈ ક્ષેત્રનું અલગ સંગઠન કરી તેના અલગ મહંત બની બેસી અને કેન્દ્રને નબળુ કરવા તથા તેની સાથે પ્રતિદ્વંદ્વિતા ઉભારવા પોતાના કોઈ પણ અનુયાયી તથા ઉત્તરાધિકારીને રોકી રહ્યા છે. યશલોલુપ અને વ્યક્તિગત મહત્વાકાંક્ષાઓથી ગ્રસ્ત વ્યક્તિ જ મોટે ભાગે આવા ઉપદ્રવ ઉભા કરે છે. જેનાથી સેવાનો આદર્શ ભૂલી વ્યક્તિ પોતાનો વ્યક્તિગત અહમ વધારવા લાગે છે. સાર્વજનિક જીવનનો એ જ અભિશાપ છે અને આની સાથે ટકરાઈ અનેક મહત્વપૂર્ણ સંગઠન તૂટી રહ્યા છે. તેથી અમે દેશમાં ફેલાયેલ પોતાના ઉત્તરાધિકારીઓને ખાસ કરીને ગાયત્રી તપોભૂમિ નિવાસિઓને આવું કુકૃત્ય ન કરવા ખૂબ આગ્રહ અને અનુરોધપૂર્વક રોકી દીધા છે.

ગાયત્રી તપોભૂમિની કાર્યકર્તા ટીમનું નેતૃત્વ કરવા માટે અમે શ્રી લીલાપત શર્મા ને નિયુક્ત કર્યા છે. તપોભૂમિની વ્યવસ્થા, શાખાઓ, સંગઠનો તથા ક્ષેત્રીય કાર્યક્રમોને પણ તે જ સંભાળશે. તેમને અમારા પ્રતિનિધિ માનશો. આ નિર્ણય અમે બહુ સમજી વિચારીને કર્યા છે. અમને આશા છે કે સર્વત્ર તેમને મોટા ભાઈની માફક અમારા સંગઠનાત્મક ઉત્તરાધિકારીની જેમ જ સ્વીકારશો અને વ્યવસ્થાપૂર્ણ અનુશાસન રાખવામાં આવશે

હજી જ્ઞાનયજ્ઞનું પ્રથમ ચરણ જ ચાલી રહ્યું છે. એ આધારે પ્રભાવ ક્ષેત્ર વધારવા અને કાર્યકર્તા સહયોગી ઉત્પન્ન કરવા આરંભિક પ્રયોજન પૂરું કરવામાં આવી રહ્યું છે. થોડી મજબૂતાઈ આવતા જ બીજા રચનાત્મક અને સંઘર્ષાત્મક કાર્ય હાથમાં લેવાશે.

**આ બધી યોજનાનું સંચાલન ગાયત્રી તપોભૂમિથી જ થશે અને દેશવ્યાપી અમારા પરિજન તેને પૂરે-પૂરો સહયોગ કરશે અને એ આશા અને વિશ્વાસ લઈ આશ્વાસન આપતા જઈએ છીએ કે આગળ દિવસોમાં નવ નિર્માણનો પુણ્ય પ્રયાસ ઘટશે નહીં વધશે જ. ગાયત્રી તપોભૂમિ યુગ નિર્માણ યોજના કેન્દ્ર અમારી પ્રગટાવેલ મશાલને ભવિષ્યમાં આપણાથી સારી રીતે પ્રજ્જ્વલિત રાખવામાં સમર્થ થશે. આ ઈશ્વરીય પ્રયોજન પાછળ ભગવાનના આપણા ગુરૂદેવના તથા ઉત્તરાધિકારીઓના ભાવભર્યા પુરૂષાર્થનું જે પ્રચંડ બળ છે, તે એને પડવા કે ઘટવા નહીં દે. અભિયાન ગતિશીલ હશે અને વિશ્વ માનવના ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવામાં ઐતિહાસિક ભૂમિકા પ્રસ્તુત કરશે.**

પરમ પૂજ્ય ગુરુદેવે જાન્યુઆરી ૧૯૮૮માં "યુગ ચેતનાને વ્યાપક બનાવવાનો પ્રયત્ન" લેખમાં પૃષ્ઠ ક્રમાંક ૧૪ થી ૧૬ સુધી લખ્યું છે. તેના કેટલાક અંશ આ પ્રમાણે છે." સર્વ સુલભ સસ્તા ભાવે યુગ સાહિત્ય પ્રકાશિત કરવામાં આવે. માત્ર હિંદીમાં જ નહીં દેશની અન્ય ભાષાઓમાં પણ, જેનાથી ક્ષેત્રના વિશેષ લોકો જ નહીં સંપૂર્ણ દેશના લોકોને લાભ મળશે.

આ કાર્ય મથુરા સંચાલિત યુગ નિર્માણ યોજનાએ સંભાળ્યું છે. તે ગાયત્રી તપોભૂમિ મથુરામાં સમાયેલ છે. પોતાનું આગવું પ્રેસ પણ એવું છે જે પોતાના પ્રકાશનની મુદ્રણ વ્યવસ્થા સ્વયં કરી શકે.

યુગ સાહિત્યનું લેખન સૃજન તે કલમથી થઈ જાય છે. જે અખંડ જ્યોતિને પાછલા ૫૦ વર્ષોથી લખતી રહી છે. એ કહેવું નહિં પડે કે સાહિત્ય નહીં પરંતુ જીવંત યુગ ચેતના છે. જેને યુગ નિર્માણ યોજના ગાયત્રી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તપોભૂમિ મથુરા દ્વારા નિરંતર પ્રકાશિત અને પ્રસારિત કરી રહ્યા છે. વિવેચન્ સંપાદન અને માર્ગદર્શન જન-જન માટે યુગ સાહિત્ય દ્વારા જ મેળવી શકાય છે. મુખ્ય જવાબદારી ગાયત્રી તપોભૂમિ મથુરાને જ સોંપવામાં આવી છે. તેનો નિર્વાહ તે સારી રીતે કરે છે.

અખંડ જ્યોતિ જાન્યુઆરી ૧૯૭૧માં પૃષ્ઠ ૫૬ પર લખ્યું છે કે-

"ગાયત્રી તપોભૂમિમાં એક એવી ટીમ છે, જે અમારા સંગઠનાત્મક, પ્રચારાત્મક, રચનાત્મક, સંઘર્ષાત્મક મોર્ચા પર સમર્થ ચતુરંગિણીની માફક લડતી રહેશે."

નવ નિર્માણની લાલ મશાલમાં અમે પોતાનું પૂરે પૂરું તેલ ટપકાવી તેને પ્રકાશવાન રાખી છે. હવે પરિજનોની જવાબદારી છે કે તે તેને પ્રજ્જ્વલિત રાખવા માટે અમારી માફક પોતાના અસ્તિત્વના સારતત્વને ટપકાવે. પરિજનો! બસ આ જ કર્તવ્ય-જવાબદારી છોડી એ આશા સાથે અમે વિદાય લઈ રહ્યા છીએ કે મહાનતાની દિશામાં પગલું વધારવાની પ્રવૃત્તિ પોતાના પરિજનોમાં ઘટશે નહિં વધશે.

અખંડ જ્યોતિ ઓગષ્ટ ૧૯૫૩માં પૃષ્ઠ ૨૯ પર પૂજ્ય ગુરુદેવે લખ્યું છે કે-

**"ગાયત્રી તપોભૂમિનું નિર્માણ પણ એક એવી ઘટના છે જેને મોટામાં મોટા રચનાત્મક કાર્યોથી ઓછું મહત્વ ન આપી શકાય. આ તીર્થનું સ્થૂળ રૂપ બહુ સાધારણ છે. મકાન અને પ્રદર્શનની દૃષ્ટિએ તેનું કોઈ મોટું મહત્વ નથી, પણ એની સાથે સૂક્ષ્મ શૃંખલા સુસંબધ્ધ છે."**

અખંડ જ્યોતિ જાન્યુઆરી ૧૯૬૯ પૃષ્ઠ ૬૫ પર પૂજ્ય ગુરુદેવે લખ્યું છે કે અખંડ જ્યોતિ પ્રેસના બધા મશીનો ગાયત્રી તપોભૂમિને આપી દીધા, હવે કેવળ સાહિત્ય રહ્યું છે જે પોતાના જતા પહેલા તેને પણ ગાયત્રી તપોભૂમિને આપી દેશે. ઉપરોક્ત લખેલ અનુસાર પૂજ્ય ગુરુદેવ બધુ અખંડ જ્યોતિ પ્રકાશન સાહિત્ય સન્ ૧૯૭૧માં વિદાય સમયે યુગ નિર્માણ યોજના, મથુરાને આપી ગયા હતા. સન્ ૧૯૭૧માં યુગ નિર્માણ યોજના ટ્રસ્ટની સ્થાપના કરી તેના અંતર્ગત પ્રકાશન તથા પ્રચાર-પ્રસાર વિચારક્રાંતિ અભિયાનના અંતર્ગત બધા કાર્યક્રમ સંચાલિત છે.

અખંડ જ્યોતિ સપ્ટેમ્બર ૧૯૬૯માં પૂજ્ય ગુરુદેવે લખ્યું છે કે "અમે ભાગ્યશાળી છીએ જે સસ્તામાં પતી રહ્યું છે. આગળ વધુ મોટા-મોટા કામ, ત્યાગ, બલિદાન કરવા પડશે. આપણા પર જ્ઞાનયજ્ઞની સમિધા દાન અને આજ્યાહુતિ હોમ જ પ્રથમ ચરણમાં આવ્યા છે. આકાશને સ્પર્શનારી જ્વાળાઓમાં આહુતિઓ આગળના લોકો આપશે. આપણે પ્રચાર અને પ્રસારની ન ગણાય એવી પ્રક્રિયાઓ પૂરી કરી સસ્તામાં છૂટી ગયા. રચનાત્મક અને સંઘર્ષાત્મક અભિયાનોનો બોજ તો આગળના લોકો પર પડશે. કોઈ પ્રબુધ્ધ વ્યક્તિ નવ-નિર્માણના આ મહાભારતમાં ભાગીદાર બન્યા વગર બચી નહીં શકે. આ સ્તરના લોકો કૃપણતા વર્તશે તો તેમને બહુ મોંઘું પડશે. લડાઈના મેદાનમાં બહાર ઉભા રહેનાર ભાગેડું સૈનિકોની જે દુર્દશા થાય છે, આપણી પણ તેનાથી ઓછી નહીં થાય. લાંબા સમય પછી યુગ પરિવર્તનની પુનરાવૃત્તિ થઈ રહી છે. પરિજન એકાંતમાં બેસી પોતાની વસ્તુ સ્થિતિ પર વિચાર કરે, તે જીવ જંતુ માફક ભોગ વિલાસ માટે નથી જન્મ્યા. તેમની પાસે જે આધ્યાત્મિક સંપદા છે, તે નિષ્પ્રયાજન માટે નથી. હવે તેને જરૂરી કામમાં ઉપયોગ કરવાનો સમય આવી ગયો છે, જેથી તેના માટે અગ્રેસર થવું જ જોઈએ."

**અમારા જીવનનો અંતિમ અધ્યાય ચાલી રહ્યો છે. ૮૮ વર્ષ થઈ ગયા. પૂજ્ય ગુરૂદેવ દ્વારા લખેલ વિચાર તમારા સમક્ષ એટલા માટે પ્રકાશિત કરવા પડયા કે કેટલાક પરિજન ભ્રમ ફેલાવવામાં પોતાનું કર્તવ્ય સમજે છે. તેમણે સારી રીતે સમજી લેવું જોઈએ કે પ્રચારાત્મક, રચનાત્મક, સંઘર્ષાત્મક તથા જ્ઞાનયજ્ઞની જવાબદારી પૂજ્યવરે ગાયત્રી તપોભૂમિને સોંપી છે. તેના નિર્વાહમાં ગાયત્રી તપોભૂમિથી અનેક યોજનાઓ ચાલી રહી છે. તેમાં સહયોગ કરવાનો બધા પરિજનોને ગુરૂદેવનો નિર્દેશ છે. આશા છે પરિજન પૂજ્યવરના અપરિવર્તનશીલ આદેશનું પાલન કરશે અને દુરાગ્રહ, દુર્ભાવનાનો ત્યાગ કરી આ યોજનાઓમાં પૂરો સહયોગ કરશે. પૂજ્ય ગુરૂદેવ દ્વારા સ્થાપિત અખંડ જ્યોતિ સંસ્થાન, ગાયત્રી તપોભૂમિ, શાંતિકુંજ, બ્રહ્મવર્ચસ, આંવલખેડા, ગાયત્રી જ્ઞાનપીઠ, બધી સંસ્થાઓ પૂજ્ય ગુરૂદેવનું જ અંગ છે. એમાં પૃથકતા લાવવી આપણો ફક્ત ભ્રમ જ છે. કાર્ય સંચાલન વ્યવસ્થા અનુસાર સંસ્થાઓ બનેલી છે. અલગ-અલગ ટ્રસ્ટ હોવાથી સંચાલન અલગ-અલગ થાય છે, પરંતુ બધાનું લક્ષ્ય**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**પૂજ્ય ગુરૂદેવના સંકલ્પની પૂર્તિ મનુષ્યમાં દેવત્વ, ધરતી પર સ્વર્ગ અવતરણ, યુગ નિર્માણ યોજનાને સફળ બનાવવાનું જ છે.**

પૂજ્ય ગુરૂદેવે અખંડ જ્યોતિ માર્ચ ૧૯૮૦ પૃષ્ઠ ૫૭ પર લખ્યું છે કે "એ તથ્યને હજાર વાર સમજવું અને અપનાવવું જોઈએ કે આપણે હળીમળીને જ મહાન લક્ષ્યની પૂર્તિ કરવામાં સમર્થ થઈ શકીશું. મોટી મોટી મહત્વાકાંક્ષા રાખી, અલગ શ્રેય મેળવવાની લાલસા મેળવવાની ક્ષુદ્રતા કોઈએ પણ અપનાવવી ન જોઈએ. દેવ પરિજનોએ વ્યક્તિગત મહત્વાકાંક્ષાથી બચીને દૂરદર્શિતા અપનાવવી જોઈએ. અનુશાસિત સૈન્યબળની જેમ સૃજન કાર્યોમાં લાગી જવું જોઈએ. સ્ત્રોત (વહેણ) સાથે જોડાયેલ રહેવાથી પ્રવાહમાં ગતિ તથા તાજગી રહેશે. યુગ નિર્માણના પ્રસ્તુત કેંદ્ર સૂત્રો સાથે જેટલી સઘનતા જોડાશે, એટલું જ અધિક નક્કર (મજબૂત) તથા પ્રભાવી પ્રતિફળ ઉત્પન્ન થશે. આ તથ્ય ગંભીરતાપૂર્વક સમજીને અપનાવવું પણ જોઈએ. એમાં જ પ્રયાસની સફળતા અને સાર્થકતા સમાયેલી છે. વેરવિખેરમાં કોઈને કશું જ નહીં મળે."

પરમ પૂજ્ય ગુરૂદેવે અખંડ જ્યોતિ ઓગષ્ટ ૧૯૬૫ના પૃષ્ઠ ૪૫ પર લખ્યું છે કે "યુગ પરિવર્તનના અમારા મહાન અભિયાનની સફળતા એક વાત પર નિર્ભર છે કે જન સાધારણની વર્તમાન વિચારધારા બદલવામાં આપણે કેટલી હદ સુધી સફળ થઈએ છીએ. વિચારોમાં યોગ્ય પરિવર્તન થયા વગર જેમ તેમ કરીને સારા કાર્યોના પ્રચલનનો પ્રયત્ન થઈ શકે છે, પણ તેનું પરિણામ ક્ષણિક તથા પ્રદર્શન જ હોય છે."

કેટલીક સંસ્થાઓમાં કામ કરનારા મોટા ભાગના પોતાના થોડા શ્રમથી વધુ પ્રતિષ્ઠા અને વધુ આજીવિકા કમાવવા માટે આવે છે. તેનાથી તે લાભદાયક પદોને પોતાના માટે સુરક્ષિત રાખવા માંગે છે. બીજા માટે જગ્યા ખાલી નથી કરતા. આ વાતના લીધે અલગ અલગ જૂથ થઈ સંસ્થાઓ નષ્ટ થતી જાય છે. ધર્મ અને પરમાર્થનું આવરણ ઓઢી અગણિત વ્યક્તિ પોતાનો હેતુ સીધો કરે છે અને ભોળી જનતાને લૂંટતા રહે છે. બહારથી જોવામાં તેમનો કાર્યક્રમ ધર્મયુક્ત લોકસેવા જેવો લાગે છે, પણ વાસ્તવિકતા પારખતા પોલ સ્પષ્ટ જણાઈ આવે છે.

ભારતનું પ્રાચીન ગૌરવ અને વર્ચસ્વ ફરી પાછું લાવવું હોય તો તે સમય જેવી ઉચ્ચ વિચારધારા ને જ વ્યાપક બનાવવી પડશે. આપણો મુખ્ય કાર્યક્રમ આ છે. તેને વિચારક્રાંતિ, હૃદય પરિવર્તન આંદોલન જે કંઈ પણ નામ આપવામાં આવે, આપણું પ્રયોજન આ છે.

પરમ પૂજ્ય ગુરુદેવે અખંડ જ્યોતિ ઓગષ્ટ ૧૯૬૬માં લખ્યું છે કે "યુગ નિર્માણ યોજનાનાં (ઉદ્દેશ્યને) પ્રયોજનને સાધારણ મનોભૂમિના હલકા, સ્વાર્થી, કાયર, આછકલા, નબળી પ્રકૃતિના લોકો પૂરું નહીં કરી શકે. એના માટે સમર્થ, તેજસ્વી આત્માઓ અવતરશે અને તે જ આ કાર્યને પૂરું કરશે."

જે અમારી વાત તો સાંભળી શકે છે, પણ બતાવેલ માર્ગ પર ચાલવા માટે સહેજ પણ તૈયાર નથી તેમની સાથે ગૂંચવાયેલા રહેવું એના કરતાં હવે અમારે એવા લોકો સાથે જે કંઈક કામ કરવા લાયક શ્રધ્ધા અને આત્મીયતા અમારા પ્રત્યે ઉત્પન્ન કરી ચૂક્યા છે.

પૂજ્ય ગુરૂદેવે ઓગષ્ટ ૧૯૬૬માં લખ્યું છે કે "પહેલાનું લક્ષ્ય હવે પૂરું થવા જઈ રહ્યું છે. પ્રચારાત્મક સ્થૂળ જગતના ક્રિયાકર્મ હવે અમે સમેટી લઈશું અને મજબૂત હાથો અને ખભાઓને તે પરંપરા સોંપીશું. આગળના દિવસોમાં તેને વ્યવસ્થામાં લગાવવાના છે. કાર્યોને વધારવાનું નથી, સમેટવાનુ છે. જે કાર્યનો આરંભ કર્યો છે, તેને વ્યવસ્થિત રીતે ચલાવવાની વ્યવસ્થા બનાવવાની છે. ભલે તે થોડી અથવા સીમિત જ કેમ ન હોય ? આ સંદર્ભમાં એ યોગ્ય લાગ્યું કે યોગ્ય વ્યક્તિ જ આગળના દિવસોમાં અમારા સાથી-સહચરના રૂપમાં રહી જાય, બાકીની ભીડ અલગ થઈ જાય."

પરમ પૂજ્ય ગુરૂદેવે લખ્યું છે કે "યુગ પરિવર્તનનું કાર્ય મહાન, તેજસ્વી, મનસ્વી તથા તપસ્વી આત્માઓ દ્વારા જ સંભવશે. આપણે નાનો એવો ત્યાગ-બલિદાનનો પ્રસંગ આવતા હાથ ઉંચા કરીએ તો આટલું મોટું કામ કરવા યોગ્ય નથી. જે માટીના આપણે બન્યા છીએ તે નબળી અને રેતાળ છે. કોઈ ટકાઉ ચીજ એનાથી કેવી રીતે બની શકે ? જે એક-બે માળા જપ કરી ત્રણે લોકની રિધ્ધિ-સિધ્ધિ મેળવવાની આશા લગાવતા રહે છે અને જીવન તથા પરમાર્થની વાત સાંભળતા જ સ્તબ્ધ થઈ જાય છે. એવા અધૂરા લોકો આધ્યાત્મિક ક, ખ, ગ, ઘ પણ નથી જાણતા. આત્મબળ તો તેની પાસે હશે જ ક્યાંથી ? જેની પાસે આત્મબળ નથી, તે યુગ પરિવર્તનની ભૂમિકામાં કોઈ કહેવા લાયક યોગદાન પણ કેવી રીતે આપી શકશે ?"



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પૂજ્ય ગુરૂદેવે ઓક્ટોબર ૧૯૬૬માં લખ્યું છે કે "અમે ઈચ્છા રાખીએ કે માળા જપનાર લોકો અમારા શરીરને નહીં વિચારોને પ્રેમ કરે. સ્વાધ્યાયશીલ બનો, મનન ચિંતન કરો. પોતાના ભાવનાત્મક સ્તરને ઊંચો ઉઠાવો અને ઉચ્ચ માનવ નિર્માણ કરી ભારતીય સમાજને દેવસમાજના રૂપમાં ફેરવી અમારા ઉદ્દેશ્યને પૂરો કરો, પણ તેવું ન થઈ શકયું. મોટા ભાગે લોક ચમત્કારવાદી નીકળ્યા. તે ન તો આત્મ નિર્માણ પર વિશ્વાસ કરી શકશે કે ન લોક-નિર્માણમાં. આધ્યાત્મિક વ્યક્તિઓની જે જવાબદારી હોય છે તેને અનુભવી ન શકયા. અમે દરેક પરિજનને વારે-વારે પોતાનું પ્રયોજન કહેતા રહ્યા પણ તેને બહુ ઓછા લોકોએ સાંભળ્યું ને સમજ્યા. મંત્રનો જાદુ જોવા માટે તરસતા રહે. અમે તેમાંથી કામના માનવી જોતા રહ્યા. મનોકામના પૂર્ણ કરવાની જંજાળ પોતાના કે ગાયત્રી માતાના ગળે બાંધવાનો અમારો ઉદ્દેશ્ય કદી ન હતો. ઉપાસનાની વૈજ્ઞાનિક વિધિ-વ્યવસ્થા અપનાવી આત્મોન્નતિના પથ પર ક્રમબધ્ધ રીતે આગળ વધતા જવું એ અમને પોતાના સ્વજનો-પરિજનોથી આશા હતી, પણ તે કઠણ દેખાતા કામને ઝંઝટ સમજી કતરાતા રહ્યા. એવા લોકોથી અમારું પ્રયોજન શું પૂરું થશે."

જે પૂ. ગુરૂદેવના વિચારોને વાંચે તો છે પણ તેને ગળામાં ઉતારતા નથી. તેમને વ્યાવહારિક જીવનમાં સ્થાન આપવા નથી માંગતા. એવો લોકો પાસે કોઈ મોટી આશા કેવી રીતે રખાય. અમારે કર્મઠ અને પ્રબુધ્ધ સાથી જોઈએ. એવા જે યુગ નિર્માણની ભૂમિકા પ્રસ્તુત કરવા માટે પોતાના તુચ્છ સ્વાર્થોની ઉપેક્ષા, અવહેલના કરે. જે પોતાની અંગત સમસ્યાઓમાં ગૂંચવાયેલા રહીને જિંદગી વ્યતીત કરવાની વ્યર્થતા અને ભારતીય આદર્શો માટે કંઈક ત્યાગ અને બલિદાનની ભાવના પોતાના અંદર ઉદ્ભવી શકે.

પૂજ્ય ગુરૂદેવની વ્યથા વેદના જ આપણી વેદના છે. એટલા માટે મહાપૂર્ણાહુતિ વર્ષમાં અમારા બધા સહયોગીઓ તથા પ્રાણવાન સમર્થ પરિજનો, શક્તિપીઠ, શાખા સંચાલકો, બધા સક્રિય ભાઈ-બહેનોને હાર્દિક અનુરોધ છે કે જ્ઞાનયજ્ઞ માટે પોતાની પૂરી શક્તિ, ધન, યોગ્યતા, શ્રમ લગાવવામાં પાછળ ના રહે. યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના માધ્યમથી પૂજ્ય ગુરૂદેવની અભિલાષાઓ કઈ-કઈ હતી, યુગ પરિવર્તન માટે અમારે શું કરવાનું છે ? આ બધી જાણકારીઓ પૂજ્ય ગુરૂદેવની પ્રેરણા તથા વાણીથી આગામી અંકોમાં આપતા રહીશું. આ વર્ષે વધુમાં વધુ સદસ્ય બનાવવામાં લાગી જશો.

અખંડ જ્યોતિ તથા યુગ શક્તિ ગાયત્રી સંબંધે એક વાર એ રીતે સમજી લેવું જરૂરી છે કે મિશનના બંને સંકલ્પોને પૂરા કરવા માટે ચિંતન તથા વ્યવહારનો ઢાંચો ઉભો કરે અને તેને ક્રિયાશીલ કરવા માટે પ્રતિભાઓને આગળ લાવે તથા સાધન એકત્રીત કરવાની જવાબદારી નિભાવે. બંને સંકલ્પ બધાની જાણમાં છે.

(૧) મનુષ્યમાં દેવત્વનો ઉદય એટલે કે વ્યક્તિત્વોનું આદર્શવાદી નિર્માણ.

(૨) ધરતી પર સ્વર્ગનું અવતરણ એટલે કે ક્ષમતાઓ અને સંપદાઓનું માત્ર સત્પ્રયોજનો માટે નિયોજન.

વિશેષજ્ઞો અત્યાર સુધી આ સંદર્ભમાં ગંભીરતાપૂર્વક વિચારશે નહીં તો કોઈ માર્ગ પણ નહીં નીકળે. હવે જ્યારે કે આ ઉપેક્ષિત લક્ષ્યને વિકસાવવા, નિખારવાની વાત હાથમાં લેવાય તો આ સંશોધન ઉત્પત્તિના યુગમાં તેનો માર્ગ પણ નીકળશે જ. "અધ્યાત્મ" એટલે દેવ, વિજ્ઞાન એટલે દૈત્ય બંનેના સહયોગથી કયારેક સમુદ્રમંથન થયું હતું અને ચૌદ રત્ન નીકળ્યા હતા. અખંડ જ્યોતિ અને યુગ શક્તિ ગાયત્રી બંને એકબીજાની પૂરક છે. બંનેમાં ગુરુજીની વાણી સમાયેલી છે.

પૂજ્ય ગુરૂદેવે અખંડ જ્યોતિ જાન્યુઆરી ૧૯૬૪માં પૃષ્ઠ ૫૭ પર લખ્યું છે કે "ધર્મ તથા આધ્યાત્મિકતાના પ્રવચનકર્તા તથા લેખક સ્વયં પણ પોતાની કથનીની અપેક્ષાએ કરનીમાં બહુ પાછળ રહે છે. કેટલીકવાર તો તેમનું આચરણ વિરુધ્ધ જોવા મળે. જો ધર્મને વ્યાવહારિક રૂપ ધારણ કરતાં જોવો હોય તો એવા સંસ્કારવાન વ્યક્તિઓનું નિર્માણ કરવું પડશે, જે આપણી માફક ધર્મને સાંભળી. સમજીને સંતુષ્ટ ન થાય પરંતુ તેને કાર્યશીલ કરવા માટે મહત્વપૂર્ણ પગલું ભરવાની ક્ષમતા પણ રાખતા હોય."

**હવે યુગની રચના માટે એવી વ્યક્તિઓની જરૂર છે, જે વાચાળતા તથા પ્રચારથી દૂર રહી પોતાના જીવનને પ્રખર તથા તેજસ્વી બનાવી અનુકરણીય આદર્શ ઉપસ્થિત કરે.**

સમસ્યાઓનો મુકાબલો કરતા કરતા સદ્ઉદ્દેશ્ય તરફ ધૈર્ય અને નિષ્ઠાપૂર્વક આગળ વધવું મનસ્વી લોકોનું કામ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. કાયર મનુષ્ય પાંચ-દસ પગલાં ચાલતા જ ડગમગી જાય છે. કોઈના દ્વારા આવેશ કે ઉત્સાહ ઉત્પન્ન કરવાથી થોડો સમય શ્રેષ્ઠતાના માર્ગે ચાલે છે, પણ આળસ, પ્રલોભન કે મુશ્કેલીનો નાનો-મોટો અવસર આવતા તરત જ ઢળી પડે છે. આદર્શવાદ પર ચાલવાનો મનોભાવ જોત-જોતામાં અસ્તવ્યસ્ત થઈ જાય છે. આવા લોકો ન તો પોતાનો વિકાસ કરી શકે છે અને ન તો શાંતિપૂર્ણ સજ્જનતાની જિંદગી જીવી શકે છે તો પછી તેમનાથી યોગ્ય ઉચ્ચ ચરિત્ર ઉત્પન્ન કરવાની આશા કેવી રીતે કરાય.

આદર્શ વ્યક્તિત્વો વગર દિવ્ય સમાજની ભવ્ય રચનાનું સ્વપ્ન સાકાર કેવી રીતે થશે ? મોટી મોટી વાતો કરનારા ઉપદેશ કુશળ લોકો દ્વારા આ કાર્ય જો થઈ શકતું હોત તો તે બહુ પહેલેથી થઈ ચૂકયું હોત. જરૂરત એ લોકોની છે જે આધ્યાત્મિક આદર્શોની પ્રગતિને જીવનની સૌથી મોટી સફળતા અનુભવે અને પોતાની આસ્થાની સચ્ચાઈ પ્રમાણિત કરવા માટે મોટામાં મોટી પરીક્ષાનું ઉત્સાહપૂર્ણ સ્વાગત કરે.

મહાપૂર્ણાહુતિના અવસરે વિભૂતિઓની શોધ કરવાની છે. વ્યક્તિત્વ નિર્માણનું કાર્ય સાધના, સ્વાધ્યાય, સંયમ, સેવાથી જ થઈ શકે. પૂજ્ય ગુરૂદેવે ઉપાસના, સાધના, આરાધના ત્રણ માધ્યમ જ વ્યક્તિ નિર્માણ માટે બતાવ્યા છે. ઉપરોક્ત વિચારધારા દરેક વ્યક્તિમાં લાવવા માટે પૂજ્ય ગુરૂદેવની વિચારધારા જન-જન સુધી પહોંચાડવી જ આ યુગની મહાન સેવા છે. પૂજ્ય ગુરૂદેવે લખ્યું છે કે નવયુગ જો આવશે તો વિચાર દ્વારા જ ક્રાંતિ થશે તો વિચારોની વિચારોથી કાપકૂપ દ્વારા થશે. સમાજનું નવ નિર્માણ થશે તો તે સદ્‌વિચારોની પ્રતિષ્ઠાપના દ્વારા સંભવશે. અત્યાર સુધી જેટલી મલીનતા સમાજમાં પ્રવેશી છે તે બુધ્ધિમાનોના માધ્યમથી થઈ છે. દ્વેષ, કલહ, જાતિવાદ, વ્યાપક નર સંહાર જેવા કાર્યોમાં બુધ્ધિમાનોએ જ અગ્રેસર ભૂમિકા નિભાવી છે. જો તે સન્માર્ગી હોત તો તેમના અંતઃકરણ પવિત્ર હોત. તપ ઊર્જાનું સારું બળ તેમને મળ્યું હોત તો તેમણે વિધેયાત્મક ચિંતન પ્રવાહને જન્મ આપ્યો હોત. સત્સાહિત્ય રચ્યું હોત. એવા આંદોલન ચલાવ્યા હોત.

સામર્થ્યવાન ધનવાનોને અનુરોધ છે કે તે પોતાના ધનનો સદુપયોગ જ્ઞાનયજ્ઞમાં ભામાશાહની માફક યુગ ચેતના સાહિત્ય પ્રકાશન, વિતરણમાં લગાવી માન-સન્માન પ્રાપ્ત કરી શકયા હોત. આ સમય ફરીને મળવાનો નથી. અમે અમારી જવાબદારી તથા જ્ઞાનયજ્ઞની મશાલ એવા જ પ્રાણવાન વ્યક્તિઓને સોંપી ગુરૂ ઋણથી મુક્ત થવા માંગીએ છીએ જેથી પૂજ્ય ગુરૂદેવ દ્વારા પ્રસારિત બધા કાર્યક્રમ વિચારશીલ પેઢી જ્ઞાનયજ્ઞની લાલ મશાલને સદૈવ પ્રજ્જ્વલિત રાખી શકે. મહાપૂર્ણાહુતિ અવસર પર અમે આ રીતે યુગ ચેતના જન જન સુધી પહોંચાડીશું. તમે બધાએ અત્યાર સુધી અમને આંતરિક ઉલ્લાસની સાથે તન, મન, ધનથી, પૂર્ણ મનોયોગથી સ્વયં સહયોગ આપી અન્ય સક્રિય સહયોગી બનાવ્યા છે. આ રીતે મહાપૂર્ણાહુતિના અવસરે જન-જન પાસે પૂજ્ય ગુરુદેવને વિચારો રૂપે પહોંચાડવા માટે દરેક પ્રકારે પ્રયાસ કરવામાં પાછળ નહિં રહો. એ જ સર્વે ભાઈ-બહેનો, નવ યુવકો, જાગ્રત આત્માઓ પાસેથી અમને આશા છે. તમે બધા અમારા અનુરોધને પોત-પોતાના સમીપવર્તી ક્ષેત્રોમાં જઈ વિચાર ગોષ્ઠીઓ કરી સંકલ્પ લેવા માટે પ્રેરિત કરશો. પોતાના દ્વારા લેવાયલ સંકલ્પોથી કરેલ પ્રયાસોની અમને જાણકારી આપતા રહેશો. પૂજ્ય ગુરૂદેવની અસીમ શક્તિઓ તમારી સાથે રહેશે. તમે બધા સફળતાનું શ્રેય પ્રાપ્ત કરવામાં સફળ બનો એવી ગાયત્રી માતાને અમારી પ્રાર્થના છે.

**-લીલાપત શર્મા**


**ફાર્મ-૪**

| | |
|---|---|
| ૧. પ્રકાશનનું સ્થાન | મથુરા |
| ૨. પ્રકાશનનો પ્રકાર | માસિક |
| ૩. મુદ્રકનું નામ | પં. લીલાપત શર્મા |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | યુગ નિર્માણ પ્રેસ, મથુરા |
| ૪. પ્રકાશકનું નામ | પં. લીલાપત શર્મા |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | યુગ નિર્માણ યોજના, મથુરા |
| ૫. સંપાદકનું નામ | પં. લીલાપત શર્મા |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | યુગ નિર્માણ યોજના, મથુરા |
| ૬. સત્વાધિકારી | યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા |

હુ લીલાપત શર્મા આથી જાહેર કરુ છું કે ઉપર આપેલી વિગતોવાળું નિવેદન મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચું છે.

સહી-લીલાપત શર્મા





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પરમપૂજ્ય ગુરુદેવની અમરવાણી જન-જન સુધી પહોંચાડવા પરિજનોએ ઉત્સાહપૂર્વક પ્રયાસ કરેલ છે. તેમને સંસ્થા તરફથી હાર્દિક અભિનંદન

**ધન્ય છે :**
**૩૦૦૦ થી વધુ યુગ શક્તિ ગાયત્રીના સભ્યો બનાવનાર શક્તિ કેન્દ્ર**
**ગોંડલ-ગાયત્રી પરિવાર શાખા**
**મહેસાણા-ગાયત્રી શક્તિપીઠ**

**૨૦૦૦ થી વધુ**
બીલીમોરા-ગાયત્રી શક્તિપીઠ
ડીસા-ગાયત્રી શક્તિપીઠ
વિસનગર-ગાયત્રી પ્રજ્ઞાપીઠ
કલોલ-ગાયત્રી શક્તિપીઠ
પાલનપુર-ગાયત્રી શક્તિપીઠ
ભાવનગર-હરિશંકર પંડયા
ઓઢવ-જ્ઞાનકુંજ શાખા
ઘોડાસર-પ્રવિણભાઈ પટેલ

**૧૦૦૦ થી વધુ**
અમરેલી-ગાયત્રી શક્તિપીઠ
માંડવી-સી. એસ. ગોર
નવસારી-ગાયત્રી શક્તિપીઠ
પાટણ-ગાયત્રી શક્તિપીઠ
ભાવનગર-યુગ નિર્માણ ગાયત્રી પરિવાર શાખા
મોરબી-નાનજીભાઈ પરમાર
ભૂજ-ભગવાનદાસ આહુજા
વલસાડ-ગાયત્રી પ્રજ્ઞા પરિવાર
રાંદેર-ઉપેન્દ્ર પટેલ
બાયડ-ગાયત્રી શક્તિપીઠ
રાજકોટ-ગાયત્રી શક્તિપીઠ
અમદાવાદ-ક્રાંતિકુંજ શાખા
ગાંધીનગર-ગાયત્રી શક્તિપીઠ
વિજાપુર-ગાયત્રી શક્તિપીઠ
નરોડા-શક્તિકુંજ શાખા શાંતિભાઈ

**૫૦૦ થી વધુ**
માંડવી-અમૃતભાઈ સી. મેરાઈ
સુરત-ગાયત્રી શક્તિપીઠ બાલાજી રોડ
રાધનપુર-ગાયત્રી શક્તિપીઠ
મોડાસા-ડૉ. મથુરભાઈ પટેલ
વડોદરા-એન. પી. નાયક
સુરત-ગાયત્રી શક્તિપીઠ ડભોલી
ઉંઝા-ગાયત્રી પરિવાર ટ્રસ્ટ
વ્યારા-ગાયત્રી શક્તિપીઠ
કોડીનાર-જમનાદાસ કાનાબાર
સરદાર કૃષિનગર-ગાયત્રી શક્તિપીઠ
છાપરા-રામભાઈ પટેલ
ધાનેરા-દલપતભાઈ આચાર્ય
હિંમતનગર-વિનુભાઈ પરમાર
અમલસાડ-ચંચળબેન ગાંધી
ધોળકા-ગાયત્રી પ્રજ્ઞાપીઠ
વડોદરા- ઈન્દ્રપુરી ગાયત્રી પરિવાર
રાણીપ-ગાયત્રી પ્રજ્ઞા મંદિર
જામજોધપુર-સી. જે. સાપરીયા
અમદાવાદ-શંકરભાઈ પટેલ
ગાંધીનગર-આર. એન. ભાવસાર
વડોદરા-ભાનુભાઈ પટેલ
ધમડાછા-ગાયત્રી પરિવાર શાખા
અમદાવાદ-બાબુભાઈ સી. પટેલ

**૨૫૦ થી વધુ**
ભાણવડ-અરવિંદભાઈ ગોરધનભાઈ
આદિત્યાણા-ના. રા. મોઢા
સારસા-ગાયત્રી શક્તિપીઠ
ખેતીવાડી- ગાયત્રી પરિવાર શાખા
લીંમડી-ડી. સી. નાયક
અતુલ-ગાયત્રી પરિવાર
રાણાવાવ-ગાયત્રી પ્રજ્ઞાપીઠ
આદિપુર-સી. એન. માણેક
ધરોઈ કોલોની-જયદેવ એમ. સુથાર
નડિયાદ-ચંદુલાલ મોહનલાલ પટેલ
જુનાગઢ-લક્ષ્મણભાઈ સી. ચુડાસમા
લાડોલ-રમેશચંદ્ર એન. સુખડીયા
હિંમતનગર-મંજુલાબેન મહેન્દ્રપ્રસાદ દિક્ષીત
વડોદરા-જ્યોતિબેન દિનેશભાઈ પુરોહિત
છોટાઉદેપુર-તુળજારામ આસોદરીયા
વડગામ-કરસનજી સોલંકી
સંતરામપુર-ગાયત્રી શક્તિપીઠ
સુરેન્દ્રનગર-ડી. પી. પરમાર
ગાંધીનગર-હેમંતકુમાર ત્રિવેદી
વડોદરા-કીરીટકુમાર પંડયા
વડોદરા-સુધાકરભાઈ ત્રિવેદી
વડોદરા-પ્રમોદભાઈ રાવલ
ભાભર-કાંતિલાલ ઠક્કર
બોટાદ-બી.આર. ધોળકીયા
ભરૂચ-ભૂપેન્દ્ર શ્રીરામ
વડોદરા-આર.સી. જોષી
પાલનપુર-પ્રવિણભાઈ પ્રજાપતિ
વડોદરા-અમૃતભાઈ પટેલ
વડોદરા-દત્તુપ્રસાદ પાઠક
વડોદરા-દેવદત્ત પ્રજાપતિ
કપડવંજ-જશુભાઈ પ્રજાપતિ
તલોદ-દિલીપકુમાર શાહ
બારડોલી-સન્મુખભાઈ પટેલ
અમદાવાદ-માધવ કૌતિક ઢાકે
ગારીયાધાર-ધનજીભાઈ પટેલ
જામનગર-હિંમતભાઈ મીસ્ત્રી
ચરાડા-પુંજીરામ પટેલ
મોર-ગાયત્રી પરિવાર
આણંદ-હર્ષિદાબેન ત્રિવેદી
જેતપુર-કાંતિલાલ દરસાડા
વડોદરા-રણછોડભાઈ દરજી
બેરાવળ-મંજુ
હારીજ-ગાયત્રી મંદિર
ભાવનગર-બાપાલાલ ચુડાસમા
કડી-અમૃતભાઈ પ્રજાપતિ
કડાણા-ગાયત્રી શક્તિપીઠ
વડોદરા-મહેશભાઈ વૈદ્ય
ગાંધીધામ-ગાયત્રી પરિવાર
કાલોલ-કાંતાબેન પટેલ
અમદાવાદ-જ્યોત્સનાબેન વ્યાસ
ઘોડાસર-બાબુભાઈ ડી. પટેલ
નરોડા-ગાયત્રી મહિલા મંડળ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.



આદરણીયા શૈલ દીદી યુગ ચેતના સાહિત્યનું વિમોચન કરી રહ્યા છે ૩-૨-૨૦૦૦



રાષ્ટ્ર જાગરણ તીર્થયાત્રા હેતુ કળશ પૂજન ગાયત્રી તપોભૂમિ, મથુરા માં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.